દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 277 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માર્ગશીર્ષ સુદ-૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 November 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૨૪ નવેમ્બર ૨૦૨૫ (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ‘સરહદો તો બદલાય, કાલે સિંધ ભારતમાંય હોય’

## સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની પાકિસ્તાનને ગર્ભિત ચેતવણી

નવી દિલ્હી : ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ભારતના સિંધ સાથેના સાંસ્કૃતિક નાતા અંગે લાક્ષણિક ટિપ્પણી કરી છે. તેમણે કહ્યું હતું કે સિંધ હવે પાકિસ્તાનનો ભાગ હોવા છતાં તેની સંસ્કૃતિનો ભારત સાથેનો નાતો અકબંધ છે અને ભવિષ્યમાં એને ફરી સ્થાપિત કરવામાં આવશે.

રાજનાથે વધુમાં કહ્યું હતું કે સરહદો બદલાય છે. કોને ખબર આવતી કાલે સિંધ પાછું ભારતમાં આવી જાય.

એક જાહેર ઈવેન્ટમાં બોલતાં રાજનાથે કહ્યું હતું કે સમયાંતરે રાજકીય સીમા બદલાઈ જાય છે, પરંતુ સાંસ્કૃતિક અસ્મિતા અને જૂનો વારસો જીયોપોલિટિક્સથી વિપરીત લાંબા સમય સુધી ટકી રહે છે.



તેમણે વધુમાં જણાવ્યું હતું કે આજે સિંધ ભારતનો ભાગ નથી, પરંતુ સભ્યતા અને સંસ્કૃતિની રીતે સિંધ હંમેશાં ભારતનો ભાગ રહેશે. રાજનાથે ભૂતપૂર્વ ગૃહપ્રધાન લાલકૃષ્ણ અડવાણીએ ૧૯૪૭ના ભાગલા વખતે વ્યકત કરેલી ભાવુક પ્રતિક્રિયાને યાદ કરી હતી.

તેમણે એવી નોંધ લીધી હતી કે અગણિત સિંધી હિન્દુઓ માટે તેમનું વતન જતું રહ્યું એ યાતનારૂપ છે કારણ કે તેઓ હજી પણ સિંધુ નદીના ધાર્મિક મહિમા સાથે જોડાયેલા છે. રાજનાથે કહ્યું હતું કે સિંધના અનેક મુસ્લિમો પણ માને છે કે સિંધનું જળ એ મક્કાના આબ-એ-ઝમઝમ જેટલું પવિત્ર છે. આ અડવાણીની ટિપ્પણી છે. ■



## અંતિમ સલામ

દુબઈ ઍર શોમાં શહીદ થયેલા વિંગ કમાન્ડર નમાંશ સયાલના પાર્થિવદેહને રવિવારે હિમાચલ પ્રદેશમાં તેમના પૈતૃક ઘરે લાવવામાં આવ્યો હતો. આ અગાઉ તેમના પાર્થિવદેહને કોઈમ્બતુર નજીકના એરફોર્સના બેઝ પર થોડા સમય માટે રાખવામાં આવ્યો હતો. તેમના મૃતદેહને જોઈને તેમની ઈન્ડિયન ઍર ફૉર્સમાં જ સેવા બજાવતી તેમની પત્ની વિંગ કમાન્ડર અફસાના અખ્તર રડી પડી હતી. ઍર ફોર્સમાં જ કાર્યરત વિંગ કમાન્ડર અફસાનાએ નમાંશના મૃતદેહને અંતિમ સૅલ્યુટ કરી હતી. ભારતીય વાયુસેનાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે સયાલના પાર્થિવદેહને વાયુસેનાના સધર્ન એર કમાન્ડમાં લઈ જવા માટે ભારતીય વાયુસેનાના સી-૧૩૦ વિમાનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. (એજન્સી)■

### ચંડીગઢ વહીવટીતંત્રનો વિવાદ

## કશું ફાઈનલ નથીઃ કેન્દ્રની સ્પષ્ટતા

### રાષ્ટ્રપતિને ચંડીગઢ માટેના કાયદા ઘડવાની સત્તા આપતા આર્ટિકલ ૨૪૦ના સુધારણા ખરડાને સંસદના શિયાળુ સત્રમાં નહીં રજૂ કરાય એમ ગૃહ મંત્રાલયે કહ્યું

નવી દિલ્હી/ચંડીગઢ : ચંડીગઢ વહીવટીતંત્રમાં ફેરફાર કરવાની હિલચાલની આલોચના થતી જોઈને કેન્દ્ર સરકારે રવિવારે ખુલાસો કર્યો હતો કે આ દરખાસ્ત પર અમે અંતિમ નિર્ણય લીધો નથી. કેન્દ્ર સરકારે ભારપૂર્વક જણાવ્યું હતું કે અમારો હેતુ કેન્દ્રશાસિત પ્રદેશ તથા પંજાબ અને હરિયાણા વચ્ચેની પારંપારિક વ્યવસ્થાને બદલવાનો નથી. કેન્દ્રના ચંડીગઢની હિલચાલ સામે પંજાબના વિવિધ પક્ષોએ વિરોધી સૂર વ્યક્ત કર્યો હતો. આમ આદમી પાર્ટીના નેશનલ કન્વીનર અરવિંદ કેજરીવાલે આવી હિલચાલને પંજાબના અસ્મિતા અને બંધારણીય અધિકાર પરનો ‘સીધો હુમલો’ ગણાવ્યો હતો.

કેન્દ્રના ગૃહ મંત્રાલયે રવિવારે કહ્યું હતું કે અમારી ઈચ્છા ચંડીગઢ સંબંધી ખરડો સંસદના શિયાળુ સત્રમાં લાવવાની નથી. આ ખરડો પસાર થાય

(જુઓ પાનું ૨) ▶▶

## કે.એલ. રાહુલ વન-ડે ટીમનો કૅપ્ટનઃ જાડેજા, પંત, ગાયકવાડના કમબૅક



મુંબઈઃ સિનિયર બૅટ્સમૅન અને વિકેટકીપર કે. એલ. રાહુલને સાઉથ આફ્રિકા સામે આગામી રવિવાર, ૩૦મી નવેમ્બરે શરૂ થનારી ત્રણ મૅચની વન-ડે શ્રેણી માટેની ટીમના નેતૃત્વની જવાબદારી સોંપવામાં આવી છે. રવીન્દ્ર જાડેજાએ આઠ મહિને વન-ડે ટીમમાં પુનરાગમન કર્યું છે. રિષભ પંતને ફરી વન-ડે ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે, પરંતુ છેલ્લા એક વર્ષમાં તે એક જ વન-ડે રમ્યો હોવાથી તેને સુકાન નથી સોંપાયું. રોહિત શર્મા અને વિરાટ કોહલી હવે માત્ર વન-ડે ફૉર્મેટમાં જ રમે છે અને તેમની હાજરીથી ટીમના યુવાન ખેલાડીઓને વધુ બળ મળશે. આ બે દિગ્ગજ નવ મહિને ઘરઆંગણે ફરી આંતરરાષ્ટ્રીય મૅચ રમતા જોવા મળશે.

વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકા વર્તમાન ટેસ્ટ-સિરીઝમાં ૧-૦થી આગળ હોવાથી ભારત આ શ્રેણી હારી શકે એવી સંભાવના વચ્ચે તેમની જ સામેની વન-ડે સિરીઝ વધુ રોમાંચક બની રહેશે. જસપ્રીત બુમરાહ તથા મોહમ્મદ સિરાજને આરામ આપવામાં આવ્યો છે, જ્યારે પેસ બોલિંગની જવાબદારી અર્શદીપ સિંહ, પ્રસિદ્ધ ક્રિષ્ના, હર્ષિત રાણા

(જુઓ પાનું ૨) ▶▶

## સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી પરિષદમાં સુધારા અનિવાર્યઃ મોદી

જોહનિસબર્ગ (દક્ષિણ આફ્રિકા) : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કહ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી સમિતિમાં સુધારા હવે વિકલ્પ નહીં પરંતુ જરૂરિયાત બની ગયા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાની ત્રિપુટીએ વૈશ્વિક વહીવટની સંસ્થાઓને આવો સ્પષ્ટ સંદેશો આપવો જોઈએ.

ઈન્ડિયા-બ્રઝિલ-સાઉથ આફ્રિકા (આઈબીએસએ)ના નેતાઓની શિખર પરિષદને સંબોધિત કરતા મોદીએ કહ્યું હતું કે જ્યારે આખું વિશ્વ વિભાજિત માલૂમ પડે છે ત્યારે આઈબીએસએ એકતા, સહકાર અન માનવતાનો સંદેશો આપી શકે. તેમણે ત્રણેયે દેશ વચ્ચે સુરક્ષા સહકાર મજબૂત કરવા આઈબીએસએના રાષ્ટ્રીય સુરક્ષા અધિકારી સ્તરની બેઠકની હિમાયત કરી હતી. આતંકવાદ સામેની લડાઈમાં આપણે ગાઢ સહકાર સ્થાપવા આગળ વધવું જોઈએ. આવા ગંભીર મુદ્દા પર કોઈ બેવડા ધોરણ ન હોઈ શકે.

આ શિખર પરિષદમાં દક્ષિણ આફ્રિકાના પ્રમુખ સિરિલ રામફોસા અને બ્રાઝિલના પ્રમુખ લુઈઝ ઈનાસિયો લુલા ડા સિલ્વાએ હાજરી આપી હતી. માનવકેન્દ્રિત વિકાસમાં ટેક્નોલોજીના મહત્ત્વની ભૂમિકા પર ભાર મૂકતા મોદીએ કહ્યું હતું કે આઈબીએસએ ડિજિટલ ઈનોવેશન જોડાણની રચના કરવાની દરખાસ્ત મૂકી હતી. જેથી યુપીઆઈ, કોવિન જેવા હેલ્થ પ્લેટફોર્મ,

(જુઓ પાનું ૨) ▶▶



**હરિફાઈ:** છત્તીસગઢના બસ્તરમાં લાંબા કૂદકાની સ્પર્ધામાં ખેલાડી છલાંગ મારી રહ્યો હતો. (પીટીઆઈ)

## જંગલ રાજનો ડર ને ‘અદૃશ્ય’ શક્તિઓને લીધેઃ બિહારમાં હાર મળીઃ પ્રશાંત કિશોર

પટણાઃ બિહાર વિધાનસભા ચૂંટણીમાં પોતાની જન સુરાજ પાર્ટીની કારમી હાર બાદ તેના સ્થાપક અને જાણીતા ચૂંટણી રણનીતિકારમાંથી નેતા બનેલા પ્રશાંત કિશોરે પહેલીવાર નિવેદન આપ્યું છે. એક મીડિયા ટીવી સાથેની વાતચીતમાં તેમણે સ્વીકાર્યું કે આ ચૂંટણીમાં કંઈક ખોટું થયું છે. તેમણે એવો દાવો કર્યો છે કે તેમના પ્રચારને જે પ્રતિસાદ મળ્યો હતો, તે મતદાનના સાથે મેળ ખાતો નથી. તેમણે હાર પાછળ બિન-પારદર્શી પૈસાની વહેંચણી અને લાલુ યાદવના જંગલરાજનો ડર જેવા મુખ્ય પરિબળો ગણાવ્યાં છે. જોકે, તેમણે સ્વીકાર્યું કે તેમની પાસે હાલમાં આના કોઈ નક્કર પુરાવા નથી.

જન સુરાજ પાર્ટીને આ ચૂંટણીમાં એક પણ બેઠક મળી નથી, જેના પગલે તેમણે હારના કારણોની ગંભીર સમીક્ષા કરી. પ્રશાંત કિશોરે સૌથી મોટો આરોપ એ મૂક્યો કે ચૂંટણી ઇતિહાસમાં પહેલીવાર મતદાનના ઠીક પહેલાં ૫૦ હજાર મહિલાઓને (જીવિકા દીદી યોજના અંતર્ગત) રોકડ રકમ મોકલવામાં આવી. તેમણે દાવો કર્યો કે એનડીએ દ્વારા મહિલાઓને ૧૦,૦૦૦ હજાર રોકડા આપવામાં આવ્યા હતા અને તેમને કહેવામાં આવ્યું હતું કે આ બે લાખ રૂપિયાના કુલ પેકેજનો પ્રથમ હપ્તો છે અને જો તેઓ નીતીશ કુમાર અને એનડીએને મત આપશે તો જ બાકીની રકમ મળશે. પીકેના મતે, આ પૈસાની વહેંચણીની પ્રક્રિયાએ નિર્ણાયક રીતે મતદાનને પ્રભાવિત કર્યું છે.

તેમણે હાર માટે લાલુ ફેક્ટરને પણ જવાબદાર ગણાવ્યું. તેમનો બીજો મુખ્ય મુદ્દો એ હતો કે મતદારોમાં જંગલરાજ પાછું આવી જવાનો ડર ફેલાયો હતો. તેમણે કહ્યું કે શરૂઆતમાં લોકોને લાગતું હતું કે જન સુરાજને ૧૦ થી ૨૦ ટકા મત મળી શકે છે, પરંતુ અંતે આવતાં-આવતાં લોકોને લાગ્યું કે જો તેઓ જીતશે નહીં અને જન સુરાજને મત આપીને તેઓ હારશે, તો લાલુનું જંગલરાજ પાછું આવી શકે છે. આ ડરને કારણે ઘણા લોકો તેમનાથી દૂર થયા. આ ઉપરાંત, તેમણે જણાવ્યું કે આ ચૂંટણીમાં કેટલીક અદૃશ્ય શક્તિઓ પણ કામ કરી રહી હતી, જેના કારણે જે પક્ષો વિશે લોકો જાણતા પણ નહોતા, તેમને લાખોની સંખ્યામાં મત મળ્યા. તેમણે ઈવીએમની ફરિયાદ કરવાના લોકોના આગ્રહ પર કહ્યું કે પુરાવા વિના તેઓ કંઈ કહી શકે તેમ નથી, પરંતુ ઘણી બાબતો સમજની બહાર છે.

ચૂંટણીમાં કારમી હાર પછી ટીકાકારો દ્વારા તેમની રાજકીય કારકિર્દી પર સવાલ ઉઠાવવા બદલ પ્રશાંત કિશોરે આકરો જવાબ આપ્યો. તેમણે કહ્યું કે જે લોકો પહેલા તેમની જીત પર તાળીઓ પાડતા હતા. તેમણે સ્પષ્ટ કર્યું કે, ‘‘આ લોકો પોતાનું કામ કરી રહ્યા છે અને હું મારું. સચ્ચાઈ એ છે કે જે લોકો મારી ટીકા કરે છે, તે જ લોકો મારા વિશે સૌથી વધુ જિજ્ઞાસુ છે. આનો અર્થ એ છે કે તેમનો રાજકીય પ્રવાસ હજી સમાપ્ત થયો નથી અને વાર્તા હજી બાકી છે.

જન સુરાજ પાર્ટીએ બિહાર વિધાનસભાની ૨૪૩ બેઠકોમાંથી ૨૩૮ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા હતા, પરંતુ પરિણામ શૂન્ય રહ્યું અને પાર્ટીને માત્ર ૩.૪ ટકા વોટ શેર મળ્યો. મોટાભાગના ઉમેદવારોની ડિપોઝિટ જપ્ત થઈ ગઈ. પીકેએ આ પરિણામને ’ક્રશિંગ ડિફીટ’ ગણાવ્યો, પરંતુ તેમણે ઉમેર્યું હતું કે મારા પ્રચારને સારો પ્રતિસાદ મળ્યો હતો અને આ કારમી હારનાં કારણોની તેઓ ગંભીર સમીક્ષા કરી રહ્યા છે. ■

## ભારતીય મુસ્લિમો સાથે ભેદભાવના જમિયત વડાના નિવેદન પર ભાજપ ભડકયો

નવી દિલ્હીઃ જમિયત ઉલેમા-એ-હિંદ(જેયુએચ)ના પ્રમુખ મૌલાના અરશદ મદનીના તાજેતરના નિવેદનો પર ભારે રાજકીય વિવાદ સર્જાયો છે. હાલમાં મદનીએ ભારતમાં મુસ્લિમો સાથે ભેદભાવનો આરોપ લગાવ્યો હતો અને દાવો કર્યો હતો કે તેઓ વિવિધ રાષ્ટ્રીય સંસ્થાઓમાં ઉચ્ચ હોદ્દા પર રહી શકતા નથી.

મદનીએ કહ્યું કે ભારતમાં મુસ્લિમો દાવો કરી રહ્યા છે કે તેઓ વિવિધ રાષ્ટ્રીય સંસ્થાઓમાં ઉચ્ચ હોદ્દા પર રહી શકતા નથી. કોંગ્રેસના કેટલાક નેતાઓએ મદનીના દાવાને સમર્થન આપ્યું છે. જ્યારે ભાજપે તેની ટીકા કરતાં કહ્યું કે એક ભારતીય મુસલમાન ભારતના રાષ્ટ્રપતિ, ભારતીય હોકી ટીમના કેપ્ટન કે ભારતના મુખ્ય ન્યાયાધીશ બની શકે છે.

મદનીએ શનિવારે કહ્યું હતું કે ભારતીય મુસ્લિમોને દેશમાં ભેદભાવનો સામનો કરવો પડે છે. તેમણે આઝમ ખાન જેવા લોકોને જેલ મોકલવા અને અલ-ફલાહ યુનિવર્સિટીની પરિસ્થિતિ જેવા મુદ્દાઓ તરફ ઇશારો કર્યો હતો. તેમણે ભારતની પરિસ્થિતિની સરખામણી કરવા માટે ન્યૂયોર્ક (ઝોહરાન મમદાની) અને લંડન(સાદિક ખાન) જેવા શહેરોમાં મુસ્લિમ મેયરોની સફળ ચૂંટણીનું ઉદાહરણ પણ આપ્યું હતું.

મદનીએ સરકાર પર એવો પણ આરોપ લગાવ્યો કે તેઓ(મુસ્લિમો) ક્યારેય માથું ઊંચું ન કરે તેની ખાતરી કરી રહી છે. જમિયત ઉલેમા-એ-હિંદના વડાની ટિપ્પણીનો જવાબ આપતા ભાજપ નેતા સૈયદ શાહનવાઝ હુસૈને કહ્યું કે ઐતિહાસિક વારસો ધરાવતા સંગઠન પાસેથી બેદરકાર ટિપ્પણીઓની અપેક્ષા ન હતી.

તેમણે નિવેદનોની ટીકા કરતાં કહ્યું કે જમિયત ઉલેમા-એ-હિંદ ભારતના સ્વતંત્રતા આંદોલનનો ભાગ હતું. અમને તેમની પાસેથી આવા નિવેદનોની અપેક્ષા ન હતી. વિવિધ રાષ્ટ્રીય સંસ્થાઓમાં મુસ્લિમોના પ્રતિનિધિત્વ અંગે મદનીના દાવા પર પ્રતિક્રિયા આપતા હુસૈને કહ્યું કે એક ભારતીય મુસ્લિમ ભારતના રાષ્ટ્રપતિ, ભારતીય હોકી ટીમના કેપ્ટન કે ભારતના મુખ્ય ન્યાયધીશ બની શકે છે. એક ભારતીય મુસ્લિમને બંધારણ દ્વારા આપવામાં આવેલ કોઇપણ પદ સંભાળવાનો અધિકાર છે. ■

**વેપાર મેળો :** નવી દિલ્હીના ભારત મંડપમ્‌માં યોજાયેલા ૪૪મા ઈન્ડિયા ઈન્ટરનેશનલ ટ્રેડ ફેરમાં રવિવારે મોટી સંખ્યામાં મુલાકાતીઓ આવ્યા હતા. (પીટીઆઈ)



## દિલ્હીમાં શ્વાસ લેવો મુશ્કેલ, બુધવાર સુધી હવાની ગુણવતા ‘ખૂબ જ ખરાબ’ રહેવાની સંભાવના

નવી દિલ્હીઃ સેન્ટ્રલ પોલ્યુશન કંન્ટ્રોલ બોર્ડ (સીપીસીબી)ના ડેટા અનુસાર, રાષ્ટ્રીય રાજધાનીમાં રવિવારે હવાની ગુણવત્તા ખૂબ જ ખરાબ શ્રેણીમાં રહી અને એકંદરે એર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યૂઆઈ) ૩૯૧ નોંધાયો હતો. સીપીસીબીના સમીર એપ અનુસાર, દિલ્હીના ૧૯ મોનિટરિંગ સ્ટેશનોએ હવાની ગુણવતા ’ખરાબ’ નોંધી હતી અને બાકીના ૧૯ સ્ટેશનોએ ૩૦૦થી વધુ રીડિંગ્સ સાથે હવાની ગુણવતા ખૂબ જ ખરાબ નોંધી હતી. એર ક્વોલિટી અર્લી વોર્નિંગ સિસ્ટમ અનુસાર, સોમવારથી બુધવાર સુધી દિલ્હીની હવા ગુણવત્તા ખૂબ જ ખરાબ શ્રેણીમાં રહેવાની સંભાવના છે. સીપીસીબી અનુસાર, ૦ થી ૫૦ વચ્ચેનો એક્યૂઆઈ સારો, ૫૧ થી ૧૦૦ સંતોષકારક, ૧૦૧થી ૨૦૦ મધ્યમ, ૨૦૧ થી ૩૦૦ ખરાબ, ૩૦૧ થી ૪૦૦ ખૂબ જ ખરાબ અને ૪૦૧થી ૫૦૦ ગંભીર માનવામાં આવે છે. ઈન્ડિયા મેટિયોરોલોજિકલ ડિપાર્ટમેન્ટ અનુસાર, દિલ્હીમાં મહત્તમ તાપમાન ૨૬.૭ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ ૧૦.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સીઝનના સરેરાશ તાપમાન કરતા એક ડિગ્રી ઓછું હતું. સાંજે ૫.૩૦ વાગ્યે ભેજનું સ્તર ૬૮ ટકા નોંધાયું હતું.

હવામાન વિભાગે સોમવારે મધ્યમ ધુમ્મસની આગાહી કરી છે, જેમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન અનુક્રમે ૨૫ અને ૧૦ ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે. ■

**રસી :** બિકાનેરમાં હેલ્થકેરના વર્કર બાળકને પોલિયોના ડ્રોપ પીવડાવી રહ્યો હતો. (પીટીઆઈ)



એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બંગાળમાં બાબરી મસ્જિદ, મતબેંકના રાજકારણનો નવો અધ્યાય

**ભારતમાં** મોટા ભાગના નેતાઓ અત્યંત નીચ માનસિકતા ધરાવે છે. તેમને રાજકીય ફાયદા માટે લોકોને લડાવી મારવામાં કે વધેરી દેવામાં જરાય શરમ નથી આવતી. આ માનસિકતાનો તાજો દાખલો પશ્ચિમ બંગાળના તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય હુમાયુ કબીરે પૂરો પાડ્યો છે. કબીરે એલાન કર્યું છે કે, ઉત્તર પ્રદેશના અયોધ્યામાં તોડી પડાયેલી બાબરી મસ્જિદની યાદ તાજી રાખવા માટે બંગાળના મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદ બનાવાશે અને આ પ્રસ્તાવિત બાબરી મસ્જિદનો શિલાન્યાસ ૬ ડિસેમ્બરે કરાશે. ૬ ડિસેમ્બર બાબરી મસ્જિદના ધ્વંસની વરસી છે. ૬ ડિસેમ્બર, ૧૯૯૨ના રોજ હિંદુવાદી સંગઠનનોના કાર્યકરોએ કારસેવા દરમિયાન જોશમાં આવી જઈને બાબરી મસ્જિદને તોડી પાડી હતી અને બાબરીના સ્થાને સપાટ મેદાન બનાવી દીધું હતું. આ મસ્જિદના સ્થાને અત્યારે ભવ્ય રામમમંદિર ઊભું છે.

બંગાળના ભરતપુરના ધારાસભ્ય કબીરે એલાન કર્યું છે કે, મુર્શિદાબાદ જિલ્લાના બેલડાંગામાં ૬ ડિસેમ્બરે ‘બાબરી’ મસ્જિદનો શિલાન્યાસ કરવામાં આવશે અને ત્રણ વર્ષમાં આ મસ્જિદ પૂર્ણ તૈયાર થઈ જશે. હુમાયુનો દાવો છે કે, પોતે ગયા વર્ષે ૧૨ ડિસેમ્બરે ’બાબરી’ મસ્જિદના નિર્માણનું વચન આપેલું ને આ વચન પૂરું કરવાની દિશામાં ૬ ડિસેમ્બરે પહેલું પગલું ભરાશે. ‘બાબરી’ મસ્જિદના શિલાન્યાસ કાર્યક્રમમાં લગભગ બે લાખ લોકો હાજર રહેશે અને ૪૦૦ ધુરંધરોને સ્ટેજ પર હાજર રખાશે. આ ૪૦૦ ધુરંધરો કોણ હશે તેનો ફોડ હુમાયુએ નથી પાડ્યો પણ મોટા ભાગના મુલ્લા-મૌલવીઓ હશે એ કહેવાની જરૂર નથી.

હુમાયુ તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય છે તેથી મમતા બેનરજીના ઈશારે આ ઉધામા કરી રહ્યા હોવાનું સૌને લાગે, પણ ૬ ડિસેમ્બરે મમતા બેનરજીની કોલકાતામાં યોજાનારી જાહેર સભાને સમાંતર આ કાર્યક્રમ થવાનો છે તેથી ખરેખર મમતાના ઈશારે બધું થઈ રહ્યું છે કે કેમ એ સ્પષ્ટ નથી. કોલકાત્તાના તૃણમૂલ કોંગ્રેસના કાર્યક્રમમાં બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજી અને તૃણમૂલ કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનરજી સહિતના દિગ્ગજો હાજર રહેવાના છે. મમતાની પાર્ટી ૧૯૯૨ના બાબરી મસ્જિદ ધ્વંસની વરસીએ સંહતિ દિવસ (એકતા દિવસ) ઉજવવાનાં છે. મમતાનું કહેવું છે કે, રાજ્યમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઇઆર) કવાયત દ્વારા લોકોમાં ભાગલા પડાવવાની ગંદી રમત ભાજપ રમી રહ્યો છે તેથી પોતે લોકોમાં સંવાદિતાનો સંદેશ આપવા આ સભા કરી રહ્યાં છે.

મમતા આવી ડાહી ડાહ વાતો કરીવા માટે જાણીતાં છે પણ તેમનો મુખ્ય ઉદ્દેશ તો મુસ્લિમ મતબેંકને પોતાની સાથે જોડી રાખવાનો જ છે. પશ્ચિમ બંગાળમાં આવતા વરસે વિધાનસભાની ચૂંટણી છે ને એ વખતે મુસ્લિમ મતદારો તૃણમૂલ કોંગ્રેસ સાથે રહે એ માટે ભાજપ તથા તેનાં સાથી સંગઠનોએ બાબરી મસ્જિદ તોડી નાંખેલી તેની યાદ અપાવવા આ બધો ખેલ થઈ રહ્યો છે એ કહેવાની જરૂર નથી. કબીરે બેલડાંગાના શિલાન્યાસ સમારોહનું નિરીક્ષણ કરવા માટે કોલકાતાના કાર્યક્રમમાં નહીં જવાની જાહેરાત કરી છે, અને જાહેર કર્યું છે કે, પોતે ૧૯૯૨ થી દર વર્ષે ૬ ડિસેમ્બરને “કાળા દિવસ” તરીકે ઉજવે છે. તેથી બીજા કોઈ કાર્યક્રમમાં નહીં જાય.

કબીરની વાતો પરથી એ મમતાની સામે બાંયો ચડાવીને પડ્યો હોય એવું ચિત્ર ઊભું થઈ રહ્યું છે, પણ રાજકારણીઓને લુચ્ચાઈમાં કોઈ ના પહોંચે. હુમાયુ કબીર પણ મમતાના ઈશારે આ લુચ્ચાઈ કરી રહ્યો હોય એ શક્ય છે. મમતા હિંદુ મતદારોને આકર્ષવા સંહતિ દિવસ (એકતા દિવસ) ઉજવે ને તેમનો પોઠિયો હુમાયુ કબીર મુસ્લિમ મતબેંકને સાચવવા માટે મુર્શિદાબાદમાં ‘બાબરી’ મસ્જિદનો શિલાન્યાસ કરાવે એવો દાવ મમતાએ જ ગોઠવ્યો હોય એવી પૂરી શક્યતા છે. ભાજપના નેતા મીડિયા મારફતે જાતે જ ચાણક્ય ને મુત્સદી ને એવાં છોગાં લગાવીને ખુશ થાય છે, પણ મમતા ખરેખર રાજકારણનાં અઠંગ ખેલાડી છે તેથી એ ગમે તે કરી શકે. આ સંજોગોમાં આખું કારસ્તાન મમતાનું જ હોય એ શક્ય છે.

ભાજપે હુમાયુની જાહેરાતને મુસ્લિમ તુષ્ટિકરણ ગણાવીને ઝાટકણી કાઢી છે. ભાજપનો આક્ષેપ છે કે, મમતા ધર્મ આધારિત રાજકારણ રમીને લોકોને ભડકાવી રહ્યાં છે અને રાજકીય રોટલો શેકી રહ્યાં છે. ભાજપની વાત સાચી છે પણ એમ તો ભાજપ પણ ક્યાં દૂધે ધોયેલો છે ? ભાજપ પણ રાજકીય ફાયદા માટે ધર્મનો ધરાર દુરુપયોગ નફ્ફટાઈથી કરે જ છે તેથી મમતા ને ભાજપમાં બહુ ફરક નથી. આ કારણે હુમાયુ કબીરનાં ગતકડાથી બીજે બધે તો ખબર નથી પણ બંગાળમાં તો માહોલ બગડશે જ. છેલ્લાં કેટલાક વરસોમાં બંગાળ દેશમાં કોમી રમખાણોનું એપી સેન્ટર બની ગયું છે. હુમાયુ કબીરના તૂત ને કરતૂતથી તેમાં નવો અધ્યાય ઉમેરાશે કેમ કે ૬ ડિસેમ્બરે મુર્શિદાબાદમાં ભેગા થનારા મુલ્લા-મૌલવીઓ કે નેતાઓ સત્સંગ તો કરવાના નથી જ. એ લોકો ઝેર ઓકશે ને સામે પણ ઝેર ઓકાશે તેથી માહોલ બગડશે. માહોલમાં ઉગ્રતા પેદા કરાય પછી તેને રમખાણોમાં ફેરવવા માટે બહુ મહેનત કરવાની નથી હોતી તેથી બંગાળમાં ફરી ભડકો થવાનાં પૂરાં એંધાણ છે.

આ ભડકાને રોકવા માટે બંગાળના હિંદુ અને મુસ્લિમો બંનેએ સમજદારી બતાવવી જરૂરી છે. હિંદુઓ અને મુસ્લિમો બંને એક વાત સમજે કે, બાબરી મસ્જિદ આ દેશ માટે પતી ગયેલું પ્રકરણ છે ને તેને ફરી ઉઘાડવાના ઉધામા રાજકીય ફાયદા માટે થઈ રહ્યા છે. ભૂતકાળમાં આવા ઉધામાના કારણે હિંદુઓ અને મુસ્લિમો બંનેનાં લોહી રેડાયાં છે, ઘણા પરિવારો નોંધારા બની ગયા છે અને સામાન્ય લોકોને કોઈ ફાયદો થયો નથી. ફાયદો થયો હોય તો માત્ર ને માત્ર નેતાઓને જ થયો છે. આ સંજોગોમાં હુમાયુ કબીર કે બીજો કોઈ મુસલમાન નેતા બાબરી મસ્જિદ બનાવે કે ઔરંગઝેબના નામે મસ્જિદ બનાવે તેનાથી હિંદુઓને કોઈ ફરક પડતો નથી એવી માનસિકતા બતાવે ને મુસ્લિમો આ પ્રકારના કાર્યક્રમોથી દૂર રહીને અવગણે તો હુમાયુ કબીરની હવા નિકળી જાય.

મુસલમાન બીજી એક વાત પણ સમજવાની જરૂર છે. ઈસ્લામના પયગંબરો કે બીજાના નામે મસ્જિદો બને કે ધર્મસ્થાનો ઊભાં થાય તેમાં કોઈને વાંધો નથી. મુસ્લિમોને આ દેશમાં પોતાની આસ્થા માટેનાં ધર્મસ્થાનો ઊભાં કરવાનો અધિકાર છે જ પણ એ ધર્મસ્થાનો સાથે બાબર જેવા આક્રમણખોરોનાં નામ જોડાય એ બિલકુલ યોગ્ય નથી કેમ કે આક્રમણખોરોના નામે મસ્જિદો બનાવીને તેમને ગ્લોરિફાય કરવાના ઉધામાની પાછળ મલિન ઈરાદા છે. તેના કારણે મુસલમાનોનું કશું ભલું થવાનું નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

**દક્ષિણાયન - સૌર હેમંતઋતુ, સોમવાર, તા. ૨૪-૧૧-૨૦૨૫, ગુરુ તેગબહાદુર શહીદ દિન**

- ભારતીય દિનાંક ૩, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ સુદ-૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ સુદ-૪
- પારસી શહેનશાહી રોજ ૧૨મો મોહોર, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૨મો મોહોર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૦મો આવા, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨જો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૪થો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાષાઢા રાત્રે ક. ૨૧-૫૩ સુધી, પછી ઉત્તરાષાઢા
- ચંદ્ર ધનુમાં મધ્યરાત્રિ પછી ક. ૨૮-૨૬ સુધી (તા. ૨૫), પછી મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ), મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૨, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૨, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- બપોરે ક. ૧૩-૩૪, ભરતીઃ મધ્યરાત્રિ પછી ક. ૦૨-૪૧ (તા. ૨૫)
- ઓટઃ સવારે ક. ૦૮-૦૨, રાત્રે ક. ૧૯-૩૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, માર્ગશીર્ષ શુક્લ - ચતુર્થી. વિનાયક ચતુર્થી, ગુરુ તેગબહાદુર શહીદ દિન, ભદ્રા ક. ૦૮-૨૪થી ૨૧-૨૨.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ચંદ્ર-શુક્ર ગ્રહદેવતાનું પૂજન, વિષ્ટિદોષ ગ્રાહ્ય નથી. લગ્ન મુહૂર્ત ગ્રાહ્ય હોઈ રિક્તાતિથી છતાંય સામાન્ય દિવસ એમ દર્શાવેલ છે. જળદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, તુલસીપૂજન, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, સૂર્યદેવતા, વિશ્વદેવતાનું પૂજન, વિદ્યારંભ, માલ વેંચવો, મિલકત લેવડદેવડ, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવુ, પશુ લે-વેંચ.
- આચમનઃ મંગળ-રાહુ પ્રતિયુતિ ઈર્ષ્યાળુ, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ જીવનમાં સકારાત્મક વલણ
- ખગોળ જ્યોતિષઃ મંગળ-રાહુ પ્રતિયુતિ, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ (તા. ૨૫) ગ્રહગોચરઃ સૂર્ય-વૃશ્ચિક, મંગળ-વૃશ્ચિક, વક્રી બુધ-તુલા, વક્રી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# ફેક ન્યૂઝઃ ઑપરેશન સિંદૂરમાં રાફેલ તૂટી પડ્યાના પાકિસ્તાની સમાચાર ફ્રાન્સે ફગાવ્યા

પેરિસ : ફ્રાન્સના નૌકાદળે ભારતના ઈસ્લામાબાદ સમર્થિત આતંકવાદી સામેના ઑપરેશન સિંદૂર અંગે ગેરમાહિતી અને ખોટી માહિતી ફેલાવવા બદલ પાકિસ્તાનસ્થિત મીડિયા આઉટલેટની ઝાટકણી કાઢી છે. પાકિસ્તાનના જીયો ટીવીએ ૨૧ નવેમ્બરે વેબસાઈટ પર એક લેખ પ્રગટ કર્યો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ફ્રાન્સના નૌકાદળના કમાન્ડરે પાકિસ્તાનની ‘હવાઈ સર્વોપરિતા’ની અને મેની સરહદની અથડામણમાં ભારતના ફાઈટર જેટ તોડી પડાયા હતા એ વાતને સમર્થન આપ્યું હતું. પહલગામ આતંકવાદી હુમલામાં ૨૬ ભારતીય માર્યા ગયા હતા.

એક્સ પર મૂકેલી પોસ્ટમાં ફ્રાન્સના નૌકાદળે કહ્યું હતું કે લેખમાં વ્યાપક જૂઠાણાં અને ખોટી માહિતી આપવામાં આવી છે. લેખમાં અધિકારીનું નામ ખોટું છાપવામાં આવ્યું છે. અધિકારીનું નામ ‘જેક્સ લૌ’ લખવામાં આવ્યું છે. હકીકતમાં તેમનું નામ કૅપ્ટન યવાન લૌ છે. કૅપ્ટનના નામે નિવેદન કરવામાં આવ્યા છે, પરંતુ તેમને આવા લેખની પ્રસિદ્ધિ માટે કદી મંજૂરી આપી નથી. લેખ જૂઠાણાં અને ખોટી માહિતીથી ભરેલો છે.

નૌકાદળે એ પણ ખુલાસો કર્યો હતો કે કૅપ્ટનની ભૂમિકા રાફેલ મરિન વિમાન જ્યાં ઊભા રખાય છે એ લેન્ડીવિસિઉ ખાતેના નેવલ એર સ્ટેશનના કમાન્ડર છે. અહેવાલમાં તેમને ભારત-પાક અથડામણમાં સંડોવાયેલી ઓપરેશનલ ઓથોરિટી ગણાવામાં આવી હતી. નૌકાદળે ખુલાસો કર્યો હતો કે જ્યારે તેમને ઑપરેશન સિંદૂર વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે ભારતીય ફાઈટર તૂટવાની વાતને ન તો સમર્થન કે રદિયો આપ્યો હતો. ચીની સિસ્ટમ દ્વારા ભારતના રાફેલને જામ કરવા અંગે તેમણે ટિપ્પણી કરી નહોતી. તેમણે ચીનના જે-૧૦નો કદી ઉલ્લેખ કર્યો નહોતો. ભાજપના અમિત માલવીયાએ આને પાકિસ્તાનની જૂઠાણી મશીનરીનો પુરાવો કહ્યો હતો. (એજન્સી) ■

# વાઈટ કોલર ટેરર મોડ્યુલઃ ડૉક્ટરોનું બ્રેઈનવૉશ ૨૦૧૯થી સોશ્યલ મીડિયા પર ચાલુ થયું હતું

નવી દિલ્હીઃ વાઈટ કોલર ટેરર મોડ્યુલમાં સંડોવાયેલા ડૉક્ટરોને કટ્ટરપંથી બનાવવાનું સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર ૨૦૧૯થી શરૂ થયું હતું, એવી માહિતી અધિકારીઓએ રવિવારે આપી હતી. તપાસમાં સરહદપારના આતંકવાદની વ્યૂહરચનામાં બદલાવનો સંકેત મળે છે. તપાસ અધિકારીઓના જણાવ્યા પ્રમાણે પાકિસ્તાન અને વિશ્વના બીજા વિસ્તારોથી સંચાલન કરતા હેન્ડલરે ડિજિટલ સાધનો વડે ઉચ્ચ શિક્ષિત પ્રોફેશનલને આતંકવાદી બનાવાનું હાથ ધર્યું હતું. ટેરર સેલના સભ્યોમાં ડૉ. મુઝામ્મિલ ગની, ડૉ. આદીલ રાથર, ડૉ. મુઝફ્ફર રાથર અને ડૉ.ઉમર-અન-નબીનો સમાવેશ થાય છે. નબી વિસ્ફોટક ભરેલી કાર લાલ કિલ્લામાં લઈ ગયો હતો. હેન્ડલરે ફેસબુક અને એક્સ (અગાઉનું ટ્વિટર) જેવા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર આ તબીબોને શોધી કાઢ્યા હતા. તેમને ટેલિગ્રામના ખાનગી જૂથમાં ખસેડવામાં આવ્યા હતા. ભેજામાં ઝેર રેડવાનું ત્યારથી શરૂ થયું હતું. ગની અને આદીલ નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ)ની કસ્ટડીમાં છે. એનઆઈએ લાલ કિલ્લાની નજીકના કાર બ્લાસ્ટની તપાસ કરી રહી છે. મુઝફ્ફર આ વર્ષના ઑગસ્ટમાં અફઘાનિસ્તાનમાં ભાગી ગયો હતો. તેને ભારત લાવવાની પ્રોસેસ શરૂ કરાઈ છે. આઈઈડી બનાવવાનું શીખવા યુ-ટ્યુબનો વ્યાપક ઉપયોગ કર્યો હતા. (એજન્સી) ■

# મૂંઝાયેલા વિશ્વને માર્ગદર્શન આપે છે ભગવદ્ ગીતા : ભાગવત

લખનઊઃ ભગવદ્ ગીતા નૈતિક મૂંઝવણ, સંઘર્ષ અને અશાંતિ સામે ઝઝૂમી રહેલા વિશ્વને હંમેશા માર્ગદર્શન પૂરું પાડે છે. આ કથન આરએસએસના વડા મોહન ભાગવતે રવિવારે કર્યું હતું.

ગીતા પ્રેરણા મહોત્સવને સંબોધતા ભાગવતે જણાવ્યું કે આ કાર્યક્રમનો હેતુ માત્ર ઔપચારિકતા નથી, પરંતુ લોકોને ગીતા અનુસાર જીવન જીવવા માટે પ્રેરણા આપવાનો છે. તેમણે કહ્યું કે આપણે અહીં એટલા માટે છીએ કારણ કે ગીતા ફક્ત વાંચવા માટે નથી, પરંતુ જીવવા માટે છે. તેના ૭૦૦ શ્લોક વાંચવા જોઇએ, તેના પર વિચાર કરવો જોઇએ અને આપણા રોજિંદા જીવનમાં અપનાવવા જોઇએ.

કુરુક્ષેત્રની યુદ્ધભૂમિ પર અર્જુનની મૂંઝવણ અને આજની વૈશ્વિક પરિસ્થિતિ વચ્ચે સરખામણી કરતાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ)ના વડાએ કહ્યું કે આજે દુનિયા પ્રગતિ થઇ હોવા છતાં ખોવાયેલી, થાકેલી અને દિશાહીન છે. ધન અને આરામ છે, પણ શાંતિ નથી, સંતોષ નથી, નૈતિક સ્પષ્ટતા નથી. ■

# સંઘ સામાજિક સમર્થન પર ચાલે છે, વિદેશી ફન્ડિંગ પર નહીંઃ આદિત્યનાથ

લખનઊઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે સેવાના ૧૦૦ વર્ષ પૂર્ણ કર્યા છે. આરએસએસ કોઇપણ વિદેશી કે સંસ્થાકીય ભંડોળ વિના કેવળ સામાજિક સમર્થન પર કામ કરી રહ્યું છે. આ નિવેદન ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ રવિવારે આપ્યું હતું.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ)ના વડા મોહન ભાગવતની ઉપસ્થિતિમાં ‘ગીતા પ્રેરણા મહોત્સવ’ કાર્યક્રમને સંબોધતા આદિત્યનાથે જણાવ્યું કે રાજદ્વારીઓ અને વિદેશી રાજદૂતો ઘણીવાર પૂછે છે કે સંઘ કેવી રીતે કાર્ય કરે છે. આદિત્યનાથે કહ્યું કે અમે તેમને કહીએ છીએ કે અમે સ્વયંસેવક તરીકે કામ કર્યું છે. તેઓ ભંડોળ વિશે પૂછે છે... અમે કહીએ છીએ કે કોઇ ભંડોળ પેટર્ન નથી. કોઇ ઓપીઇસી દેશ કે આંતરરાષ્ટ્રીય ચર્ચ તેને ભંડોળ આપતું નથી. આરએસએસ સમાજની તાકાત પર ઊભું છે અને સેવાની ભાવના સાથે કામ કરે છે.

મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું કે સંસ્થા દરેક પીડિત વ્યક્તિની સેવા કરે છે. પછી ભલે તે કોઇ પણ ધર્મ, ભાષા કે પ્રદેશના હોય. આરએસએસ શીખવે છે કે સૌ પ્રથમ દેશ આવે છે. જે કોઇ પણ ભારતને વધુ ઊંચાઇએ લઇ જવામાં યોગદાન આપી શકે છે તેને સમર્થન આપવું જોઇએ.

આદિત્યનાથે એવા લોકોની પણ ટીકા કરી હતી કે જેમણે સેવાને સોદાબાજી અને પ્રભાવના સાધનમાં ફેરવી દીધી છે. તેમજ દાવો કર્યો કે તેઓ દબાણ અને લાલસા દ્વારા ભારતની વસ્તી વિષયક લાક્ષણિકતાને બદલવાનો પ્રયાસ કરી રહ્યા છે. ભગવદ ગીતાના આધ્યાત્મિક સંદેશનો ઉલ્લેખ કરતાં મુખ્ય પ્રધાને જણાવ્યું કે તે મુશ્કેલ સમયમાં માર્ગદર્શન પૂરું પાડી શકે છે. ■

# હું પણ સીએમ પદની રેસમાંઃ પરમેશ્વર

### કર્ણાટક કૉંગ્રેસમાં સત્તાખેંચ ઉગ્ર બની : ખરડેએ કહ્યું કે અંતિમ નિર્ણય હાઇ કમાન્ડનો

બેંગલુરુઃ કર્ણાટકમાં નેતૃત્વ પરિવર્તન અને દલિત મુખ્ય પ્રધાનની માગ વચ્ચે પોતે પણ મુખ્ય પ્રધાન બનવાની રેસમાં હોવાનો કર્ણાટકના ગૃહ પ્રધાન જી પરમેશ્વરે રવિવારે સંકેત આપ્યો હતો. જોકે કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખરેએ એવી સ્પષ્ટતા કરી હતી કે, નેતૃત્વ પરિવર્તન વિશે મોવડી મંડળ આખરી નિર્ણય લેશે.

જો કે મુખ્ય પ્રધાન બદલવાના મુદ્દે પક્ષની અંદર મૂંઝવણના અહેવાલોને ઓછું મહત્ત્વ આપવાનો પ્રયાસ કરતાં તેમણે કહ્યું કે કોંગ્રેસ હાઇ કમાન્ડમાંથી કોઇએ પણ આ બાબતે અત્યાર સુધી વાત કરી નથી અને ન તો કોંગ્રેસ વિધાનસભા પાર્ટીમાં આ અંગે ચર્ચા થઇ છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ વધુમાં જણાવ્યું કે જો જરૂર પડી તો એઆઇસીસી પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે પાર્ટીના ટોચના નેતા રાહુલ ગાંધી સાથે ચર્ચા કર્યા પછી નેતૃત્વ પરિવર્તન અંગે નિર્ણય લેશે, જેઓ હાલમાં વિદેશમાં છે. કોંગ્રેસ સરકાર નવેમ્બરમાં તેના પાંચ વર્ષના કાર્યકાળના અડધા રસ્તે પહોંચ્યા બાદ રાજ્યમાં મુખ્ય પ્રધાન પરિવર્તન અંગે અટકળો ચાલી રહી છે. જેને કેટલાક લોકો નવેમ્બર ક્રાંતિ કહી રહ્યા છે, જેમાં ૨૦૨૩માં સીએમ સિદ્ધારમૈયા અને ડેપ્યુટી સીએમ ડી. કે. શિવકુમાર વચ્ચે થયેલા કથિત સત્તા-વહેંચણી કરારનો ઉલેખ કરવામાં આવ્યો છે. સરકારે ૨૦ નવેમ્બરના રોજ સત્તામાં અઢી વર્ષ પૂર્ણ કર્યા છે.

શું તેઓ મુખ્ય પ્રધાનની રેસમાં છે એ પ્રશ્નના જવાબમાં પરમેશ્વરે કહ્યું કે હું હંમેશા રેસમાં છું કે નહીં એ કોઇ મોટો મુદ્દો નથી. હું ૨૦૧૩માં પ્રદેશ કોંગ્રેસ સમિતિનો પ્રમુખ હતો. અમે કોંગ્રેસ સરકારને(૨૦૧૩ની વિધાનસભા ચૂંટણીમાં) સત્તામાં લાવ્યા હતા. મેં ક્યારેય એકલા તેનો શ્રેય લીધો નથી. હું તે ચૂંટણી હારી ગયો હતો. મને ખબર નથી કે જો હું જીતી ગયો હોત તો શું થયું હોત.

તેમણે પત્રકારો સાથે વાત કરતાં કહ્યું કે હું તે સમયે રેસમાં હતો. સ્વાભાવિક છે કારણ કે કોંગ્રેસ પાર્ટીમાં એક પરંપરા છે જ્યાં પીસીસી પ્રમુખને અનેક વાર(સીએમ બનવાની) તક આપવામાં આવે છે, પરંતુ કેટલીક પરિસ્થિતિઓમાં તેનું પાલન કરવામાં આવતું નથી. ■

# રશિયાએ યુક્રેન પર વર્ષનો સૌથી મોટો હુમલો કર્યો, ૩૩ લોકોનાં જીવ ગયા

કીવ : રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા શાંતિ પ્રસ્તાવની ચર્ચા વચ્ચે રશિયાએ યુક્રેન પર આ વર્ષનો સૌથી મોટો હુમલો કર્યો છે. જેમાં છ બાળક સહિત ૩૩ લોકોનાં મોત થયા છે. આ હુમલામાં ૧૨થી વધુ લોકો ઘાયલ થયા છે. રશિયાની સેનાએ યુક્રેનના વિવિધ શહેરો પર ૧૦૫૦ ડ્રોન અને ૧૦૦૦ ગ્લાઈડર બોમ્બથી હુમલો કર્યો હતો. યુક્રેનના પ્રમુખ વોલડોમિર ઝેલેન્સકીએ આ હુમલાનો વીડિયો શેર કર્યો છે.

ઝેલેન્સકીએ પોસ્ટમાં લખ્યું કે, રશિયાએ ૧,૦૫૦ થી વધુ ડ્રોન હુમલા અને લગભગ ૧,૦૦૦ ગ્લાઇડર બોમ્બ અને વિવિધ પ્રકારના ૬૦ થી વધુ મિસાઇલો સાથે હુમલો કર્યો. જયારે અમારા સલાહકારો સ્વિટ્ઝર્લેન્ડમાં અમેરિકા, જર્મની, ફ્રાન્સ અને યુકેના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરશે. રાજદ્વારી પ્રયાસોની સાથે આવા ક્રૂર રશિયન હુમલાઓ સામે સંરક્ષણને મજબૂત બનાવવા માટે શક્ય તેટલું બધું કરવામાં આવશે.

આ અંગે યુક્રેનના પ્રમુખે એક્સ પર પોસ્ટ શેર કરી હતી. જેમાં લખ્યું હતું કે શનિવારે ટેર્નોપિલમાં રહેણાંક મકાન પર રશિયન મિસાઇલ હુમલાના સ્થળે બચાવ અને સર્ચ ઓપરેશન પૂર્ણ કરવામાં આવ્યું છે. રશિયાના હુમલામાં છ બાળકો સહિત ૩૩ લોકોના મોત થયા હતા. હું શોકગ્રસ્ત પરિવારો અને તેમના પ્રિયજનો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું. દુઃખની વાત છે કે, છ લોકો હજુ પણ ગુમ છે. હું હુમલા પછી બચાવ કામગીરીમાં સામેલ તમામ સેવા કર્મચારીઓ અને આપણા લોકોને બચાવવા માટે કામ કરી રહેલા લોકોનો આભાર માનું છું. ઝેલેન્સકીએ એક્સ પર આગળ લખ્યું કે, રશિયાની સેનાએ નિપ્રો પર પણ બોમ્બમારો કર્યો હતો. જ્યાં એક રશિયન ડ્રોન રહેણાંક મકાન પાસે ત્રાટક્યું હતું. આ હુમલામાં એક બાળક સહિત ૧૪ લોકો ઘાયલ થયા હતા. જ્યારે નિકોપોલમાં રશિયનોએ ડ્રોનથી હુમલો કર્યો, જેમાં બે બાળકો અને એક મહિલા ઘાયલ થઈ હતી. તેમજ દેશના રહેણાંક અને નાગરિક માળખાકીય સુવિધાઓ અને ઊર્જા સુવિધાઓ પર રાતોરાત હુમલો કરવામાં આવ્યો. આ હુમલાઓ આખા અઠવાડિયા દરમિયાન ચાલુ રહ્યા છે. ■

# ૧૬ના જાન લેનાર એસઆઈઆર દ્વારા દેશભરમાં અરાજકતા ફેલાઈ છેઃ રાહુલ

નવી દિલ્હીઃ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ફરી એકવાર સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) અંગે સરકાર અને ચૂંટણી પંચ પર પ્રહારો કર્યા છે. તેમણે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર પોસ્ટ કરીને સરકાર અને ચૂંટણી પંચને ઘેરવાનો પ્રયાસ કર્યો છે. તેમણે કહ્યું હતું કે સરકારે એસઆઈઆરના નામે દેશભરમાં અરાજકતા ફેલાવી છે. હવે તેના પરિણામો સામે આવવા લાગ્યા છે. છેલ્લા ત્રણ અઠવાડિયામાં એસઆઈઆરનાં કારણે ૧૬ બૂથ-લેવલ અધિકારીઓ (બીએલઓ) એ પોતાના જીવ ગુમાવ્યા છે. રાહુલ ગાંધીએ વધુમાં જણાવ્યું હતું કે આમાંથી કેટલાક બીએલઓએ કામના ભારણને કારણે આત્મહત્યા કરી હતી, જ્યારે કેટલાક હૃદયરોગના હુમલાથી મૃત્યુ પામ્યા હતા. આજે પણ સેંકડો બીએલઓ ભારે તણાવ હેઠળ કામ કરી રહ્યા છે. એસઆઈઆર એ કોઈ સુધારો નથી. તે લોકો પર લાદવામાં આવેલા જુલમનું એક સ્વરૂપ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સરકારે ચૂંટણી પંચ સાથે મળીને આ સિસ્ટમ બનાવી છે. હવે, ચૂંટણી પંચના અધિકારીઓ બીએલઓ પર દબાણ કરી રહ્યા છે. આ દબાણ, તણાવ હૃદયરોગના હુમલા અને આત્મહત્યા તરફ દોરી રહ્યા છે. રાહુલ ગાંધીએ વધુમાં જણાવ્યું હતું કે ચૂંટણી પંચે એક એવી સિસ્ટમ બનાવી છે જ્યાં નાગરિકોને પોતાને શોધવા માટે બાવીસ વર્ષ જૂની મતદાર યાદીઓના હજારો સ્કેન કરેલા પાના ફેરવવા પડે છે. ઉદ્દેશ્ય સ્પષ્ટ છેઃ સાચા મતદારોને થાકીને હારી જાય અને વોટ ચોરી ચાલતી રહે. રાહુલ ગાંધીએ કટાક્ષમાં કહ્યું કે ભારત વિશ્વ માટે અત્યાધુનિક સોફ્ટવેર વિકસાવે છે, પરંતુ ભારતીય ચૂંટણી પંચ હજુ પણ કાગળના જંગલો બનાવવા પર અડગ છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### કશું ફાઈનલ નથી

તો ચંડીગઢ માટે કેન્દ્ર દ્વારા કાયદો ઘડવાની પ્રક્રિયા સરળ બનશે. ગૃહ મંત્રાલયે ભારપૂર્વક જણાવ્યું હતું કે અમારો પ્રસ્તાવ ચંડીગઢ, તથા પંજાબ અને હરિયાણા વચ્ચેની પારંપરિક વ્યવસ્થા બદલવા માગતો નથી.

લોકસભા અને રાજ્યસભાએ પહેલી ડિસેમ્બરથી શરૂ થતા સત્રમાં આવનારા દસ ખરડામાં હંગામી યાદીમાં બંધારણ (૧૩૧મો સુધારો) ખરડો-૨૦૨૫ને લિસ્ટિંગ કર્યો એના એક દિવસ બાદ આ ખુલાસો કરવામાં આવ્યો હતો. આ ખરડો ચંડીગઢને બંધારણના ૨૪૦મી કલમના કાર્યક્ષેત્રમાં લાવવા માગે છે જેથી રાષ્ટ્રપતિને કેન્દ્રશાસિત પ્રદેશ માટેના કાયદા બનાવવાની સીધી સત્તા મળે. આના પર પંજાબના નેતાઓએ ઉગ્ર પ્રત્યાઘાતો પાડ્યા હતા. (એજન્સી) ■

### કે. એલ. રાહુલ

અને નીતીશ કુમાર રેડ્ડી પર છોડવામાં આવી છે. સ્પિન વિભાગમાં જાડેજાને કુલદીપ તથા વૉશિંગ્ટન સુંદરનો સાથ મળી રહેશે. થોડા મહિનાઓથી સતત રમી રહેલા અક્ષર પટેલને આરામ આપવામાં આવ્યો છે. જોકે વન-ડે શ્રેણી બાદ સાઉથ આફ્રિકા સામે જ રમાનારી ટી-૨૦ સિરીઝમાં અક્ષર પુનરાગમન કરશે એવી સંભાવના છે.

હાર્દિક પંડ્યા અને શ્રેયસ ઐયર ઈજામાંથી હજી પૂર્ણપણે મુક્ત નથી થયા એટલે તેમને વધુ આરામ અપાયો છે અને તેમની ગેરહાજરીમાં ઑલરાઉન્ડર વૉશિંગ્ટન સુંદર, નીતીશ કુમાર રેડ્ડીને તક મળી છે તેમ જ બૅટિંગ લાઇન-અપ મજબૂત કરવા માટે તિલક વર્મા, ઋતુરાજ ગાયકવાડ તથા ધ્રુવ જુરેલને સ્ક્વૉડમાં સમાવવામાં આવ્યા છે. છ વન-ડે રમી ચૂકેલા ગાયકવાડને બે વર્ષે વન-ડે સ્ક્વૉડમાં પાછા આવવા મળ્યું છે. યશસ્વી જયસ્વાલ હજી એક જ વન-ડે રમ્યો છે અને તેને રોહિત શર્મા સાથે ઓપનિંગમાં રમવાનો મોકો મળે તો નવાઈ નહીં.

**ભારતીય ટીમઃ** કે. એલ. રાહુલ (કૅપ્ટન, વિકેટકીપર), રોહિત શર્મા, વિરાટ કોહલી, યશસ્વી જયસ્વાલ, તિલક વર્મા, ઋતુરાજ ગાયકવાડ, રિષભ પંત (વિકેટકીપર), ધ્રુવ જુરેલ, રવીન્દ્ર જાડેજા, વૉશિંગ્ટન સુંદર, નીતીશ કુમાર રેડ્ડી, કુલદીપ યાદવ, હર્ષિત રાણા, પ્રસિદ્ધ ક્રિષ્ના અને અર્શદીપ સિંહ. ■

### સંયુક્ત રાષ્ટ્રસંઘની

સાયબર સિક્યોરિટી માળખું અને મહિલાની આગેવાની હેઠળની તંત્રજ્ઞાનની પહેલને ત્રણે દેશો વચ્ચે શૅર કરી શકાય.

આઈબીએસએના ફંડે શિક્ષણ, મહિલા સશક્તીકરણ અને સૌર ઊર્જા જેવા ૪૦ દેશના પ્રકલ્પોમાં ટેકા આપ્યો તેની મોદીએ સરાહના કરી હતી. તેમણે દક્ષિણ-દક્ષિણ સહકાર વધુ ગાઢ બનાવવા આઈબીએસએ ફંડ ફોર કલાઈમેટ રીસાયલન્ટ એગ્રિકલ્ચરની હિમાયત કરી હતી. (એજન્સી)

### એઆઈના દુરુપયોગ માટે વૈશ્વિક પહેલની પીએમની હાકલ

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના દુરુપયોગને રોકવા માટે એક વૈશ્વિક પહેલ કરવાની અપીલ કરી હતી અને જરૂરી ટેકનોલોજીને ફાઈનાન્સ-કેન્દ્રિત કરવાને બદલે હ્યુમન-કેન્દ્રિત બનાવવા માટે મજબૂત હિમાયત કરી હતી. અહીં જી-૨૦ સમિટના ત્રીજા સત્રને સંબોધતા મોદીએ એમ પણ કહ્યું હતું કે ટેકનોલોજી એપ્લિકેશનો ‘નેશનલ’ ને બદલે ‘ગ્લોબલ’ હોવી જોઈએ અને ‘એક્સક્લૂસિવ મોડલ’ ને બદલે ‘ઓપન સોર્સ’ પર આધારિત હોવી જોઈએ. ■


# મુખ્ય પ્રધાન કચ્છની મુલાકાતેઃ જિલ્લામાં ₹૬૭૯ કરોડના વિકાસકામોની ભેટ આપી

## ગાંધીધામમાં ફલાય ઓવરબ્રિજનું ‘ડો. બાબાસાહેબ આંબેડકર બ્રિજ’ નામકરણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાતના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ રવિવારે એક દિવસની કચ્છની મુલાકાતે આવ્યાં હતા. તેઓએ ઔદ્યોગિક મથક ગાંધીધામ ખાતે ₹૬૭૯ કરોડના વિકાસકામોની ભેટ આપી હતી. ગાંધીધામમાં, મહાનગરપાલિકા દ્વારા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાન્ટમાંથી ₹૧૭૬ કરોડના વિકાસકામોનું ખાતમુહૂર્ત મુખ્ય પ્રધાનના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમજ ભુજની લાલન કોલેજના ગ્રાઉન્ડ ખાતેથી પશ્ચિમ કચ્છ વિસ્તારના ૫૦૩ કરોડના વિકાસ કાર્યોનું ઇ લોકાર્પણ મુખ્યમંત્રીના હસ્તે કરાયું હતું.

ગાંધીધામના સરદાર પટેલ ઓડિટોરિયમ ખાતે આયોજિત સભા સ્થળેથી ભૂપેન્દ્રભાઈએ જાહેર સભાને સંબોધી હતી. જેમાં ગ્રીન ઊર્જા ક્ષેત્રે ભારત દુનિયામાં ગ્રીન હાઇડ્રોજન એનર્જી ક્ષેત્રે હબ બનવા જઈ રહ્યું છે એમાં કચ્છ કેન્દ્ર સ્થાને છે એવું જણાવી કચ્છના રણમાં ૩૦ ગીગાવોટ વીજળીના ઉત્પાદનના કારણે કચ્છ ગ્રીન હાઇડ્રોજનનું હબ બની જશે તેમ જણાવ્યું હતું, તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વાયબ્રન્ટ ગુજરાત શરૂ



કર્યા બાદ આ ભાતીગળ પ્રદેશે વિકાસની હરણફાળ ભરી છે. વિશ્વની ફોર્ચ્યુન ૫૦૦ પૈકી ૧૦૦ કંપનીઓ ગુજરાતમાં છે.

ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, નગરની પ્રાથમિક જરૂરિયાતો સંતોષાઈ રહે તે મહત્વનું છે. ગાંધીધામમાં માર્ગ, ગટર અને પાણી સહિતની સુવિધા તો છે જ પરંતુ તેમાં વધારો કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે,મહાનગર પાલિકા અસ્તિત્વમાં આવ્યા અગાઉ ગાંધીધામનું વાર્ષિક બજેટ માત્ર રૂપિયા ૧૧૦ કરોડનું હતું, જે હવે વધીને ૬૦૮ કરોડોનું કરી દેવામાં આવ્યું છે. ‘દેશ પ્રથમ’ એ સૂત્ર સાથે આગળ વધી રહેલા વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના શાસન કાળમાં લાગુ થયેલી મુખ્યમંત્રી સ્વર્ણિમ યોજના થકી શહેરોનો વિકાસ સુનિશ્ચિત થયો છે, જેમાં ગાંધીધામ ખાતે ૧૭૬ કરોડના વિવિધ વિકાસ કાર્યોને ખુલ્લા મુકવામાં આવ્યા છે જેમાં શહેરના માર્ગોને આઈકોનિક બનાવાશે, મનોરંજન માટે નવા ગાર્ડન, તળાવના બ્યુટીફીકેશન કાર્યો કરવામાં આવશે. આ ઉપરાંત આધુનિક સમય સાથે તાલ મિલાવતા શિક્ષણ માટે અદ્યતન લાયબ્રેરીનું નિર્માણ કરવામાં આવશે. મુખ્યમંત્રી દ્વારા ગાંધીધામના ટાગોર રોડ પર નવનિર્મિત ફલાય ઓવરબ્રીજનું ‘ડો.બાબાસાહેબ આંબેડકર બ્રિજ’ નામકરણ કરવામા આવ્યું હતું. આ સાથે જ ઓસ્લો ખાતે સર્કલ ડેવલોપમેન્ટ એન્ડ પાર્કિંગ ફેસેલીટીના વિવિધ કામની તકતીનું અનાવરણ કરવામાં આવ્યું હતું. ■

# ભૂપેન્દ્ર પટેલની સંવેદનશીલતા, લગ્નમાં વિક્ષેપ ન પડે તે માટે કાર્યક્રમનું સ્થળ બદલ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વહીવટકર્તા અને એ પણ રાજ્યના મુખ્યા જ્યારે પ્રજાલક્ષી બને છે ત્યારે સરકાર પ્રત્યે પ્રજામાં પણ પોતિકાપણાની ભાવના જાગે છે. આવું જ એક સરાહનીય કામ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કર્યું હતું, જેની ચોમેર વાહવાહી થઈ રહી છે. જામનગરના એક પરિવારની દીકરીના લગ્નમાં વિક્ષેપ ન પડે તે માટે મુખ્ય પ્રધાને પોતાના કાર્યક્રમનું સ્થળ બદલવાનો આદેશ આપ્યો હતો.

વાત એમ બની કે તારીખ ૨૩-૧૧-૨૦૨૫ ના રોજ જામનગરના પરમાર પરિવારની દીકરી સંજના પરમારનાં લગ્ન શહેરના ટાઉનહોલ ખાતે યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું. લગ્નની તમામ તૈયારીઓ પૂર્ણતાના આરે હતી, ત્યારે જ પરિવારને જાણ થઈ કે લગ્નના માત્ર એક દિવસ પછી, એટલે કે ૨૪-૧૧-૨૦૨૫ ના રોજ, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલનો એક જાહેર કાર્યક્રમ તે જ ટાઉનહોલ ખાતે નિર્ધારિત છે. મુખ્ય પ્રધાનના કાર્યક્રમને પગલે ટાઉનહોલ અને આસપાસના વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત તથા સુરક્ષા વ્યવસ્થાઓ સઘન બની હતી, જેના કારણે લગ્નવિધિમાં અવરોધ ઊભા થવાની શક્યતા ઊભી થતાં પરમાર પરિવાર ચિંતામાં મુકાઈ ગયો હતો.

આ ચિંતાને લઈને પરિવારે મુખ્ય પ્રધાન કાર્યાલય સુધી પોતાની વાત પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. જેની જાણ થતાં જ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે તુરંત સંવેદનશીલતા દાખવી અને કહ્યું હતું, આપણા કાર્યક્રમનું સ્થળ બદલો. દીકરીના પરિવારની ચિંતા એ આપણી ચિંતા છે. મુખ્ય પ્રધાનના આ આદેશના પગલે કાર્યક્રમનું સ્થળ તાત્કાલિક બદલી નાખવામાં આવ્યું હતું.

આ અંગે વાત કરતા દીકરીના કાકા બ્રિજેશભાઈ પરમારે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, લગ્નગાળાની સીઝનમાં તાત્કાલિક નવું સ્થળ શોધવું અને નવી વ્યવસ્થાઓ ઊભી કરવી અમારા માટે અઘરું હતું, પણ મુખ્યમંત્રી સાહેબનો એક ફોન આવ્યો અને તેમણે હૈયાધારણ આપી કે લગ્ન શાંતિથી ટાઉનહોલ ખાતે જ કરો. આથી અમે નિશ્ચિત થઈ ગયા હતા.

મુખ્ય પ્રધાનના આ અભિગમને સૌ કોઈએ આવકાર્યો હતો. ■

# નવસારીમાં અજાણ્યા શખસે શિવમંદિરમાંથી શિવલિંગ ચોરી લીધું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના એક અંતરિયાળ ગામમાં આવેલા પ્રાચીન નીલકંઠ મહાદેવ મંદિરમાં એક આઘાતજનક ઘટના સામે આવી છે, જ્યાં એક અજાણ્યા વ્યક્તિએ કથિત રીતે શિવલિંગની ચોરી કરી છે. આ અસામાન્ય ઘટનાથી ગ્રામજનોમાં રોષની લાગણી ફેલાઈ ગઈ છે.

મળતી વિગતો અનુસાર, આ ચોરી મંદિરના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, જેમાં ઘટનાક્રમ ખૂબ જ વિચિત્ર અને આઘાતજનક જોવા મળે છે. ફૂટેજ મુજબ, રાત્રિના સમયે એક અજાણ્યો વ્યક્તિ મંદિર પરિસરમાં પ્રવેશ્યો હતો. ચોંકાવનારી વાત એ છે કે, ચોરી કરતા પહેલા તેણે ભક્તિ દર્શાવતા હોય તેમ ત્રણ વાર મંદિરની ઘંટડી વગાડી હતી અને ભગવાન મહાદેવ સમક્ષ સાષ્ટાંગ પ્રણામ કર્યા હતા. આ કૃત્ય બાદ, તેણે પીપળાના ઝાડ નીચે સ્થાપિત શિવલિંગને ઉઠાવી લીધું હતું, તેને પોતાની કારમાં મૂક્યું હતું અને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટપણે કેદ થઈ છે.

આ ઘટનાની જાણ થતાં જ ગ્રામજનોએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી, જેમણે આ મામલે તપાસ શરૂ કરી છે. સત્તાવાળાઓ સીસીટીવી ફૂટેજની તપાસ કરી રહ્યા છે જેથી આરોપીની ઓળખ થઈ શકે અને તેની ધરપકડ કરીને ચોરાયેલા શિવલિંગને જલદીથી પાછું મેળવી શકાય. પોલીસ દ્વારા આ કૃત્ય પાછળ ચોરનો ઇરાદો માત્ર ચોરીનો હતો કે કોઈ અંધશ્રદ્ધા કે અન્ય કોઈ કારણ જવાબદાર છે, તે દિશામાં પણ તપાસ કરવામાં આવી રહી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. ■

# આઈઆઈએમ અમદાવાદ ઓલિમ્પિકનો અસેસમેન્ટ રિપોર્ટ તૈયાર કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં ૨૦૩૬માં યોજાનારી ઓલિમ્પિકનો અસેસમેન્ટ રિપોર્ટ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ કરશે, તેવી માહિતી સૂત્રો દ્વારા મળી હતી. ગુજરાત સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કંપની લિમિટેડે આ અભ્યાસ માટે આઈઆઈએમને સત્તાવાર પત્ર આપ્યો હોવાનું જાણવા મળ્યું હતું. આઈઆઈએમએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા)ના વિવિધ વિભાગો પાસેથી વિગતો માગી કામ હાથ ધર્યું છે.

મનપાએ આ ખાસ અભ્યાસ માટે સંપર્ક અધિકારી તરીકે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર નીલેશ પટેલની નિમણૂક કરી છે. આ રિપોર્ટમાં અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ, બસ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ, રસ્તાઓ, પુલ, આવાસ, પાણી, ડ્રેનેજ, આઉટર રિંગ રોડ, રિવરફ્રન્ટ ફેઝ, ગેમ્સ વિલેજ વગેરેના પ્રોજેક્ટમાં કરેલા રોકાણો, ટાઉન પ્લાનિંગ સ્કીમની પ્રગતિ અને સામાજિક આર્થિક મૂલ્યાંકન, પાણી અને ગટરની વિસ્તરણની ક્ષમતા, જમીન સંપાદન, વાર્ષિક પ્રોપર્ટી ટેક્સ સહિતની મ્યુનિસિપલ આવક અને સ્માર્ટ સિટી કોર્પોરેશન લિમિટેડ સંબંધિત વિગતોનો સમાવેશ થશે.

દરમિયાન મળતી માહિતી અનુસાર ગુજરાત સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા)ના વરિષ્ઠ અધિકારીઓ ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સની યજમાની માટે રાજ્યની બિડ રજૂ કરવા માટે સ્કોટલેન્ડ જવા રવાના થયા છે. આ પ્રેઝન્ટેશન ૨૪ થી ૨૭ નવેમ્બર દરમિયાન ગ્લાસગોમાં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સની જનરલ એસેમ્બલી સમક્ષ રજૂ કરવામાં આવશે. ■

# ખાનગી એરલાઈન્સના બે કર્મચારી ડીઆરઆઈના રડાર પર, ૧૬ કરોડ રૂપિયાની સોનાની દાણચોરીની તપાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ ખાતે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ)ની રડારમાં ખાનગી એરલાઈન્સ ઈન્ડિગોના બે કર્મચારી આવ્યા છે. આ બન્ને અન્ય એક સાથે મળી સોનાની દાણચોરી કરતા હતા અને લગભગ રૂ. ૧૬ કરોડના સોનાની દાણચોરી થઈ હોવાનું ડીઆરઆઈની તપાસમાં બહાર આવ્યું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

ડીઆરઆઈ અનુસાર નેટવર્કે દાણચોરીની કામગીરીનું સંકલન કરવા માટે રેસ્ટ્રો નામના બોટીમ એપ ગ્રૂપનો ઉપયોગ કર્યો હતો. આ ચેટિંગ ગ્રૂપમાં કથિત રીતે ઇન્ડિગો સુરક્ષા સ્ટાફ - સિનિયર એક્ઝિક્યુટિવ (સુરક્ષા) અલ્તાફ ઉસ્માન અને આસિસ્ટન્ટ મેનેજર (સુરક્ષા) સંદીપ માસ્ત્રો - અને પીએચડીની ડિગ્રી ધરાવવાનો દાવો કરતો અમદાવાદનો કાફે માલિક ઇસ્માઇલ કાચેરી કુન્નુમલ કુન્હીપોકરનો સમાવેશ થતો હતો. ઇસ્માઇલ પર આ કામગીરી માટે કેરિયર્સની ભરતી અને સંચાલન કરવાનો આરોપ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

૧૪ નવેમ્બર ૨૦૨૫ ના રોજ ઇન્ડિગો ફ્લાઇટમાં જેદ્દાહથી આવેલા મુસાફર મોહમ્મદ અબ્દુલ નાસિર થોટ્ટાથિલ પાસે છુપાયેલું સોનું હોવાની શંકા અને તપાસ બાદ આ રેકેટ બહાર આવ્યું હતું અને એરપોર્ટની ગ્રીન ચેનલ નજીકથી તેની અટકાયતમાં લેવામાં આવી હતી.

તેના મોબાઇલ ફોનની તપાસમાં જાણવા મળ્યું હતું કે જેહાદી ઝમાન શરીફ નામનો હેન્ડલર પાર્સલના ફોટા અને સીટની વિગતો ગ્રૂપમાં પોસ્ટ કરતો હતો, ત્યારબાદ પ્લેન લેન્ડ થાય એટલે આ અધિકારીઓ સોનું મેળવી તેને એરપોર્ટ બહાર મોકલી દેવાની વ્યવસ્થા કરતા હતા. વિમાન અને એરપોર્ટ પરથી સીસીટીવી ફૂટેજ, ડિજિટલ પુરાવા સાથે ડીઆરઆઈએ ઇસ્માઇલ કુન્નુમલ કુન્હીપોકર, અલ્તાફ ઉસ્માન અને સંદીપ માસ્ત્રોની પૂછપરછ માટે અટકાયત કરી હતી. આ કાર્યવાહીમાં તાજેતરમાં રૂ.૧.૬૨ કરોડનું સોનું જપ્ત કરવામાં આવ્યું હતું, અને અધિકારીઓ માને છે કે તપાસ વધુ ઊંડાણપૂર્વક આગળ વધતાં વધુ ધરપકડો થઈ શકે છે. ■

# ગુજરાતમાં પાંચ વર્ષમાં સાયબર ક્રાઈમ 30 ટકા વધ્યોઃ ૯ મહિનામાં લોકોના રૂપિયા ૧,૦૧૧ કરોડ ચાઉં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સાયબર ક્રાઈમ ચિંતાજનક રીતે વધી રહ્યો છે. સાયબર ક્રાઈમ અટકાવવા સીઆઈડી (ક્રાઈમ) અને ગુજરાત પોલીસ સતત સક્રિય છે. સરકાર પણ જનજાગૃતિ અભિયાનો ચલાવી રહી છે તેમ છતાં સાયબર ક્રાઈમ પર નિયંત્રણ લાવી શકાયું નથી. રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં સાયબર ક્રાઈમના બનાવોમાં ચિંતાજનક ૩૦ ટકાનો વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૨૫ના સપ્ટેમ્બર મહિના સુધીમાં જ (પ્રથમ ૯ મહિનામાં) સાયબર અપરાધીઓએ લોકોના રૂ.૧,૦૧૧ કરોડ ચાઉં કરી લીધા છે.

મળતી વિગત મુજબ, સૌથી વધુ ઠગાઈ રોકાણમાં ઊંચા વળતરની લાલચ આપીને કરવામાં આવી છે. માત્ર રોકાણના બહાને જ ૯,૨૪૦ લોકો સાથે છેતરપિંડી આચરીને કુલ રૂ.૩૯૭ કરોડનો ચૂનો ચોપડવામાં આવ્યો છે. આ ઉપરાંત ખોટી ઓળખ આપીને, ઓટીપી (ઓટીપી) અને કાર્ડ ફ્રોડના કિસ્સાઓમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ખોટી ઓળખ આપીને ગઠિયાઓએ ૨૭,૮૧૬ લોકો પાસેથી રૂ.૧૩૭ કરોડ ખંખેરી લીધા છે.

વર્ષ ૨૦૨૦માં રોજના સરેરાશ ૧૫૫ ઓનલાઈન ગુના-ફરિયાદ નોંધાતી હતી. (પ્રતિ કલાક સરેરાશ ૬ ફરિયાદ). જ્યારે વર્ષ ૨૦૨૫માં દરરોજની સરેરાશ ૫૨૧ ફરિયાદો આવી રહી છે. (પ્રતિ કલાક સરેરાશ ૨૧ ફરિયાદ). છેલ્લા ૫ વર્ષમાં કુલ ૪.૮૧ લાખ ફરિયાદો નોંધાઈ છે, જેમાં નાગરિકોએ કુલ રૂ.૩,૩૮૭ કરોડ ગુમાવ્યા છે. જોકે, રાહતની વાત એ છે કે પ્રતિ ફરિયાદ સરેરાશ નુકસાનની રકમમાં બહુ મોટો વધારો થયો નથી. ૨૦૨૦માં રૂ.૭૦,૩૧૩ સામે ૨૦૨૫માં રૂ.૭૧,૨૦૪ ગુમાવવાનો વારો આવ્યો છે.

સાયબર નિષ્ણાતોના મતે, ગઠિયાઓની મોડસ ઓપરેન્ડી બદલાઈ છે. હવે તેઓ ખાસ કરીને પેન્શનર્સ અને એકલવાયું જીવન જીવતા સિનિયર સિટીઝન્સને ટાર્ગેટ કરી રહ્યા છે. ખોટો ભય બતાવી, પોલીસ કે સીબીઆઈના નામે ધમકાવી ‘હાઉસ એરેસ્ટ’ કરવાના બહાને અથવા શંકાસ્પદ એપ્લિકેશન ડાઉનલોડ કરાવીને તેમના જીવનભરની મૂડી લૂંટી લેવામાં આવે છે. ■

# બોગસ હથિયાર રેકેટ મામલે મુખ્ય આરોપી દેવાકાંત પાંડેની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તર પ્રદેશના એટા જિલ્લાના બોગસ હથિયાર રેકેટ મામલે એટીએસએ મુખ્ય આરોપી પૈકીના દેવાકાંત પાંડેને ઝડપી લીધો છે. ત્યારબાદ આરોપીને ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરતા ગ્રામ્ય કોર્ટે આરોપીના પાંચ દિવસના રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા હતા. ત્યારે આ કેસમાં હજુ બે આરોપીઓ હજુ ફરાર છે જેની શોધખોળ પોલીસ કરી રહી છે. નોંધનીય છે કે, આ પ્રકરણમાં ૧૪ આરોપીઓની એટીએસએ ધરપકડ કરી ચાર્જશીટ કરી હતી. ત્યારબાદ તમામ આરોપીઓને સેશન્સ કોર્ટે જામીન પર મુક્ત કર્યા છે.

બોગસ હથિયાર લાઈસન્સ પ્રકરણમાં ફરાર દેવાકાંત બ્રિજેશચંદ્ર પાંડેની એટીએસએ ધરપકડ કરી હતી. ત્યારબાદ ગ્રામ્ય કોર્ટમાં આરોપીને રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાં સરકારી વકીલ એમ.એસ.શેખે રિમાન્ડ અરજી અંગે રજૂઆત કરતા જણાવ્યું હતું કે, આ કેસના મોટા ભાગના સહ આરોપીઓને હથિયાર દેવાકાંતે આપ્યા છે તો તેણે કેવી રીતે હથિયાર મેળવ્યા?, આરોપીએ કારતૂસ પણ કેવી રીતે લીધા?, આરોપીએ આ રીતે બીજા કેટલા લોકોને હથિયાર આપ્યા છે? આરોપીઓનો સંપર્ક દેવાકાંત પાંડેએ કેવી રીતે કર્યો?, આરોપીએ લાખો રૂપિયા લઇ ખોટા લાઈસન્સ આપ્યા છે તે પૈસા ક્યાં વાપર્યા ?, આરોપી સાથે સંડોવાયેલ ફરાર સહ આરોપીઓ ક્યાં છે? આરોપીની સાથે કોઇ સરકારી કર્મચારીની સંડોવણી છે કે નહીં સહિતના મુદ્દાની તપાસ માટે રિમાન્ડની જરૂર છે. બીજી તરફ આરોપી તરફે એવી રજૂઆત કરી હતી કે, મોટા ભાગના મુદ્દે તપાસ થઇ ચૂકી છે, પોલીસે આ મામલે તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ પણ કરી દીધી છે, આરોપીની હાજરી વગર તપાસ થઇ શકે તેમ છે ત્યારે આરોપીને રિમાન્ડ પર ન સોંપવો જોઇએ. બન્ને પક્ષની રજૂઆત બાદ કોર્ટે આરોપીને પાંચ દિવસના રિમાન્ડ પર સોંપવામાં આવ્યો છે. ■

# ભાવનગરની મદરેસામાં ડિમોલિશન, પોલીસ બંદોબસ્ત સાથે ૧૫૦૦ ચો.મી. દબાણ દૂર કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર શહેરના અકવાડા મદરેસામાં ગેરકાયદે બાંધકામો દૂર કરવામાં આવી રહ્યા છે. રવિવારે વહેલી સવારથી જ શહેરની અકવાડા મદરેસા ટીપી રોડ નીકળતો હોવાથી અહીં થયેલા ગેરકાયદેસર બાંધકામો ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે દૂર કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ઘોઘા રોડથી અધેવાડા સુધી ૨૪ મીટર ટીપી રોડ પરથી દબાણો હટાવાઈ રહ્યા છે. તેથી મહાનગરપાલિકાના વિશાળ દબાણ હટાવ અભિયાન અંતર્ગત દારુલ ઉલુમ મદરેસા વિસ્તારમાંથી ૧૫૦૦ ચો.મી દબાણ દૂર કરવામાં આવ્યું હતું.

રવિવારે વહેલી સવારે ચાર જેસીબી, બે હિટાચી સહિત વાહનો સાથે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. અકવાડા વિસ્તારમાંથી ૬ ફ્લેટ અને ૧ હોસ્ટેલના રૂમ પર પાલિકાએ બુલડોઝર ફેરવ્યું છે. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ભારે પોલીસ બંદોબસ્ત સાથે એલસીબી, એસઓજી સહિત વિભાગોની ટીમો તૈનાત રાખવામાં આવી હતી.

મદરેસાના કમ્પાઉન્ડ હોલ, રસોડાનું બાંધકામ દૂર કરવામાં આવ્યું હતું. દબાણ હટાવી ૧૫૦૦ ચો.મી.ની જગ્યા ખુલ્લી કરાઈ હતી અને ૧૫૦ જેટલા પોલીસ બંદોબસ્ત વચ્ચે ડિમોલિશન કરવામાં આવ્યું હતું. પોલીસ બંદોબસ્ત તેમ જ ૪ જેસીબી અને ૩ હીટાચી વડે મદરેસાનું બાંધકામ દૂર કરવામાં આવ્યું હતું. દબાણ હટાવી ૧૫૦૦ ચોરસ મીટરની જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી. મનપાના દબાણ વિભાગ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી ત્યારે મદરેસા અને ફ્લેટની અંદર રહેતા લોકો માલસામાન સાથે બહાર નીકળ્યા હતા. પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે મનપાના અધિકારીઓ, કર્મચારીઓ અને વિવિધ વિભાગોની ટીમોએ સ્થળ પર પહોંચીને કામગીરી હાથ ધરી હતી.

આ અંગે પોલીસ અધિકારીએ જણાવતા કહ્યું હતું કે, શહેરમાં રોડ અંગેનું કામકાજ થઈ રહ્યું છે. આ કામમાં મદરેસાનો એક બ્લોકમાં લિગલ પ્રોસેસ કરીને ડિમોલિશનનું કામ થઈ રહ્યું છે. મહાનગરપાલિકાની ટીમની સાથે અમે ૧૫૦ પોલીસ અધિકારીઓનો બંદોબસ્ત રાખ્યો છે. શહેરમાં શાંતિ બની રહે તે માટે શહેરના વિવિધ સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ થઈ રહ્યું છે. ■

# વડોદરા પોલીસે કબરમાંથી પાંચમા દિવસે મૃતદેહ બહાર કાઢ્યો

## પત્નીએ પતિની હત્યા કરાવ્યાનો પરિવારનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં એક હચમચાવી દે તેવી ઘટના બની હતી. એક યુવતીએ પ્રેમીને પામવા સાથે મળીને પોતાના જ પતિની હત્યા કરી તેને કુદરતી મૃત્યુમાં દેખાડવાનો પ્રયાસ કર્યો હતો અને ચોંકાવનારી વાત તો એ છે કે, આમ કરવામાં તે મહદઅંશે સફળ પણ થઈ હતી અને વિધિવત રીતે તમામ પરિવારજનોની હાજરીમાં તેની દફનવિધિ પણ કરાવી દીધી હતી. જોકે મૃતકના પરિવારજનો પત્નીએ જ પતિની હત્યા કરી હોવાનો પરિવારે આક્ષેપ કર્યો હતો. આ આરોપોને આધારે પોલીસે દફનવિધિના પાંચ દિવસ બાદ કબરમાંથી મૃતદેહ બહાર કાઢતા આ સમગ્ર હચમચાવતી ઘટનાનો પર્દાફાશ થયો હતો. પોલીસે આ મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મળતી માહિતી અનુસાર, વડોદરાના તાંદલજા ચોક પાસે રહેતા ઈર્શાદ અબ્દુલ કરીમ બંજારાનું ૧૮ નવેમ્બરની રાત્રે ૧૫થી ૧ વાગ્યા વચ્ચે મોત થયું હતું, પરિવારે આરોપ લગાવતાં કહ્યું હતું કે, ઈર્શાદને પહેલા ઊંઘની ગોળીઓ આપીને બેહોશ કરવામાં આવ્યો હતો અને પછી ગળું દબાવીને તેની હત્યા કરવામાં આવી છે. મૃતકના પરિવારે આક્ષેપ કર્યો છે કે ૩૨ વર્ષીય ઈર્શાદ વણઝારાની હત્યા તેની પત્ની ગુલબાનુએ મુંબઈ સ્થિત પોતાના મિત્ર તોસિફ અને અન્ય એક શખ્સ સાથે મળીને ષડયંત્ર રચીને કરી હતી. જોકે, પરિવારજનોએ આકસ્મિક મોત થયું હોવાનું માનીને ૧૯ નવેમ્બરના રોજ ઇર્શાદની દફનવિધિ પણ કરી દીધી હતી.

દફનવિધિ બાદ મૃતકના પરિવારને શંકા જતાં તેને પત્ની ગુલબાનુના મોબાઇલ ફોનની તપાસ કરી હતી. આ તપાસમાં તેમને જાણવા મળ્યું હતું કે પત્ની ગુલબાનુએ સતત કોઈ એક જ નંબર પર લાંબા સમય સુધી ફોન કર્યા હતા, જેના કારણે તેમની શંકા વધુ ગાઢ બની હતી.આ શંકાના આધારે, હત્યાની સઘન તપાસ કરવા માટે પોલીસ અને મેજિસ્ટ્રેટની હાજરીમાં ૩૨ વર્ષીય યુવકના મૃતદેહને કબરમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. જેપી રોડ પોલીસે યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે અને આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને આગળની તપાસ બાદ જ આ સમગ્ર હત્યાના ષડયંત્રની હકીકત બહાર આવશે. ■

# કંડલાના દીનદયાળ પોર્ટ ખાતે ૨૪ કલાકમાં ૮૧,૦૨૪ ટન કોલસાનું વિક્રમી અનલોડિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કંડલા પોર્ટ ઓથોરિટી ખાતે ૨૪ કલાકમાં ૮૧,૦૨૪ ટન કોલસો ડિસ્ચાર્જ કરવામાં આવ્યો હતો, જે એક રેકોર્ડ માનવામાં આવે છે. કાર્ગો બર્થ નંબર ૭ પર એમ.વી. મરાથોસ જહાજ દ્વારા માત્ર ૨૪ કલાકમાં આટલો મોટો જથ્થો અનલોડ થયો હતો. આ રેકોર્ડ બ્રેકિંગ કામગીરી દેશના બંદરીય ઉદ્યોગોમાં એક નોંધપાત્ર સિદ્ધિ તરીકે જોવામાં આવે છે. પોર્ટ ખાતે આધુનિક સુવિધાઓ, તાલીમ પામેલા માનવબળ સહિતની સુવિધાઓને લીધે આટલા ઓછા સમયમાં આટલો મોટો જથ્થો અનલોડ થઈ શક્યો હોવાનું ક્ષેત્રના નિષ્ણાતો જણાવી રહ્યા છે.■

# કામના અતિશય ભારણથી ચાર દિવસમાં ચાર બીએલઓનાં મૃત્યુ, અમદાવાદમાં ૪૫૦થી વધુને નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ માટે સરકારી શાળાના શિક્ષકોને બીએલઓની જવાબદારી સોંપવામાં આવતા શિક્ષકોમાં ભારોભાર રોષ છે. જોકે, બીએલઓ પર ખોટી રીતે કામગીરીનું દબાણ કરાઇ રહ્યું હોવાના પગલે રાજ્યમાં ચાર દિવસમાં ચાર બીએલઓનાં મોત થઈ ચૂક્યા છે. ત્યારે હવે આ વિરોધ ધીમે ધીમે આકરુ સ્વરૂપ લઈ રહ્યો છે અને સમગ્ર રાજ્યમાં અનેક સ્થળોએ વિરોધના સૂર ઊઠી રહ્યા છે.

આ દરમિયાન અમદાવાદમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમમાં ટાર્ગેટ પૂર્ણ ન કરાતા અમદાવાદ સ્કૂલ બોર્ડના જ ૪૫૦ કરતા વધુ બીએલઓને નોટિસ ઈસ્યૂ કરાઇ હોવાની વિગતો બહાર આવી છે. બીએલઓની કામગીરી કરતા શિક્ષકોને વોટ્સએપ ગ્રૂપમાં સસ્પેન્ડ કરવાની ધમકીથી માંડીને સ્કૂલમાં નહીં જવા માટે ફરજ પાડવામાં આવી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે. જો બીએલઓ સ્કૂલે ગયા અને સરની કામગીરી ન થઈ તો સસ્પેન્શનના ઓર્ડર મળી જશે તેવી ધમકીને પગલે શિક્ષકોમાં ભારે આક્રોશ ફેલાયો છે.

જોકે, આ તમામ ઘટના વચ્ચે પણ અધિકારીઓએ બીએલઓ પર દબાણ કરવાનું બંધ ન કર્યું હોવાની વિગતો સામે આવી છે. અમદાવાદ શહેરમાં બીએલઓને રોજેરોજની કામગીરીનો ટાર્ગેટ આપવામાં આવી રહ્યો છે અને આ ટાર્ગેટ પૂર્ણ ન થતાં બીએલઓને નોટિસ ઈશ્યૂ કરવામાં આવે છે. જેમાં અમદાવાદ મ્યુનિ. સ્કૂલો બોર્ડના જ ૪૫૦ કરતા વધુ શિક્ષકોને બીએલઓ તરીકેનો ટાર્ગેટ પૂર્ણ ન કરવા બદલ નોટિસ મળી ચૂકી છે. આટલું ઓછું હોય તેમ, બીએલઓની કામગીરીને લઈને જે તે વિસ્તારના વોટ્સએપ ગ્રૂપ બનાવાયા છે. જેમાં સુપરવાઈઝર દ્વારા કામગીરીની સમીક્ષા કરાતી હોય છે અને ટાર્ગેટ અપાતો હોય છે. આ ગ્રૂપમાં જ બીએલઓને માત્ર એન્યૂમરેશન ફોર્મ ભરવાની કામગીરી પતાવવા માટે દબાણ કરાયું છે અને કોઈ પણ બીએલઓએ શાળામાં જવાનું નથી તેવી ખુલ્લી ધમકીઓ આપવામાં આવી છે. ■

# સંસ્થા સમાચાર

## શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજના મેડિકલ સેન્ટરમાં કરોડરજ્જુને લગતી સમસ્યાના નિષ્ણાત ડૉક્ટર આકાશ જૈન (M.S. Ortho; Mch. Spine Surgery) તારીખ ૪ ડિસેમ્બર, ૨૦૨૫થી દર ગુરુવારે સાંજે ૫.૦૦ થી ૬.૩૦ વાગ્યા સુધી સમાજના મેડિકલ સેન્ટરમાં ઉપલબ્ધ રહેશે. કરોડરજ્જુના સંબંધિત રોગોનું સંપૂર્ણ નિદાન અને સારવાર માટે દરદીઓ લાભ લઈ શકે છે.

# નાલાસોપારામાં બે દુકાનમાં લાગી આગ: જાનહાનિ નહીં

વસઇ: નાલાસોપારા પૂર્વ અને પશ્ચિમમાં બે સ્થળે આવેલી દુકાનમાં આગ લાગી હતી. નસીબજોગે આગમાં કોઇ જાનહાનિ થઇ નહોતી.

નાલાસોપારા પૂર્વમાં આંબેડકરનગર સ્થિત સંતોષ ભવન ખાતે આવેલી દુકાનમાં રવિવારે મળસકે આગ લાગી હતી. આગની જાણ થતાં અગ્નિશમન દળના જવાનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવ્યો હતો. આગમાં કોઇને ઇજા થઇ નહોતી, પણ આગ લાગવા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું.

દરમિયાન નાલાસોપારા પશ્ચિમમાં નીળેગાંવ ખાતેના કોમ્પ્લેક્સમાં આવેલી દુકાનમાં શનિવારે મોડી રાતે આગ લાગી હતી. લક્ષ્મણ પરમાર નામના શખસે અગ્નિશમન દળને કૉલ કરીને આગની જાણ કરી હતી, જેને પગલે જવાનો ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. શોર્ટસર્કિટને કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું. જવાનોએ તાત્કાલિક વીજપુરવઠો ખંડિત કર્યા બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

# ખાડાને કારણે સ્કૂટી પરથી પટકાયેલા બે જણ પર ટ્રક ફરી વળી: એકનું મોત

પાલઘર: પાલઘર જિલ્લામાં રસ્તા પરના મોટા ખાડાને કારણે સ્કૂટી પરથી પટકાયેલા બે જણ પર ટ્રક ફરી વળી હોવાની ઘટના રવિવારે સવારે બની હતી. આ અકસ્માતમાં ખાનગી કંપનીના મેનેજરનું મોત થયું હતું, જ્યારે તેનો સહકર્મી ગંભીર રીતે ઘવાયો હતો. અકસ્માતને કારણે નાગરિકોમાં રોષ ફેલાયો હતો અને અમુક શખસોએ ટ્રકને આગ ચાંપી દીધી હતી, જેને કારણે માર્ગ પર ભારે ટ્રાફિક જૅમ સર્જાયો હતો. પોલીસે ફરાર ડ્રાઈવરની ધરપકડ કરીને વધુ તપાસ આદરી છે. અકસ્માતમાં મૃત્યુ પામેલા શખસની ઓળખ મહેશ દેસાઇ તરીકે થઇ હતી, જે ખાનગી કંપનીમાં મેનેજર તરીકે કામ કરતો હતો, જ્યાં તેનો સહકર્મી લવકુશ વર્મા ગંભીર રીતે ઘવાયો હોવાથી તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર નાલાસોપારા વિસ્તારમાં રવિવારે સવારે આઠ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો. મનોજ દેસાઇ તેના સહકર્મી લવકુશ વર્મા સાથે સ્કૂટી પર જઇ રહ્યો હતો ત્યારે રસ્તા પરના મોટા ખાડા સાથે સ્કૂટી અથડાતાં તેમણે સંતુલન ગુમાવ્યું હતું અને તેઓ રસ્તા પર પટકાયા હતા. એ સમયે પાછળથી આવનારી ટ્રકનું ટાયર મહેશ દેસાઇ પરથી ફરી વળ્યું હતું અને તેનું ગંભીર ઇજાને કારણે મૃત્યુ થયું હતું.

અકસ્માત બાદ ડ્રાઇવર ટ્રક ત્યાં જ છોડીને ઘટનાસ્થળેથી ફરાર થઇ ગયો હતો. અકસ્માતને કારણે નાગરિકો રોષે ભરાયા હતા. થોડા સમય બાદ અમુક અજાણ્યા શખસો મોટરસાઇકલ પર આવ્યા હતા અને ટ્રકને આગ ચાંપી ત્યાંથી પલાયન થઇ ગયા હતા. આને કારણે માર્ગ પર ભારે ટ્રાફિક જૅમ સર્જાયો હતો, એમ સાક્ષીદારે જણાવ્યું હતું.

નાગરિકોએ આ વિસ્તારમાં રસ્તાઓની ખરાબ હાલત સામે રોષ વ્યક્ત કર્યો હતો. સ્થાનિકોએ કહ્યું હતું કે પ્રશાસનની બેદરકારીને કારણે આ બન્યું છે. તેમણે રસ્તાઓનું તાત્કાલિક સમારકામ તથા જવાબદારો સામે કાર્યવાહીની માગણી કરી હતી.

દરમિયાન અકસ્માતની જાણ થયા બાદ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પરિસ્થિતિને નિયંત્રણમાં લીધી હતી. મહેશ દેસાઇના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી અપાયા બાદ પોલીસે આ પ્રકરણે તપાસ હાથ ધરી હતી. (પીટીઆઇ)

# મુંબઈમાં ૧૦ મહિનામાં ડિજિટલ અરેસ્ટના ૧૪૨ કેસ, ₹ ૧૧૪ કરોડની છેતરપિંડી

મુંબઈ: દેશભરમાં ડિજિટલ અરેસ્ટના નામે મોટા પાયે છેતરપિંડી થઈ રહી છે. જાન્યુઆરીથી ઓક્ટોબરના અંત સુધીમાં મુંબઈમાં ૧૪૨ કેસ નોંધાયા છે, જેના દ્વારા ૧૧૪ કરોડની છેતરપિંડી આચરવામાં આવી છે. તેથી હવે મુંબઈ પોલીસ કમિશનર દેવેન ભારતીએ એકલા રહેતા વરિષ્ઠ નાગરિકોમાં જાગૃતિ અભિયાન શરૂ કરવાનો આદેશ આપ્યો છે.

ડિજિટલ અરેસ્ટ જેવી કોઈ પદ્ધતિ દેશમાં તો શું, જગતમાં પણ ઉપલબ્ધ નથી. કોઈ પણ કાયદામાં એવી કોઈ જોગવાઈ નથી. તેથી અજાણ્યા વીડિયો કોલ્સ ન ઉપાડવા અથવા જાણતા-અજાણતા એવા કોલ્સ ઉપાડ્યા હોય તો પણ પૈસાની માંગણી પૂરી ન કરવી, આ દ્વારા કથિત ડિજિટલ અરેસ્ટથી બચી શકાશે. સાઇબર ક્રાઈમ વિભાગની એક ટીમ ઘરે ઘરે જઈને આ બાબતે જાગૃતિ ફેલાવી રહી છે.

મુંબઈમાં સાયબર ગુનાના વધતા જતા પડકારનો સામનો કરવા માટે પ્રશિક્ષિત અધિકારીઓનો એક સ્વતંત્ર વિભાગ કાર્યરત કરવામાં આવ્યો છે. મુખ્યત્વે વૃદ્ધો, મહિલાઓ અને યુવાનો ડિજિટલ અરેસ્ટનો ભોગ બની રહ્યા છે. કેટલાક કિસ્સાઓમાં ઉચ્ચ શિક્ષિત લોકો પણ આમાં ફસાઈ રહ્યા છે. તેથી માત્ર જનજાગૃતિ ફેલાવવી એ જ એક વિકલ્પ હોવાનું ધ્યાનમાં લઈને પોલીસે ઘેર-ઘેર જઈને અભિયાન ચલાવવાનું નક્કી કર્યું છે.

### 'ફંડ સામે મત'ની અજિત પવારની ટિપ્પણી

# નાયબ મુખ્ય પ્રધાન જાહેરમાં માફી માગે : સુપ્રિયા સુળે

નાગપુર : એનસીપી (એસપી)ના નેતા અને લોકસભા સાંસદ સુપ્રિયા સુળેએ રવિવારે કહ્યું કે ભારતના ચૂંટણી પંચે મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન અજિત પવાર દ્વારા વિકાસ ભંડોળને મતદારોના સમર્થન સાથે જોડતી ટિપ્પણીઓ પર નજર રાખવી જોઈએ. તેમના પક્ષના પ્રવક્તા મહેશ તાપસેએ કહ્યું કે ચૂંટણી પંચે તાત્કાલિક પગલાં લેવા જોઈએ અને અજિત પવારે જાહેર માફી માગવી જોઈએ.

શુક્રવારે પુણે જિલ્લાના બારામતી તાલુકામાં માલેગાવ નગર પંચાયતની ચૂંટણી માટે પ્રચાર દરમિયાન પવારે કહ્યું કે જો શહેર તેમના પક્ષના ઉમેદવારોને ચૂંટે તો તેઓ ખાતરી કરશે કે ભંડોળની કોઈ અછત ન રહે, પરંતુ જો મતદાતા તેમને નકારશે છે, તો તેઓ પણ તેમને નકારશે.

અહીં એક પત્રકાર પરિષદને સંબોધતા સુળેએ કહ્યું કે એક મજબૂત લોકશાહીમાં આવા નિવેદનો પર નજર રાખવી નૈતિક જવાબદારી છે, પરંતુ આપણે આજકાલ એવું થતું જોતા નથી. મેં પોતે પણ ઇસીમાં કેસ લડ્યો છે પરંતુ બધા કાગળો હોવા છતાં અમને ન્યાય મળ્યો નથી.

આપણે ચૂંટણી પંચમાં વિશ્વાસ રાખવો જોઈએ, પરંતુ કમનસીબે, છેલ્લા કેટલાક વર્ષોમાં સમાજ અને અખબારોમાં ચૂંટણી પંચ પ્રત્યે અસંતોષ જોવા મળી રહ્યો છે, એમ બારામતીના સાંસદે દાવો કર્યો.

### મહારાષ્ટ્ર સરકાર દીપડાના હુમલા રોકવા વધુ સજાગ

# એઆઈ એલર્ટ સિસ્ટમ અને ડ્રોન સર્વેલન્સનો ઉપયોગ કરાશે

પુણે: માનવ વસ્તીમાં દીપડાની હાજરી અને મનુષ્ય પર વધી રહેલા હુમલા અંગે પ્રવર્તી રહેલી ચિંતાના સંદર્ભમાં મહારાષ્ટ્રના વન પ્રધાન ગણેશ નાઈકે સોમવારે જણાવ્યું હતું કે સરકારે પુણે, અહિલ્યા નગર અને નાશિક જિલ્લામાં એઆઈ આધારિત એલર્ટ સિસ્ટમ્સ, વધારાના પાંજરા અને ડ્રોન સર્વેલન્સનો ઉપયોગ કરીને જોખમને ખાળવાના પ્રયત્નો વધુ સઘન બનાવ્યા છે. સમીક્ષા બેઠક બાદ સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં નાઇકે જણાવ્યું હતું કે જંગલની ટુકડીઓને (ફોરેસ્ટ ટીમને) દીપડાઓને પકડવામાં મદદ મળે એ માટે સ્વયંસેવકો અને સ્થાનિક યુવાનોને સામેલ કરવામાં આવી રહ્યા છે.

જુન્નર વન વિભાગ હેઠળ આવતા શિરુર તાલુકામાં દીપડાના હુમલામાં એકાદ મહિનાના સમયમાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યો હતો. દીપડાના હુમલાથી લોકોમાં રોષ ફેલાતા તેમણે તાજેતરમાં વન વિભાગના વાહનને આગ ચાંપી હતી.

વિશેષ જાણકારી આપતા પ્રધાને જણાવ્યું હતું કે અગાઉ ૨૦૦ પાંજરા હતા. હવે સૌથી વધુ અસરગ્રસ્ત પ્રદેશ જુન્નરમાં એક હજારથી વધુ પાંજરા મૂકવામાં આવ્યા છે. દીપડાને લલચાવવા પાંજરામાં પશુધનનો ઉપયોગ કરવા અંગે પ્રાણી પ્રેમીઓ દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધા નોંધવામાં આવ્યા છે. રહેવાસીઓને સતર્ક કરવા માટે એક કિલોમીટરના અંતરે એઆઈ આધારિત ઉપકરણો લગાવવામાં આવ્યા છે. જો દીપડો કોઈ ગામમાં પ્રવેશ કરે તો આ સિસ્ટમ ચેતવણી આપે છે.' (પીટીઆઈ)

# અકસ્માતના બે વર્ષ બાદ મૃત્યુ પામેલા યુવકના પરિવારને ૩૧ લાખ વળતર ચૂકવવાનો આદેશ

થાણે: થાણે મોટર એક્સિડન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) ૨૦૧૮માં અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા અને બે વર્ષ બાદ મૃત્યુ પામેલા યુવકના પરિવારજનોને ૩૧ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

એમએસીટીના સભ્ય આર. વી. મોહિતેએ મંગળવારે આપેલા પોતાના આદેશમાં નોંધ્યું હતું કે ડ્રાઇવર બેદરકારીપૂર્વક કાર હંકારી રહ્યો હતો. તેમણે કારના માલિક તેમ જ વીમા કંપનીને વળતર ચૂકવવાના નિર્દેશ આપ્યા હતા. દાવેદારોના વકીલ એસ. એમ. પવારે ટ્રિબ્યુનલને જણાવ્યું હતું કે વ્યવસાયે કાર્પેન્ટર મનોજકુમાર શ્યામનારાયણ શર્મા (૩૮) ૧૪ ઑગસ્ટ, ૨૦૧૮ના રોજ થાણેમાં ઉપવન-ગાંધીનગર માર્ગ પર ડાબી તરફ ચાલી રહ્યો હતો ત્યારે પૂરપાટ વેગે આવેલી કારના ડ્રાઇવરે કાબૂ ગુમાવ્યો હતો અને કારે શર્મા, બે મહિલા તથા અનેક મોટરસાઇકલને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં શર્માને ગંભીર ઇજા પહોંચી હતી અને બે વર્ષ સુધી પથારીવશ રહ્યા બાદ તેનું ૨૪ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ મૃત્યુ થયું હતું. ઉત્તર પ્રદેશના ગાઝીપુરમાં રહેતા શર્માના પરિવારે બાદમાં ટ્રિબ્યુનલનો સંપર્ક સાધ્યો હતો. મૃતકની બેદરકારી અથવા ટેક્નિકલ ખામીને કારણે અકસ્માત થયો હતો, એવી બચાવ પક્ષની દલીલને ટ્રિબ્યુનલે ફગાવી દીધી હતી. ટ્રિબ્યુનલે નોંધ્યું હતું કે કારને સંડોવતા અકસ્માતમાં ગંભીર ઇજાને કારણે શર્માનું મૃત્યુ થયું હતું. (પીટીઆઇ)

## પારસી મરણ

દીનાઝ દાદી બનાજી તે મરહુમ દાદી કેખશરૂ બનાજીના વિધવા. તે મરહુમો ખોરશેદ તથા બરજોરજી કોન્ટ્રાકટરના દીકરી. તે હુઝાન ને જમશેદ બનાજીના મમ્મી. તે નીરમલા જમશેદ બનાજીના સાસુ. તે પ્રોચી ગણદેવીયા ને પરવીઝ કેરાવાલાના બહેન. તે દેરેઝાર બનાજી ને ટીયારા બનાજીના બપયજી. (ઉં. વ. ૮૪) રે. ઠે. દીલનવાઝ, લલ્લુભાઇ પાર્ક, અંધેરી (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૫-૧૧-૨૫ ને બપોરે ૩.૪૫ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની હોડીવાલા બંગલીમાં.

ગેવ એરચ પાલખીવાલા તે ગવેર ગેવ પાલખીવાલાના ખાવીંદ. તે મરહુમો મની તથા જમશેદ પાલખીવાલાના દીકરા. તે મીખાઇલ ગેવ પાલખીવાલા તથા મરહુમ વસ્પાન ગેવ પાલખીવાલાના પપ્પા. તે અદીતી એમ. પાલખીવાલાના સસરા. તે મરહુમો બાનુ તથા કેકી કોડીઆના જમાઇ. (ઉં. વ. ૭૬) રે. ઠે. ભોંયતળિયે, બેરામ આબાદ, ભાભા હોસ્પિટલની સામે, ટી.પી.એચ.૪, આલમયડા પાર્કની નજીક, બાન્દ્રા પશ્ચિમ, મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૫-૧૧-૨૫ ને બપોરે ૩.૪૫ કલાકે બાન્દ્રા મધે તાતા અગિયારીમાં.

## પાયદસ્ત

રૂસી કેકી શેઠના તે ઝરીન આર. શેઠનાના ખાવીંદ. તે મરહુમો ફ્રેની તથા કેકી એમ. શેઠનાના દીકરા. તે ફરહાદ ને નોઝરના પપ્પા. તે ડેલનાઝ એફ. શેઠના ને નાઝનીન એન. શેઠનાના સસરા. તે શકીના, નરગીશ તથા મરહુમો સીલ્લુ, બોમી ને અદીના ભાઇ. (ઉં. વ. ૭૭) રે. ઠે. બી-૮૦૪, ડી.એલ.એચ. દર્શન, આઝાદ નગર, નં.૩, વિરા દેસાઇ રોડ, અંધેરી (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૫૮. પાયદસ્ત : તા. ૨૪-૧૧-૨૫ને સવારે ૮.૦૦ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની બેનેટ બંગલી નં-૬માં. ઉઠમણાની ક્રિયા : તા. ૨૪-૧૧-૨૫ ને બપોરે ૩.૪૫ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની બેનેટ બંગલી નં.૬માં.

# થાણેમાં અનધિકૃત બાંધકામોને રોકવા માટે એઆઈની મદદ લેવાશે

થાણે: બેફામ ગેરકાયદેસર બાંધકામો પ્રત્યે વર્ષોથી આંખ આડા કાન કરનાર થાણે મહાનગરપાલિકાએ હવે હાઇ કોર્ટના આદેશ બાદ આ બાંધકામોને રોકવા માટે આખરે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) આધારિત નવી સિસ્ટમ વિકસાવવાનો નિર્ણય લીધો છે. આ મુજબ નાગરિકો હવે વોટ્સએપ પર ફરિયાદો નોંધાવી શકશે. નાગરિકો દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદોમાં બાંધકામનું સ્થળ સંબંધિત અધિકારીને ગૂગલ મેપ દ્વારા પ્રાપ્ત થશે. થાણે મહાનગરપાલિકા વિસ્તારમાં છેલ્લા કેટલાક વર્ષોમાં મોટા પ્રમાણમાં અનધિકૃત બાંધકામો ઊભા થયા છે. તેમાં સાતથી આઠ માળની ઇમારતોનો પણ સમાવેશ થાય છે. નાગરિકો તરફથી એવો આરોપ કરવામાં આવી રહ્યો હતો કે આ અંગે ફરિયાદો કરવા છતાં કોઈ કાર્યવાહી થઈ રહી નથી. દરમિયાન આમાંથી કેટલાક બાંધકામોને હાઇ કોર્ટે તોડી પાડવાનો આદેશ આપ્યો છે અને અન્ય બાંધકામો પર પણ પાલિકા દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેમ છતાં, નવા ગેરકાયદેસર (અનધિકૃત) બાંધકામો ઊભા ન થાય તે માટે, થાણે મહાનગરપાલિકાએ હવે એઆઇ પર આધારિત એક નવી પ્રણાલી વિકસાવવાનો નિર્ણય લીધો છે. શહેરના કમિશનર સૌરભ રાવે અનધિકૃત બાંધકામની વર્તમાન સ્થિતિ એક જ એપ પર ઉપલબ્ધ થાય તે માટે એક સ્વતંત્ર એપ અને ડેશબોર્ડ બનાવવાનો નિર્દેશ આપ્યો છે. તે મુજબ, શહેરમાં અનધિકૃત બાંધકામો સામે કાર્યવાહી કરવા અને નાગરિકોની ફરિયાદોનું નિવારણ લાવવા માટે એઆઇ આધારિત અતિક્રમણ વ્યવસ્થાપન પ્રણાલી, મોબાઇલ એપ્લિકેશન અને વોટ્સએપ ચેટબોટ વિકસાવવામાં આવશે. આ યોજના માટે અંદાજે એક કરોડ ૬૪ લાખ ૭૨ હજાર ૮૦૦ રૂપિયાનો ખર્ચ અપેક્ષિત છે અને સંબંધિત દરખાસ્તને પાલિકાની વહીવટી સભાએ મંજૂરી આપી છે.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

દુદાણા નિવાસી હાલ મુલુંડ પરષોતમદાસ પ્રેમચંદ દોશીના સુપુત્ર બુદ્ધિલાલ (ઉં. વ. ૮૭) શુક્રવાર તા. ૨૧-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે કળાબેનના પતિ. શૈલેશ, હસમુખ, નીતીન, પરેશ, રેખા, અરુણા, ભારતીના પિતાશ્રી. તે ભાવિકા, સ્વ. ફાલ્ગુની, દીવ્યા, ધર્મા, હેમલ, હરેશકુમાર, મનીષકુમાર, ભદ્રેશકુમારના સસરા. તે અમરતબેન, બાવચંદ, કમળાબેન રમણીકલાલના ભાઇ. શ્વસુર પક્ષે મોરચુપણાવાળા નેમચંદ ભવાનભાઇ દોશીના જમાઇ. તેમની પિતૃવંદના તા. ૨૬-૧૧-૨૫ બુધવારના સવારે ૧૦થી ૧૨. ઠે. સમૃદ્ધિ હોલ, મદન મોહન માલવીયા રોડ, ટેલીફોન એક્સચેન્જ પાસે, મુલુંડ (વેસ્ટ).

**જામનગર હાલાર વિશા શ્રીમાળી જૈન**

જામનગર હાલાર લતીપુર નિવાસી હાલ ઘાટકોપર મુંબઇ સ્વ. ચંપાબેન અમૃતલાલ વોરાના મોટા પુત્રવધૂ ગં. સ્વ. ચારુલતા અશોકભાઇ વોરા તા. ૨૩-૧૧-૨૫ના અરિહંતશરણ થયેલ છે. તે રશ્મિન, ડો. મુકેશ, પંકજ, સ્વ. ધર્મેન્દ્ર, દેવેન્દ્ર, સ્વ. સરોજ પ્રવીણચંદ્રના ભાભી. તેનૌકા, વીણા, અંજના અને વર્ષાના જેઠાણી. તે રક્ષિતના માતુશ્રી. ભાવિના સાસુ. તે સ્વ. વીરચંદ સોમચંદ મહેતા વાંકાનેરવાળા હાલ બોરીવલીની પુત્રી. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. રક્ષિત અશોકભાઇ વોરા, ૨૦૩ સ્કાય ગ્રેન્ડર ૫મો રોડ, રાજા વાડી, ઘાટકોપર (ઇસ્ટ).

**૧૦૮ ગોળ જૈન**

ગામ ધીણોજવાળા હાલ મુલુંડ વિનોદભાઇ હીરાલાલ શાહ (ઉં. વ. ૬૯) તા. ૨૧-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. નીતાબેનના પતિ. રાહુલ તથા લીનાના પિતા. યોગીતા તથા ભાવેશ સોમૈયાના સસરા. તથા લોકેશના નાના. સ્વ. ભાનુમતિબેન લાલચંદ શાહના જમાઇ. ભરતભાઇ તથા ભદ્રાબેનના ભાઇ. લૌકિક વ્યવહાર બંધ છે, પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

લીંબડી ખંભલાવ નિવાસી હાલ તિલકનગર ચેમ્બુર સ્વ. ઇન્દુમતી મણીભાઇ શાહ (લાકડાવાળા)ના પુત્રવધૂ. તથા સ્વ. મધુકાંતા જયંતીલાલ મહેતાના સુપુત્રી અ. સૌ. રીટાબહેન (ઉં. વ. ૬૮) તે દિનેશશભાઇ શાહના ધર્મપત્ની તા. ૨૨-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે શ્વેતા હેતુલ વઘાણી, હીરલ કૈની, શ્રેયા નીરજ ચોપડે તથા હર્ષ દિનેશ શાહના માતુશ્રી. રિદ્ધિ હર્ષ શાહના સાસુજી. તે દર્શના હરેશ શાહના દેરાણી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે, ચક્ષુદાન કરેલ છે. બન્ને પક્ષે પ્રાર્થના : સ્થળ : પારસ ધામ, વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર (ઇસ્ટ), સાંજે ૪થી ૫.૩૦. તા. ૨૪-૧૧-૨૫ સોમવારે.

**વિસા ઓસવાલ જૈન**

પ્રભાસપાટણ નિવાસી હાલ બોરીવલી વિપુલભાઈ ધીરજલાલ શાહ (ઉં.વ.૬૦) તે સ્વ. ચંદ્રકલા ધીરજલાલ દેવકરણ શાહના પુત્ર. રીટાબેનના પતિ. જીનલ તથા દીપના પિતા. સ્વ. અશ્વિનભાઇ, વર્ષાબેન, મનોજભાઈના ભાઈ. હિંમતલાલ માધવજી વેલાણીના જમાઈ. ૨૨/૧૧/૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૪/૧૧/૨૫ના ૩ થી ૫ કલાકે સર્વોદય હોલ, એલ. ટી. રોડ, બોરીવલી વેસ્ટ.

**સ્થાનકવાસી જૈન**

સ્વ. સવિતાબેન છોટાલાલ દોશીના પુત્ર ગિરીશભાઈ દોશી ગામ વાડિયા હાલ મલાડ (ઉં.વ.૭૩) તે રશ્મિબેન (ચારૂબેન)ના પતિ. તે ડ્રિમલ તેમજ રૂપલના પિતા. તે તૃપ્તિ અને મેહુલભાઈ ગોડાના સસરા. તે સ્વ. જ્યોત્સનાબેન હસમુખરાય શાહ, સુધાબેન મહેન્દ્રકુમાર ગાથાની, પ્રફુલભાઈ, સ્વ. વિનોદભાઈના ભાઈ તથા હસુબેન,સ્વા. પ્રમિલાના દિયર. ૨૨.૧૧.૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૪.૧૧.૨૫ના ૩ થી ૫ કલાકે પાવન ધામ મહાવીર નગર કાંદિવલી પશ્ચિમ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નવાવાસના પ્રવિણચંદ્ર સાવલા (ઉં.વ.૭૯) ૨૨-૧૧-૨૫ના અવસાન પામેલ છે. પાનબાઇ તલકશી વેરશીના સુપુત્ર. મધુબેનના પતિ. હીરેન, મયુરના પિતા. વિરેન્દ્ર, હેમકુંવર જયંતીલાલ, વિમળા દિનેશ, નિર્મળા મહેન્દ્ર, વિજયા દિનેશના ભાઇ. વિઢ લહેરીબાઇ તારાચંદ નાગડાના જમાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી. નિ. હીરેન સાવલા, પરીવાર કો. ઓ. હા. સો, સી/૧૦, ૨૦૨, સેક્ટર-૨, શાંતિનગર, મીરા રોડ (ઇ.) ૪૦૧૧૦૭.

મોટા લાયજાના કિશોરભાઈ (સુરેશ) ગાલા (ઉં.વ. ૮૨) ૨૧-૧૧-૨૫ના અવસાન પામેલ છે. સુંદરબેન રતનશીના પુત્ર. ભારતીબેનના પતિ. અમિત, વૈશાલીના પિતા. કિરીટ, પપ્પુ, કુસુમબેનના ભાઇ. સુંદરબેન પોપટલાલના જમાઇ. પ્રા. શ્રી સુમતિનાથ ભગવાન જૈન દેરાસર, ન્યુ સંકુલ ગુજરાત ક્લબની બાજુમાં, માટુંગા. ટા. બપોરે ૩થી ૪.૩૦. નિ. અમિત ગાલા, ૨૦૦૧/૨, પાલન સોજપાલ, એસ. કે. બોલે રોડ, દાદર, (વે).

વાંકી હાલે બેંગ્લોરના કુસુમ ધીરજ સાવલા (ઉં.વ.૭૬)૨૦-૧૧-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. મણીબેન / ઝવેરબેન માવજી રામજીના પુત્રવધૂ. ધીરજ માવજીના પત્ની. પિયુષ, ભાવિનના માતુશ્રી. ડોણના સ્વ. વિમલા જેવત લધુભાઈના સુપુત્રી. સ્વ. ઝવેરબેન વસંત, સ્વ.લીલાવંતી નાગજી, સ્વ. નરેન્દ્ર, જીતેન્દ્ર, સ્વ. મહેન્દ્રના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ભાવિન ધીરજ સાવલા, એએ૨૦૦૩, અલ્પાઈન સાલારપુરીયા ગ્રીન એજ, બોમનઅલી, બેંગ્લોર-૬૮.

## હિન્દુ મરણ

પ્રવીણ ભગવાન સોલંકી પુષ્પા અને ભગવાનદાસ સોલંકીનો પુત્ર. તરલા ને ત્રીકમદાસ આશરનો જમાઇ. યોગિતાના પતિ. હેમાંશુ ને દિશાંતના પપ્પાનો સ્વર્ગવાસ તા. ૨૨-૧૧-૨૫ ના થયેલ છે. પ્રાર્થનાસભા સોમવાર સાંજે ૪થી ૬. ઠે. જગનાથ મંદિર, વાલકેશ્વર, મુંબઇ-૬.

**કોળી પટેલ**

ગામ તરિયારા, હાલ અમલસાડ, ગં. સ્વ. નિર્મળાબેન (ભાનુ)ના પતિ સ્વ. નગીનદાસ મંગલદાસ પટેલ (ઉં.વ. ૮૪)નું મંગળવાર, તા. ૧૮.૧૧.૨૫ના રોજ અવસાન થયું છે. તે પ્રમિલા- રાજેશ, ફાલ્ગુની - હિતેશના પિતા-સસરા. સ્વ. નારણભાઈ, સ્વ. દલસુખભાઈ, સ્વ. લક્ષ્મીબેન, સ્વ. દેવીબેન, સ્વ. તારાબેન, સ્વ. મધુબેન, સ્વ. પુષ્પાબેન, વીરૂબેનના ભાઈ. સ્વ. ધનલક્ષ્મીબેન, સ્વ. વિજયાબેનના દિયર. સ્વ. દેવીબેન મગનભાઈના જમાઈ. બેસણું સોમવાર, તા. ૨૪.૧૧.૨૦૨૫ના બપોરે ૨થી ૫, કન્યાશાળાની બાજુમાં, સ્ટેશન રોડ, અમલસાડ પૂર્વ, પુષ્પપાણી શનિવાર, તા. ૨૯.૧૧.૨૫ના રોજ બપોરે ૨.૩૦ વાગ્યાથી. લૌ.વ્ય. બંધ છે.

**શિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ઉસરડ નિવાસી, હાલ મુંબઈ (દહિસર) અ.સૌ.બિંદુબેન (ઉં.વ.૫૫), તે કશ્યપ ટપુલાલ માવજી બધેકાના ધર્મપત્ની. નમન-નિશા, અમિત-રિદ્ધિના માતા. વિયા અને અથર્વના દાદી. મીનાબેન મનહરલાલ બધેકાના દેરાણી. ભાવનગર નિવાસી ગં.સ્વ. ભારતીબેન અનિલકુમાર જાનીના પુત્રી. તથા વિશાલભાઈ, ફાલ્ગુનીબેન, આરતીબેન, ખ્યાતિબેનના બેન તા. ૨૨/૧૧/૨૫ના કૈલાશવાસી થયેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૪/૧૧/૨૫ના સોમવાર,૪ થી ૬. ઠે. નોર્ધન હાઈટ્સ, પોડીયમ-પી ૩, ભરૂચા રોડ, રોહિત હોસ્પિટલની સામે, દહીંસર ઈસ્ટ. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**કચ્છી લોહાણા**

સ્વ. પ્રભાવતી લાલજી સેજપાલ ગામ નલીયાવાળાના પૌત્રવધૂ, ભારતી દિલીપના પુત્રવધૂ તેજલ (ઉં. વ. ૪૧) તે લકીના પત્ની. આરુષીના મમ્મી. શનિવાર તા. ૨૨-૧૨-૨૫ના મુલુંડ મધ્યે રામશરણ પામેલ છે. મનોજના ભાઇના પત્ની. છાયાની દેરાણી. કેતકી કિશોર ચંદેના ભાભી. સ્વ. દેવકાબેન કલ્યાણજી માવજી ચંદેની પૌત્રી. સ્વ. ભરત તથા નિર્મળાબેનની પુત્રી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૪-૧૧-૨૫ સોમવારના કચ્છી લોહાણા મહાજન વાડી, ગ્રાઉન્ડ ફ્લોર, આર. આર. ટી. રોડ,મુલુંડ (વેસ્ટ), સાંજે ૫થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે, બૈરાઓએ તેજ દિવસે આવી જવું.

**કપોળ**

લોંઠપરવાળા સ્વ. ભાનુમતી તુલસીદાસ ગોરડીયાના પુત્ર કીરીટભાઇ (ઉં. વ. ૭૬) તે તા. ૧૮-૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સુધાબેનના પતિ. ઉદયના પિતા. શ્વેતાના સસરા. તે દેલવાડાના સરસ્વતીબેન તથા સ્વ. રસિકભાઇ મહેતાના જમાઇ. તે સ્વ. ભદ્રાબેન, કુસુમબેન, સ્વ. હંસાબેન, સ્વ. પુષ્પાબેન, મૃદુલાબેનના ભાઇ. તે ભરતભાઇ, સ્વ. શીરીષભાઇ, વર્ષાબેન, જાગૃતીબેનના બનેવી.લૌકિક પ્રથા બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

રાજકોટ નિવાસી હાલ મુંબઇ સ્વ. પ્રફુલ દોલતરાય મલકાણના ધર્મપત્ની કોમલ પ્રફુલભાઇ મલકાણ (ઉં. વ. ૬૫) તા. ૨૦-૧૧-૨૫ના ગૌલોકવાસી થયેલ છે. તે પ્રીત, અમીષા, એકતા, ઇશાના માતુશ્રી. ઇન્દુમતી દિનેશકુમાર આણંદપરા, સરલા જયંતકુમાર પારેખ, રમેશ દોલતરાય મલકાણ અને શૈલેષ દોલતરાય મલકાણના ભાભી. તે સ્વ. ધીરજલાલ રતિલાલ મીઠાણી (રાજકોટ)ના સુપુત્રી તે પરાગ ધીરજલાલ મીઠાણીના બેન. તે મહેશભાઇ ઠક્કર, રમેશભાઇ સાંગાણી, મનીશભાઇ ઠક્કર, પ્રતાપભાઇ કટારિયાના વેવાણ. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

સિંહોરવાળા ચીનુભાઇ (ઉં. વ. ૮૦) તે સ્વ. ભગવાનદાસ તથા સ્વ. મંજુલાબેન મહેતાના સુપુત્ર. સૌ. લતાબેનના પતિ. હેમલ અને દીપલના પિતા. કૈલેશ તેજાણી અને સત્યેન વોરાના સસરા. સુનીલ તથા જતીનના કાકા. તરુબેન, સ્વ. નંદીબેન, મધુબેન, પૂર્ણિમા તથા સ્વ. અરુણબેન, સ્વ. અશોકભાઇ, ભૂપેન્દ્રભાઇ મહેતાના ભાઇ. તા. ૨૩-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**ખંભાતી દશા પોરવાડ વણિક**

મુંબઈ નિવાસી (હાલ બોરીવલી) શ્રીમતી અનિલાબેન ફડિયા (ઉં.વ.૭૭) તે સ્વ. ગિરીશચંદ્ર જયંતીલાલ ફડિયાના પત્ની તા. ૨૨/૧૧/૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સૌરભ અને સપનાના માતુશ્રી. વૃંદા અને હેમંતભાઈના સાસુ. સ્વ.સરલાબેન, રસીલાબેન, રેખાબેન, દિલીપભાઈ અને મહેશભાઈના ભાભી. જ્યોતિબેન અને રીટાબેનના જેઠાણી. અશોકભાઈ અને નયનાબેનના બહેન. પ્રાર્થનાસભા સોમવાર ૨૪/૧૧/૨૫ના રોજ સાંજે ૪ થી ૬,શ્રી વર્ધમાન સ્થાનકવાસી સંઘ, ડાયમંડ ટોકીઝ સામે, બોરીવલી વેસ્ટ.

**પુષ્કર્ણા બ્રાહ્મણ**

સ્વ. લીલાવતીબેન નારાયણદાસ ગોમધાણી જોષીના પુત્ર. સ્વ. વિમળાબેન વાસુદેવ પાનિયાના જમાઈ ભરતકુમાર (ઉં.વ.૬૫) ગામ ભુજ હાલ મુંબઈ તા. ૨૧/૧૧/૨૫ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે ભારતીબેન ના પતિ. ચિંતનના પિતા. સ્મિતા ઉમેશભાઈ માલવિયા, હંસાબેન શૈલેષભાઇ પંચીઘરના ભાઈ. પ્રાર્થનાસભા ૨૪/૧૧/૨૫ના ૫ થી ૬ કલાકે. ઠક્કાઈ ભાટિયા સેવા ફંડ, પંચાયત હોલ, બજાજ સ્કૂલ પાસે, કાંદિવલી વેસ્ટ, લૌકિક વ્યવહાર બંધ છે.


અંક પ્રગટ થઈ ચૂક્યો છે

જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ

પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું 'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ

વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ

મુંબઈ સમાચાર કિંમત: ₹ ૧૦૦/- સ્થાપના ઈ.સ.૧૮૧૪ વર્ષ ૨૧૨



પંચાંગકર્તા: સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮ ■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭

માહિતી માટે સંપર્ક કરો

મુંબઈ સમાચાર ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩

રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ફોન: (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષ: (૦૨૨) ૨૨૬૯૧૨૩૬ ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.


### ફંડ સામે મતની ટિપ્પણી

# અજિત પવારનો 'અર્થ' એ નહોતો: ફડણવીસ

નાગપુર: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર દ્વારા વિકાસ ભંડોળને મતદારોના સમર્થન સાથે જોડવાની ટિપ્પણીના થોડા દિવસો પછી મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે ભેદભાવના સૂચનને અજાણ્યે બોલાયેલ ગણાવીને ફગાવી દીધું અને ભારપૂર્વક જણાવ્યું કે સરકારનો હેતુ તમામ પ્રદેશોનો વિકાસ કરવાનો છે. ફડણવીસે નાગપુરમાં એક કાર્યક્રમ દરમિયાન પત્રકારો સાથે વાત કરતી વખતે નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેનાના વડા એકનાથ શિંદે સાથેના અવિશ્વાસના અહેવાલોને પણ ફગાવી દીધા અને આ અટકળોને પાયાવિહોણી ગણાવી અને કહ્યું કે બંને નેતાઓ નિયમિતપણે મળતા રહે છે અને વાતચીત કરે છે અને મતભેદના મીડિયા દાવાઓ ભ્રામક છે.

શુક્રવારે પુણે જિલ્લાના બારામતી તાલુકામાં માલેગાવ નગર પંચાયતની ચૂંટણી માટે પ્રચાર દરમિયાન અજિત પવારે મતદારોને કહ્યું કે જો તેઓ તેમના પક્ષના ઉમેદવારોને ચૂંટે તો તેઓ ખાતરી કરશે કે શહેર માટે ભંડોળની કોઈ અછત ન રહે, પરંતુ જો તેઓ તેમને નકારે છે, તો તેઓ પણ નકારશે.

આ ટિપ્પણીઓ વિશે પૂછવામાં આવતા, ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું હતું કે સરકાર મહારાષ્ટ્રના દરેક ક્ષેત્રના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. ફડણવીસે કહ્યું કે ચૂંટણી દરમિયાન ભાષણમાં ઘણી બધી વાતો કહેવામાં આવે છે, પરંતુ તેનો અર્થ એ નથી હોતો. ભલે આપણા સાથી પક્ષ કે કોઈએ આવું કહ્યું હોય, પણ તેમનો ઈરાદો તે નહોતો અને તેઓ ક્યારેય આવો ભેદભાવ કરશે નહીં અને ચોક્કસપણે આવનારી ચૂંટણીઓમાં લોકો મહાગઠબંધનને ચૂંટશે, જોકે કેટલીક જગ્યાએ અમે અલગથી લડીએ તેવી સંભાવના છે.

# ૨૦૪૭ સુધી તો કૉંગ્રેસ સત્તામાં નહીં જ આવે

મુંબઇ : સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીની પૃષ્ઠભૂમિમાં રાજકીય વાતાવરણ ગરમાઈ રહ્યું છે. તમામ રાજકીય પક્ષોએ જોરદાર શક્તિ પ્રદર્શન સાથે તેમના ઉમેદવારો માટે પ્રચાર શરૂ કરી દીધો છે. રાજકીય નેતાઓ એકબીજા પર આરોપો લગાવી રહ્યા છે. રવિવારે, રાજ્યના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ કોંગ્રેસની આકરી ટીકા કરી. કોંગ્રેસ ૨૦૪૭ સુધીમાં કેન્દ્ર અને રાજ્યમાં સત્તા પર નહીં આવે. તેમની પાસે વિકાસ માટે કોઈ વિઝન નથી, એમ બાવનકુળેએ જણાવ્યું હતું. બાવનકુળેએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે કોંગ્રેસ ૨૦૪૭ સુધીમાં કેન્દ્ર અને રાજ્યમાં સત્તા પર નહીં આવે કારણ કે કોંગ્રેસ પાસે વિકાસ માટે કોઈ વિઝન નથી. આ ચૂંટણીમાં મહારાષ્ટ્રના લોકોએ ફડણવીસ સરકારને ૧ કરોડ વધુ મતોથી ચૂંટ્યા છે. આ વિધાનસભા ચૂંટણીમાં ભાજપ મહાયુતિ પાસે ૩ કરોડ ૧૮ લાખ મત છે, જ્યારે મહાવિકાસ આઘાડી સાથે કોંગ્રેસને ૨ કરોડ ૧૮ લાખ મત મળ્યા છે. બાવનકુળેએ કહ્યું કે ૨૦૨૯ માં પણ રાજ્યમાં ભાજપ મહાયુતિ સરકાર સત્તામાં આવશે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ

## શાશ્વત જીવનની પ્રાપ્તિ

મનન
હેમંત વાળા
feedback@bombaysamachar.com

કૈવલ્ય ઉપનિષદમાં જણાવાયું છે કે, કર્મ, સંપત્તિ કે સંતતિથી નહીં પણ કેવળ ત્યાગ દ્વારા જ શાશ્વત જીવનની પ્રાપ્તિ થાય છે. અહીં ઘણી વાતો ટૂંકમાં કહેવામાં આવી છે. અહીં શાશ્વત જીવનની પ્રાપ્તિ એટલે એ પ્રકારની સ્થિતિ કે જ્યાં જન્મ અને મૃત્યુની સંભાવના નથી, આત્માની અનુભૂતિ થયાં બાદ પુનઃ શરીર ધારણ કરવાની આવશ્યકતા નથી, આ પરમપદની સ્થિતિ છે. એમ સમજવામાં આવે છે કે સાત્ત્વિક શ્રેણીના, આધ્યાત્મિકતા લક્ષી કર્મ બંધનકર્તા ન હોય, અને તે પ્રકારનાં કર્મથી મુક્તિ મળી શકે. એમ માનવામાં આવે છે કે સંપત્તિ દ્વારા શુભ કાર્ય થઈ શકે, જેને કારણે મુક્તિની સંભાવના વધી શકે. સંતાન દ્વારા જે કંઈ મરણોત્તર ક્રિયા કરવામાં આવે તેનાથી પણ મુક્તિની સંભાવના વધી જાય. કૈવલ્ય ઉપનિષદમાં અહીં એમ કહેવાયું છે કે, વાસ્તવમાં મુક્તિની સંભાવના ત્યાગ દ્વારા જ સ્થાપિત થઈ શકે.

બની શકે કે કર્મ નિષ્કામ ભાવથી કરાયું હોય તો પણ મનના કોઈક ખૂણામાં કોઈક અપેક્ષા હોય. કશાની નહીં તો મુક્તિની અપેક્ષા હોય. પુરુષાર્થના ચાર મુખ્ય કારણો; ધર્મ,અર્થ કામ અને મોક્ષમાંથી એકની પણ જો અપેક્ષા હોય તો તે કર્મનું પરિણામ તે રીતે સ્થાપિત થાય. ગીતાના સિદ્ધાંત પ્રમાણે જ્યારે કર્મફળનું સમીકરણ પૂરું થાય ત્યારે ફરીથી ચક્ર ચાલુ થઈ જાય. અર્થાત્, અહીં ક્યાંક એવી સંભાવના હોય કે કર્મફળ અનુસાર જો મુક્તિ પ્રાપ્ત થઈ હોય તો તે કર્મના ફળની પૂર્ણાહુતિ સમયે, જો જરાક પણ વિક્ષેપિત સ્થિતિ ઊભી થાય તો ફરીથી પુરુષાર્થની પ્રક્રિયા ચાલુ થઈ શકે. મુક્તિની સ્થિતિ જો માત્ર કર્મફળને આધારિત હોય તો પ્રશ્ન તો રહેવાનો જ, પરંતુ જો મુક્તિની સ્થિતિ કર્મફળના ત્યાગને આધારિત હોય તો આ પ્રકારનો પ્રશ્ન ઊભો ન થાય. અહીં ત્યાગનું મહત્વ સ્થાપિત થાય છે, નહીં કે કર્મનું.

વળી કર્મ કરતી વખતે સંસાર તેમજ સંસાધનો પણ ચોક્કસ રીતે પ્રવૃત્ત થતાં હોય છે અને સંસાર તથા સંસાધનો પર ચોક્કસ અસર પણ થતી હોય છે. કર્તા કદાચ નિષ્કામ કર્મી હોઈ શકે, પરંતુ સંસાર અને સંસાધનોની પણ કોઈક અપેક્ષા હોઈ શકે. આ અપેક્ષા પણ બંધનનું કારણ બની શકે. કર્મમાં સામેલ થનાર અન્ય વ્યક્તિની જો કોઈ અપેક્ષા હોય, કર્મમાં વપરાયેલ સંસાધનો પ્રત્યેનું પણ જો કોઈ ઉત્તરદાયિત્વ સ્થાપિત થતું હોય, તો કર્મથી ઉત્પન્ન થતી સ્થિતિ તે આખરી ન હોવાની સંભાવના રહે. તેથી જ અહીં કર્મના પણ ત્યાગને મહત્ત્વ અપાયું છે.

જે વસ્તુ આપણી નથી, પરંતુ આપણી છે. તેનો વિવિધ ઉપયોગ થઈ શકે. આ ઉપયોગ સકારાત્મક પણ હોઈ શકે અને નકારાત્મક પણ, સર્જનાત્મક પણ હોઈ શકે અને ખંડનાત્મક પણ, સાત્ત્વિક પણ હોઈ શકે અને તામસી પણ, નૈતિકતા આધારિત હોઈ શકે કે અનૈતિકતા આધારિત પણ, શુદ્ધ હોઈ શકે અને અશુદ્ધ પણ, દૈવી મૂલ્ય અનુસાર હોઈ શકે અને આસુરી મૂલ્ય અનુસાર પણ, સૃષ્ટિના સમીકરણના સન્માન તરીકે પણ હોઈ શકે અને સૃષ્ટિના સમીકરણના અવરોધ તરીકે પણ, સ્વ-કેન્દ્રિત હોઈ શકે અને પર-કેન્દ્રિત પણ, ધર્મ આધારિત હોઈ શકે અને ધર્મ વિપરીત પણ – બધી જ સંભાવના છે. સંપત્તિ આપણી છે, આપણે નથી. તેથી સંપત્તિનો પણ આ બધો જ ઉપયોગ સંભવ છે. સંપત્તિ હંમેશાં સાચે જ માર્ગે લઈ જાય તેની કોઈ ખાતરી નથી.

છતાં પણ એમ માની લેવામાં આવે કે સંપત્તિ દ્વારા સમાજ ઉપયોગી, ધાર્મિક, કરુણાસભર, સાત્ત્વિક, દાન મદદ સમાન કાર્ય કરવામાં આવે તો તેનું પરિણામ શુભ રહે. પણ અહીં પણ તે જ કર્મ અને કર્મફળનો સિદ્ધાંત લાગુ પડે. સૂક્ષ્માતિસૂક્ષ્મ દૃષ્ટિએ પણ જો ક્યાંક અપેક્ષા રહી ગઈ હોય તો પૂર્ણવિરામ મુકાવવાની સંભાવના ન રહે. એકવાર પૂર્ણવિરામ જેવી પ્રતીત થતી બાબત પણ અલ્પવિરામ નીવડી શકે. તે ઉપરાંત પણ સંપત્તિ એ એક એવી ઘટના છે કે જે માનવીને ભ્રમિત કરી શકે. સંપત્તિ એક પ્રકારનો નશો છે જે ક્યાંક વિવેક ભુલાવી દે. સંપત્તિને કારણે પ્રભુત્વ, મહત્તવ અને સન્માન મેળવવાની ચાહના જાગી શકે. સંપત્તિ ભેદી પણ છે અને જોખમી પણ. તેનાં ત્યાગની પણ તેટલી જ આવશ્યકતા છે.

પુત્ર એટલે પૂ નામના નર્કમાંથી તારનાર, પુત્રી એટલે પૂ નામના નર્કમાંથી તારનારી. સ્વાભાવિક છે કે જ્યારે નર્કમાંથી વ્યક્તિ તરી જાય ત્યારે મુક્તિની સંભાવના ઊભી થાય. પણ દર વખતે આમ ન પણ થાય. નર્કને સ્થાને સ્વર્ગ અથવા પિતૃલોકની પ્રાપ્તિ થઈ શકે. આ બંને સ્થાન અંતિમ કે કાયમી નથી. અહીંથી પણ પરત ફરવાની સંભાવના હોય છે.



એમ પણ કહી શકાય કે મુક્તિ એ સ્વયં પ્રાપ્ત કરેલી સ્થિતિ છે. આમાં ગુરુદેવ સિવાય અન્ય વ્યક્તિનો સહકાર કામ ન લાગે. ઈશ્વરની કૃપાથી તે પ્રાપ્ત થાય. ઈશ્વરની કૃપા હોય તો તે પ્રકારની પ્રાપ્તિ માટેની પરિસ્થિતિ સ્થાપિત થાય. ઈશ્વરની કૃપા હોય તો જ સદગુરુના માર્ગદર્શન હેઠળ ત્યાં સુધી પહોંચી શકાય. આ સમગ્ર પ્રક્રિયામાં સંતતિની શુભેચ્છા તથા તેમનાં દ્વારા કરાયેલ ક્રિયાકાંડ કાયમી મદદરૂપ થઈ શકે કે નહીં તે પ્રશ્ન તો છે જ. સંભવ છે કે આ રીતે વચગાળાના સ્થાને પહોંચ્યા પછી વ્યક્તિએ જાતે આગળનો પ્રવાસ કરવો પડે. આ પ્રવાસમાં પણ જે તે સ્થાને સ્થાપિત થયેલા બધા જ સમીકરણો છોડવા પડે. અહીં પણ ત્યાગની ભૂમિકા મહત્ત્વની બની રહે.

ગીતાના મત અનુસાર, કામના માટે, ઈચ્છા અને અપેક્ષા સહિત કરવામાં આવતા કર્મોનો ત્યાગ 'સંન્યાસ' કહે છે અને સર્વ કર્મફળના ત્યાગને 'ત્યાગ' કહે છે. ત્યાગ એટલે સંપૂર્ણતામાં સ્થાપિત થતી શારીરિક, માનસિક, આધ્યાત્મિક, ભાવાત્મક તેમ જ ધાર્મિક મુક્તિ. અહીં કર્મ પણ ન રહે અને તેનું ફળ પણ ન રહે. અહીં નિવૃત્તિની અપેક્ષા ન હોય કે ન હોય અપેક્ષા પ્રવૃત્તિની. અહીં બંધન અને મોક્ષ, બંનેને સમતાથી સ્વીકારવામાં આવે. અહીં મુક્તિની પણ અભિલાષા ન હોય. અહીં દરેક પ્રકારની આશક્તિ નાશ પામે. ગીતા મુજબ ત્યાગ એ કાર્યોના ફળનો ત્યાગ છે, કાર્યનો નહીં. એનો અર્થ એ નથી કે આપણે કર્મ કરવાનું છોડી દઈએ, પણ કે કર્મ ઘટીત થતું હોય ત્યારે મનમાં ફળની ઈચ્છા ન હોવી જોઈએ.

ત્યાગને કારણે કોઈપણ પ્રકારનાં સમીકરણ બાકી ન રહે. જ્યાં સમીકરણ જ બાકી ન હોય ત્યાં તેને આધારિત કોઈ ઘટના જ અસ્તિત્વમાં ન આવે. જ્યાં પ્રત્યેક પ્રકારની સંભવિત ઘટનાનો છેદ ઊડી જાય ત્યાં પરમપદની શરૂઆત થાય. ■

## આપણી ધરતીનું પર્યાવરણ પ્રદૂષિત ન થાય તે જોવાની આપણા સૌની ફરજ છે...



માનસ મંથન
મોરારિબાપુ
feedback@bombaysamachar.com





રામાયણમાં માનવશરીરનો બહુ મહિમા ગાયો છે. ભગવાન રામને મનુષ્યશરીર એટલું બધું પ્રિય કે રાવણને બીજું રૂપ લઈ મારી શકતા હોત પણ વિપ્ર ધેનુ સુર સંત હિત, લીન્હ મનુજ અવતાર... ઈશ્વરે મનુષ્ય શરીરમાં આવવાનું નક્કી કર્યું છે, એ ઈશ્વર દ્વારા સમગ્ર માનવસૃષ્ટિનું અભિવાદન છે. રામ બ્રહ્મ છે. અને બ્રહ્મ એટલે પરમારથ. પરમારથ એટલે બ્રહ્મ. સ્વ અર્થે કરવું એ બ્રહ્મ નથી, બીજાના માટે કંઈક કરી છૂટવું એ બ્રહ્મ છે. બહુ સરળ હાથવગા ઈશ્વરની આ વાત છે. આ હાથવગો વેદ છે. આના આપણે આપણી રીતે અર્થો કાઢી શકીએ. આમાં કંઈ મોરારિબાપુ કહે એ જ બરાબર, એમ નહીં. આ તો એક જ સત્યને અનેક રીતે કહેવાની બહુ જ આપણી સનાતન પરંપરા છે. આપણને લાગે કે આ મારું છે, પણ જેટલું એ આપણને મારું લાગે એટલું એ બધાંને મારું લાગે છે, એવું આ શાસ્ત્ર છે.

ઈશ્વર મનુષ્યશરીર ધારણ કરે એને અવતાર કહેવાય. કોને આપણે ભગવાન કહીશું ? અંતઃસ્વરૂપે તો સૌ ભગવાન છે, પરંતુ આપણો સૂરજ વાદળોથી ઢંકાયેલો છે. કેટલીક વસ્તુઓ આપણા મૂળ સ્વરૂપને પ્રગટ થવા નથી દેતી. મારી સાથે ઘણીવાર એવી ચર્ચાઓ થતી રહે છે કે પરમાત્માને કેવી રીતે પામી શકાય ? તો, મારો એક જ ઉત્તર છે, એ સનાતન ઉત્તર છે કે, ભગવાનને ઓલરેડી આપણે પામી ચૂક્યા છીએ, માત્ર ઓળખ નથી થઇ શકી; અને એ ઓળખ થશે કોઈ બુદ્ધપુરુષના માધ્યમથી. આપણે એના જેવા થઈને આવ્યા, પણ આપણે અવતાર નથી. ચાર માટે જો આપણે કાર્ય કરીએ, વિપ્ર, ધેનુ, સુર અને સંત માટે કાર્ય કરીએ, તો આપણે પણ અવતાર કહેવડાવી શકીએ. આપણા મનુષ્યજીવનમાં ચાર હેતુઓ હોય તો આપણે પણ અવતાર બનીએ. હું યુવાન ભાઈ-બહેનોને ખાસ કહીશ, કે હજી બહુ જીવન હાથમાં છે. જો રાષ્ટ્રને આ ચાર હેતુ માટે તમારું જીવન સમર્પિત થાય તો તમારી યુવાનીને મારી વ્યાસપીઠ અવતાર કહેવા તૈયાર છે. બત્રીસ વર્ષનો એક નવયુવાન, ભગવાન શંકરાચાર્ય, ઈશ્વરનો અને આચાર્યનો અવતાર કહેવાય. વિવેકાનંદજીને દેશ અવતારી પુરુષ જુએ છે. સ્વામી રામતીર્થએ અવતારી છે. આપણે પણ ચાર હેતુ માટે જીવીએ તો અવતાર કહેવાઈએ. ભાઈ હોય કે બહેન, તમે સમજજો, વિચારજો.

ભગવાન રામના જીવનને અવતાર કહેવો. કારણ એનો એક હેતુ હતો, વિપ્ર કાજે આવ્યા છે. વિપ્ર એટલે બ્રાહ્મણ એટલો જ અર્થ કરીશું? તો તો પછી વર્ણાશ્રમ માટે પૂર્વગ્રહ હશે એ લોકો આલોચના કરશે. વિપ્રનો અર્થ છે, જેનામાં વિવેકની પ્રધાનતા છે. જીવનમાં સપનામાંય જે વિવેક ન ચુકે, જેના જીવનમાં ધન, કામના, પ્રતિષ્ઠા, પદની પ્રધાનતા નથી, જેના જીવનમાં કેવળ વિવેક પ્રધાન છે એને આ દેશના ઋષિઓએ વિપ્ર કહ્યો છે. મારા ને મારા ને તમારા જીવનનો પહેલો હેતુ વિવેક હોય, તો આપણે પણ અવતાર છીએ. વિવેક માટે જીવવું, આંતર, બાહ્ય બન્ને વિવેક. સમાજમાં, રાષ્ટ્રમાં, મારા પડોશમાં, મારા પરિવારમાં હું વિવેકથી જીવું. મારું કદાચ કોઈ મૂઢતાને લીધે અપમાન કરે, યા મારું નુકસાન કરે, તો મારો વિવેક એનો બદલો નહિં લે. આવી વૃત્તિ જો ભારતની યુવાનીમાં આવે, તો યુવાન અવતાર છે. માનવજીવન ધન્ય છે. પહેલી શર્ત છે માનવજીવન વિવેક પ્રધાન હોય. આપણે બધા વિવેક ચૂકીએ છીએ. લોકસભામાં, વિધાનસભામાંય ક્યારેક વિવેક દેખાતો નથી. નાની એવી શાળાથી માંડી વિશ્વવિદ્યાલયો સુધી, જ્યારે આપણે વિવેકથી વર્તતા હોઈશું, ત્યારે દેશ અવતારી પુરુષોનો કહેવાશે. કથાનો શ્રોતા વિવેક ચુકે, વક્તા ચુકે ત્યારે શું સત્સંગ બદનામ નહિ થાય ? વિવેકનો બહુ મહિમા છે અને વિવેક મળે છે, કોઈ સાધુના સંગથી. સાધુ એટલે સાધુ ચરિત માણસ. ફક્ત કોઈ તિલકવાળો જ નહિ, પેન્ટમાં, ચડ્ડીમાં, કોઈ પણ વેશમાં હોઈ શકે. વિવેક એનું નામ, સત્સંગ થયા પછી આપણું સ્વરૂપ બદલાઈ જાય, આપણું રૂપાંતર થઇ જાય.

ભગવાને મનુષ્ય અવતાર લીધો એનું બીજું કારણ, હેતુ છે-ગાય. જે યુવાની ગાયો માટે કામ કરતી હશે, એ અવતાર ગણાશે. ગાય એટલે ફક્ત પશુ જ નહિ, ગાયનું તો જતન કરવાનું જ છે, ગાયનો એક અર્થ થાય છે ધરતી. એટલે રામાયણમાં ધરતી ગાયનું રૂપ લઈને દેવતાઓ પાસે ગઈ છે. હું જે ધરતી પર આવ્યો છું એ ધરતી વધારે સુશોભિત થાય તેવું જીવતર હોવું જોઈએ. ધરતીનું પર્યાવરણ બચે, ધરતી પ્રદૂષિત ન થાય. ગાય, સગવડ હોય તો પાળે, યા ગો સદનમાં દત્તક લે. એ રીતે તો ગાયનું જતન કરવાનું. પણ ગો એટલે ગાય, ગોપાલ, ઇન્દ્રિયો, વાણી, પાણી, સ્વર્ગ અને પક્ષીને પણ ગો કહેવાય. સમગ્ર પૃથ્વીનાં ઘટકોને સાચવે. હું પાણી ન બગાડું, હું વૃક્ષોનું છેદન ન કરું, હવા પ્રદૂષિત ન કરું, અકારણ પરમાત્માની સૃષ્ટિને કુરૂપ ન કરું. પૃથ્વીને ગાયનું રૂપક આપી શાસ્ત્રકારોએ બહુ વર્ણન કર્યાં છે. જેનું જીવન આખી ધરતી માટે છે, એવો ભાવ જેનામાં આવશે, એ મારી દૃષ્ટિએ અવતાર ગણાશે. એટલા માટે આ દેશનો ઋષિ કહે છે, આખી પૃથ્વી મારું કુટુંબ છે. આપણે કેવળ આપણા માટે નથી. આપણે પણ બધા સાથે જોડાયેલા છીએ. ખાલી ફૂલ ખીલે છે એમ નહિ, આપણે પણ ખીલીએ છીએ. સૂરજ ડૂબે એટલે ફૂલ મુરઝાઈ જાય, એમ નહિ, આપણે પણ મુરઝાઈએ. આખી ધરતી માટે આપણે છીએ.

ત્રીજું કારણ છે, પ્રભુ દેવતાઓ માટે અવતર્યા. આપણું મનુષ્ય શરીર પણ જો એ દૈવી ગુણોને લઇ દિવ્ય બનશે, ત્યારે એ પણ અવતાર ગણાશે. આપણે દેવ થવું નથી, દિવ્ય જીવન માટે જીવવું છે. આપણે કંઈ દુર્ગુણો માટે થોડા આવ્યા છીએ? હોય તો યે એને બદલીને આપણે સદગુણોને અર્જિત કરીએ. અમારા રામાયણકારો, ચાવીઓનાં ઝુડા લઈને, કટાઈ ગયેલાં તાળાં ખોલવા ગામડે ગામડે ફરે છે. એ ખુલી જાય એવો નમ્ર પ્રયાસ છે. જગત તો ગુણ-અવગુણથી ભરેલું છે, એમાં ગુણો કેમ અર્જિત કરવા ? હે જીવ, તું હરિ ભજ. સત્સંગ કરતા-કરતા જીવન જ્યારે સદગુણોથી ભરાવા માંડે, ત્યારે સમજવાનું કે આપણું જીવન ધન્ય બને છે.

ચોથું કારણ-સંત હિત. ભગવાન રામ શું કામ ધરતી પર આવ્યા? સંતો માટે, સાધુઓ માટે પ્રભુ પધાર્યા. આપણા મનુષ્ય જીવનમાંયે આપણે સંત માટે જીવતાં હોઈએ તો આપણે પણ અવતાર કહેવડાવી શકીએ. હવે, સંત માટે જીવવું એટલે? સંતને પગે લાગવું, એને દાન આપવું ? મારા જીવનમાં એવી સાધુતા આવે, હું એટલા માટે જીવું. (સંકલનઃ જયદેવ માંકડ) ■

## ભક્ત માટે આતુર બને તે જ આ આતુરતા હશે?

અલૌકિક દર્શન
ભાણદેવ
feedback@bombaysamachar.com

ઘોર અંધારી રાત્રિ છે. સૂમસામ શાંતિ છે. દ્વારકાવાસીઓ પ્રભુની છત્રછાયા હેઠળ નિરાંતે નિદ્રાધીન છે, પરંતુ પ્રભુની નિદ્રા આજે આટલી વહેલી ઊડી ગઈ છે.

'દારૂક!' પ્રભુએ બૂમ પાડી.

'જી, પ્રભુ!' દારૂક સફાળો બેઠો થઈ ગયો.

'રથ તૈયાર કર!'

દારૂક કાંઈક બેબાકળો અને કાંઈક સ્તબ્ધ બનીને રથ તૈયાર કરવા લાગ્યો. પ્રભુ ઉતાવળ તો અનેક વાર કરે છે અને કરાવે છે, પરંતુ આટલા અધીર ક્યારેય જોયા નથી.

રુક્મિણી, સત્યભામા, જાંબવતી આદિ અષ્ટપટરાણીઓ પણ આવા સમયે યાત્રા માટે તૈયાર થયેલા પ્રભુને જોઈને કાંઈક ચિંતિત અને કાંઈક તત્પર બની ગયાં હતાં. હજુ તો મધ્યરાત્રિ હમણાં જ પસાર થઈ છે અને પ્રભુ તો હજુ હમણાં નિદ્રાધીન થયા હતા. બહારથી કોઈ દૂત કે સંદેશવાહક આવ્યા નથી. આમ આટલા વહેલા પ્રભુ કેમ તૈયાર થાય છે? ક્યાં જવાનું છે? શું થયું છે? કાંઈ કળી શકાતું નથી.

બહાર જતી વખતે ભગવાન માતાપિતા અને મોટા ભાઈને પ્રણામ કરીને નીકળે છે, બહાર જતી વખતે ઉદ્ધવને રાજ્યવ્યવસ્થા-સંબંધી અનેક ભલામણો કરે છે અને બહાર જતી વખતે ભગવાન આ અષ્ટપટરાણીઓની હેતભરી વિદાય લઈને આગળ વધે છે. ભગવાન ઘોડાઓનાં શરીર પર હેતભર્યો હાથ ફેરવીને અને દારૂકને સ્નેહપૂર્વક બોલાવીને પછી જ રથમાં બેસે છે, પરંતુ આજ તો પ્રભુનું રૂપ કાંઈક જુદું જ છે.

આર્યાવર્તના કોઈ ને કોઈ ખૂણેથી કહેણ આવતું અને પ્રભુને અચાનક દોડવું પડે એવા પ્રસંગો તો વારંવાર આવતા, પરંતુ આજનો પ્રસંગ કાંઈક જુદો જ જણાય છે.

ભગવાનની યાત્રા દરમિયાન સત્યભામાજી લગભગ સતત પ્રભુની સાથે રહે છે. ભગવાનનાં ભોજન, વસ્ત્ર, નિવાસ આદિની વ્યવસ્થા તેઓ જ સંભાળે છે. પ્રત્યેક યાત્રાની જેમ આ વખતે પણ પોતાને સાથે જવાનું જ હશે એમ માનીને સત્યભામાજી કહે છે:

'પ્રભુ! હું હમણા જ ઝડપથી તૈયાર થઈ જઉં છું.'

'ના, તમારે આ વખતે સાથે નથી આવવાનું.'

સૌ સ્તબ્ધ થઈ ગયાં છે. હવે તો કોઈની પૂછવાની પણ હિંમત નથી ચાલતી.


સાત્યકિ તો પ્રભુના અંગત મંત્રી અને અંગત મદદનીશ, પ્રભુના પડછાયાની જેમ સતત સાથે રહેનાર. 'મારે તો પ્રભુની સેવામાં સતત સાથે જ રહેવાનું છે' એમ માનીને તેઓ પણ રથની બાજુમાં ઊભા રહી ગયા છે. પ્રભુ ઝડપથી બહાર આવે છે. ચાલતાં-ચાલતાં જ સાત્યકિને કહે છે:

'સાત્યકિ! તારે સાથે આવવાનું નથી.' સાત્યકિ શું બોલે? કોણ શું બોલે? છલાંગ મારીને પ્રભુ રથમાં ચડી ગયા અને સાથેસાથે એવી જ ઝડપથી બોલ્યાઃ

'રથ ચલાવ, દારૂક!'

રથ સડસડાટ મહેલની બહાર અને તે જ રીતે દ્વારકાની બહાર નીકળી ગયો.

વસુદેવજી, દેવકીજી, રોહિણીજી, બલરામજી-સૌને તો છેક સવારે ખબર પડી કે શ્રીકૃષ્ણ મધ્યરાત્રિ પછી તરત અતિ ત્વરાથી બહાર ગયા છે. ક્યાં ગયા છે? શા માટે ગયા છે? સૌ ચિંતિત તો થયાં, પણ શું કરે? કૃષ્ણની ગતિ તો માત્ર કૃષ્ણ જ જાણે!



'દારૂક! રથ હસ્તિનાપુરના રસ્તે!' પ્રભુ ત્વરાથી બોલે છે અને દારૂક માત્ર આટલું જ બોલી શકે છે: 'જી, પ્રભુ!'

ભગવાન શ્રીકૃષ્ણના રથના ચાર ઘોડા છેઃ શૈબ્ય, સુગ્રીવ, મેઘપુષ્પ અને બલાહક. સાનમાં સમજી જાય તેવા આ દેવાંશી ઘોડા સમજી ચૂક્યા છે કે ભગવાન આજે અતિ ત્વરિત વેગ ઈચ્છે છે અને તદનુસાર પૂરપાટ દોડી રહ્યા છે. દારૂક અશ્વોની આ સમજ અને તેમની ગતિ જોઈને હેરત પામી રહ્યો છે અને મનોમન અશ્વોને વંદી રહ્યો છે. આમ છતાં ભગવાન દારૂકને વારંવાર કહી રહ્યા છે:

'દારૂક! રથ હજુ ઝડપથી ચલાવ! રથ વધુ ઝડપથી ચલાવ!'

દારૂક પાસે 'જી, પ્રભુ!' સિવાય કોઈ ઉત્તર નથી. દારૂકને કહેલા આ શબ્દો અશ્વો સમજી જાય છે અને વધુ ને વધુ વેગથી દોડી રહ્યા છે.

અશ્વોનાં મુખમાંથી ફીણના ગોટા ઊડી રહ્યા છે. તેમના શ્વાસ ધમણની જેમ ચાલી રહ્યા છે, પણ વેગ ઘટતો નથી, વધી જ રહ્યો છે.

દારૂક પાસે વિચારવાનો સમય પણ નથી અને વૃત્તિ પણ નથી કે પ્રભુ આજે આટલી ત્વરા કેમ કરે છે?

પ્રભુ આજે કોઈક દિવ્ય દીવાનાપણાથી ગ્રસ્ત હોય તેમ લાગે છે. આ કેવી આતુરતા છે? ભગવાન ભક્ત માટે આતુર બને તે જ આ આતુરતા હશે?

દારૂક કંઈ સમજતો નથી. સેવકનું કામ સ્વામીના આદેશને સમજવાનું નથી, સ્વામીના આદેશનું પાલન કરવાનું હોય છે અને દારૂક તો પ્રભુનો પરમ સેવક છે. તે તો બસ પ્રભુની આજ્ઞાનું પાલન કરી જાણે છે.

પ્રભુ કાંઈ બોલતા નથી, મહદંશે મૌનમય જ છે, પરંતુ હા, ક્વચિત્ કાંઈક સ્વગતોક્તિ કરી રહ્યા છે.

'આ દુષ્ટ શકુનિ કપટદ્યૂતમાં કુશળ છે અને તે પાંડવો સમક્ષ કપટદ્યૂતની જાળ ફેલાવી રહ્યો છે!'

રથ પૂરપાટ દોડી રહ્યો છે.

'પરંતુ દ્યૂતનું નિમંત્રણ સ્વીકારવું જ શા માટે? યુદ્ધ અને દ્યૂતનું નિમંત્રણ ક્ષત્રિય ઈન્કારી ન શકે એવો નિયમ કોણે બનાવી દીધો? આ તો એક કુરિવાજ છે! ભોળા યુધિષ્ઠિર આ જાળમાં ફસાઈ રહ્યા છે!'

'આ યુધિષ્ઠિર પોતાને દ્યૂતવિદ્યાના કુશળ જાણકાર માને છે, પરંતુ વસ્તુતઃ તેઓ જાણકાર નથી અને કપટ-દ્યૂતવિદ્યામાં તો આ કપટી શકુનિને સમગ્ર આર્યાવર્તમાં કોઈ ન પહોંચી શકે!'

'જીવનમાં ક્યારેક ઈન્કાર કરવાનો પણ ધર્મ હોય છે, પણ આ સરલ યુધિષ્ઠિર દ્યૂતક્રીડાના ઈન્કારનો ધર્મ ચૂકી ગયા છે અને શકુનિની જાળમાં ફસાઈ ગયા છે!'

અશ્વોનો વેગ જરા પણ ઘટ્યો નથી, તો પણ પ્રભુ વારંવાર કહે છે:

'દારૂક! રથ વધુ ઝડપે ચલાવ! હજી વધુ ઝડપે!'

હવે દારૂકે કહેવું જ પડ્યુંઃ

'ઘોડા થાકી ગયા હોય તેમ લાગે છે.'

'તો આવતા મુકામે ઘોડા બદલી નાખ.'

'જી, પ્રભુ!'

દ્વારકાના નિર્માણની સાથે જ દ્વારકા અને હસ્તિનાપુરને જોડતા રથમાર્ગનું નિર્માણ પણ થયું છે. વચ્ચે-વચ્ચે વિશ્રામસ્થાનો પણ છે. પ્રત્યેક વિશ્રામસ્થાને ઘોડાઓ હોય છે. થાકેલા ઘોડાને ત્યાં મૂકી નવા ઘોડા લઈ શકાય તેવી વ્યવસ્થા છે અને વિશ્રામસ્થાને પહોંચતાં વાર ન લાગી.

દારૂક ત્વરાથી ઘોડા બદલી રહ્યો છે. આ સ્વામીભક્ત સેવકના મુખમાંથી અનાયાસે શબ્દો નીકળી ગયાઃ

'પ્રભુ ! આ છેલ્લું વિશ્રામસ્થાન છે. આપ થોડો આરામ કરશો?'

'દારૂક ! આ વિશ્રામનો સમય નથી. તું ઉતાવળ કરે!'

'પ્રભુ ! થોડું પાણી?'

'ના-ના, પાણી પણ નહીં. તું રથ ચલાવ-તીવ્રવેગે!'

દારૂકનો પ્રિય શબ્દપ્રયોગ છે:

'જી, પ્રભુ!'

પ્રભુની સ્વગતોક્તિઓ ચાલુ થઈ ગઈઃ 'દ્યૂતક્રીડાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. આ મૂર્ખ યુધિષ્ઠિર બધું જ હારી જશે – હા, બધું જ-રથ, ઘોડા, સુવર્ણ, હીરા, મોતી, દાસ-દાસીઓ, રાજ્ય – હા સંપૂર્ણ રાજ્ય! યુધિષ્ઠિર બધું જ હારી જાશે!' દારૂક સાંભળે છે, પરંતુ સમજતો નથી. પ્રભુની સ્વગતોક્તિ આગળ ચાલે છે:


'બધું જ હાર્યા પછી તો દ્યૂતક્રીડા બંધ થવી જોઈએ, પરંતુ બંધ નહીં થાય. દ્યૂતક્રીડા આગળ ચાલશે. યુધિષ્ઠિર નકુલને હારશે, સહદેવને હારશે, અર્જુનને હારશે, ભીમને હારશે ને આખરે પોતાની જાતને પણ હારી જશે!' (ક્રમશઃ)■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com



# પરબ ધામના લોકસેવક મહાત્મા સંત દેવીદાસજી...



ગીતા જયંતીના આજના પાવન દિવસે જેમણે લોકસેવા અને કર્મયોગ દ્વારા સમગ્ર જગતને ‘માનવમાત્ર એક સમાનનો સંદેશો આપેલો એવા, અત્યારની પરબવાવડી/ પરબધામ (તા. ભેસાણ, જિ. જુનાગઢ)ની પ્રસિદ્ધ જગ્યાના સ્થાપક સંત કવિ સંત દેવીદાસજી અને એમની પરંપરાનો પરિચય આપવો છે. સંત દેવીદાસજીનો જન્મ મુંજિયાસર ગામે રબારી જ્ઞાતિના જીવાભગત / પુંજાભગત અને માતા : સાજણબાઈને ત્યાં ઈ.સ.૧૭૩૬ વિ.સં.૧૭૯૨ ચૈત્ર સુદ ૯ રામનવમીના દિવસે થયેલો એમ નોંધાયું છે. તો કોઈ કોઈ સંદર્ભ વિ.સં.૧૭૩૬ ઈ.સ.૧૬૮૦ પણ દર્શાવે છે. અહીં ૧૭૩૬ના અંક સાથે જુદાજુદા લેખકોએ વિક્રમ સંવત કે ઈસવીસન લખવામાં ગોટાળો કરેલ જણાય છે. એ રીતે ૫૬ વર્ષનો તફાવત વિવિધ સંદર્ભોમાં જોવા મળે છે. આમ જુદાજુદા લેખકોએ વિવિધ સાલ સંવત આપેલાં છે.

ઈ.સ.૧૭૩૪ વિ.સં.૧૭૯૦માં કાઠિયાવાડમાં ભયંકર દુષ્કાળ પડેલો ત્યારે દેવીદાસના પિતા રબારી પૂંજાભગત મુંજિયાસર ગામ છોડીને પોતાની બેઉ પત્નીઓ - સાજણબાઈ અને રતનબાઈ સાથે ગીરમાં પોતાની ગાયોને ચરાવવા નીકળી પડેલા. જ્યાં એમને બીલખા પાસે સંત જેરામભારથી તથા સાંઈ નૂરશાનો ભેટો થયો. જેના આશીર્વાદથી દેવીદાસ, માંડણ અને રૂડા નામના ત્રણ પુત્રો થયા. ઈ.સ.૧૭૩૬ વિ.સં.૧૭૯૨માં દેવીદાસજીનો જન્મ ચૈત્ર માસની અજવાળી નવમી, રામનવમીના રોજ થયેલો એમ બહુધા માનવામાં આવે છે.

ઈ.સ.૧૭૫૨ વિ.સં. ૧૮૦૮માં દેવીદાસે ૧૬ વરસની ઉંમરે જીવણદાસ લોહલંગરીના આદેશથી પરબની જગ્યામાં ધૂણો ચેતન કર્યો. એ પછી એક વરસે લોહલંગરીએ વિદાય લીધી. દેવીદાસે લગ્ન સંસાર અને બે પુત્રોના જન્મ પછી સંસાર ત્યાગ કરેલો એમ પણ અનેક જગ્યાએ નોંધાયેલું મળે છે પરંતુ આજે પરબના અનુયાયી ભક્તો આ વાતનો સ્વીકાર કરતા નથી. ગિરનારની સાતમી પરિક્રમાએ મળેલા એમના ગુરુ તરીકે લોહલંગરી જીવણદાસજીના આદેશથી પરબની જગ્યાએ વસવાટ કર્યો હોવાના ઉલ્લેખો મળે છે. ઈ.સ.૧૭૫૩ વિ.સં.૧૮૦૯માં તો જીવણદાસ લોહલંગરીએ ૧૨૮ વર્ષની વયે ગોંડલમાં જ વિદાય લીધેલી. ત્યારે દેવીદાસની ઉંમર ૧૬-૧૭ વરસની હોય. ઈ.સ.૧૭૭૬ વિ.સં.૧૮૩૨માં કારતક વદી બીજના દિવસે પરબ સ્થાનમાં દેવીદાસે ધૂણો ચેતાવ્યો એમ પણ નોંધાયું છે. કોઈ લેખક જણાવે છે કે ઈ.સ.૧૭૬૩માં જગ્યા બાંધ્યા પછી વીસ વરસે ઈ.સ.૧૭૮૩માં દેવીદાસે તથા અમરબાઈએ સમાધિ લીધી. અમરબાઈ માતાજીનો જન્મ ઈ.સ.૧૭૫૪ વિ.સં.૧૮૧૦ અંદાજિત રીતે નોંધાયેલો મળે છે. અનુમાને સતર કે અઢાર વરસની ઉંમરે એટલે કે ઈ.સ. ૧૭૭૧-ઈ.સ.૧૭૭૨ માં અમરબાઈએ પરબમાં આવીને દેવીદાસજી પાસે દીક્ષા લીધી હશે. દેવીદાસજીની એક રચના ગવાય છે :

*ઠરે ખડા મન ચેતી લેને પ્યારા રે, સાન રે સમજ સતગુરુ કેરી રે...*
*જેમ રે દીવાની માથે પવન ઝપેટે રે, કાળ રે ખડા શિર પર ઘેરી રે...*
*છોટી રે ઉંમર તેરી બડા મનસૂબા રે, જ્યોં રે લાગે સમંદરમાં લહેરી રે...*
*ધિક્ ધિક્ જનમ તારો જાય છે અકારજ રે, આયુષ ઘટે છે બંદા અવનશ તેરી રે...*
*બાલાપણું તારું ખેલમાં ખોયું રે, જાય છે જુવાની તારું તનડું હેરી રે...*
*વૃદ્ધ ભયો ને અંગે આળસ આવી રે, ભ્રષ્ટ થઈ બુદ્ધિ માનવ તોરી રે...*
*એક દિન જમડા શેરમાં લટશે ને, દશેય દરવાજા લેશે ઘેરી રે...*
*એક રે પલકમાં તું ને પકડી પછાડે રે, નંઈ રેવે જીવડા ઠેરી રે...*
*સંતો સદાયે તું ને ઉપદેશ દેવે, માની લે શિખામણ ઉનેરી રે...*
*કહે દેવીદાસ તું રામને ભજી લે, ત્રણ રે ભવનમાં નહીં કોઈ વેરી રે...* ■

# વેલનાથની વ્યક્તિમત્તાને આલેખતું ચરિત્રાત્મક ભજન

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

**ભજનોમાં** ચરિત્રાત્મક ભજનોનો ઘણો, મોટો ભાગ છે. ચરિત્રાત્મક ભજનો પરંપરામાં સતત વહેતાં રહેતાં હોવાને કારણે એને એક રીતે ઐતિહાસિક દસ્તાવેજી વિગતોનો ભંડાર પણ કહી શકાય. પરંપરામાં વહેતું થયેલું ભજન મૂળ ચરિત્રના સમય પછી તુરતના જ સમયમાં વહેતું થયેલું હોય છે. એટલે ચરિત્રની વિગતોમાં જો કંઈ અતિશયોક્તિભરી વિગતો હોય તો તુરતના અનુગામીઓ વિરોધ કરે એવું બને. પરંપરામાં જળવાયેલી વિગતો આવી તથ્યપૂર્ણ માહિતીને કારણે દસ્તાવેજી મૂલ્ય પણ ધરાવતી હોય છે.

વેલનાથના ચરિત્ર સાથે ગિરનાર દામોકુંડ કેટલા અને કેવા જડાયેલા છે અને એનો કેટલો મોટો પ્રભાવ છે એનો ખ્યાલ પણ અહીંથી પ્રાપ્ત થાય છે. આ વેલનાથ શિષ્યપરંપરા દ્વારા પ્રાપ્ત ભજનોનું દસ્તાવેજી મૂલ્ય પણ ઘણું છે. વેલનાથ શિષ્યપરંપરામાં જૂનાગઢની આસપાસના કોઈ એક કણબી પટેલ નારણ માંડળિયાની વિગતો પણ પ્રાપ્ત થાય છે. આ નારણ માંડળિયાની ભજનરચનાઓમાં પ્રભાતિયાં ભારે પ્રખ્યાત છે. નરસિંહનાં પ્રભાતિયાંની પરંપરા સાથે આ પ્રભાતિયાંઓને પણ કોઈએ જોવાં અને તપાસવાં જોઈએ.

દામોકુંડની સાથે ભવનાથની અને ભૈરવનાથની સાથે વેલનાથ સંકળાયેલા છે. ભૈરવ શિખરની નજીક જે સાત વીરડાઓ છે તેને વેલાબાવાના વીરડા તરીકે ઓળખવામાં આવે છે. મહાશિવરાત્રિના મેળા સમયે ત્યાં કણબીને ભજન ગાવાનો, જળ પીવાનો અધિકાર, પરંપરાથી જ વેલાબાવાએ આપેલા છે. આજે પણ ત્યાં કણબી પટેલનું આદરભર્યું માન-સન્માન છે. અહીં




કણબી ભગત નારણ માંડળિયો એની પ્રભાતીરચનામાં ભૈરવની ટૂંકને યાદ કરે એ સ્વાભાવિક છે.

વેલનાથ ભારે મોટા ગજાના સંત જણાયા છે. એના શિષ્યો પણ શબદ - સાધનામાં ક્યાંય પાછા પડયા નથી. પછી એ જસોમા હોય કે રામૈયો. નારણ મંડળિયો હોય કે રાણીંગ ગુરુની વ્યક્તિમત્તાનો મહિમા ગાતાં આ ભજનો વેલનાથના પ્રભાવી વ્યક્તિત્વનાં પરિચાયક જણાયાં છે.

સોરઠી પ્રભાતિયાની પરંપરામાં દામાકુંડને પણ ભારે મોટું સ્થાન મળેલું છે. કહેવાય છે કે નરસિંહ મહેતા દામોદર કુંડ સ્નાન માટે જાય ત્યારે રામગરી ગાતા ગાતા જાય, વળતા સમયે પ્રભાતી ગાતા ગાતા પરત થાય અને ઘેરે પહોંચીને પૂજા કરતાં પહેલાં પ્રભાતિયાં ગાય. આમાંથી સમયનો સંદર્ભ પણ પ્રાપ્ત થાય છે અને પ્રભાતિયા પૂર્વે પ્રભાતી તથા રામગરી પ્રકારની રચનાઓનો ખ્યાલ મળે છે. સાથોસાથ પ્રભાત એટલે જ્ઞાનોદય એમ પણ કેટલાક સાધકો માને છે. આપણે નારણ મંડળિયાની પ્રભાતિયારચનાને અવલોકીએ:

*જાગો ને ગરવાના રે રાજા*
*જાગો ને ગરનારી રાજા*
*તમે જાગો પરભાગ ભયા. ...ટેક...*

*દામો રે કુંડ ગુરુ વાડી તમારી*
*ટાઢાં રે જળ એ કરિયાં,*
*દામા કુંડમાં નાતાંધોતાં*
*પંડનાં પ્રાછત દૂર થિયાં. જાગો ને ..૧*

*ભવનાથજીમાં મેળો ભરાણો,*
*કુલ તેત્રીસ દેવ જોવા મળ્યા,*
*ભવનાથમાં રે ભજન કરતાં*
*લખચોરાશીના ફેરા ટળ્યા. જાગો ને ..૨*

*ઊંચું રે શિખર કાળભૈરવનું કહીએ*
*નીચા વાગેશરીના મોલ રે.*
*વેદિયા નર ત્યાં વેદ જ વાંચે*
*મુનિવર તમારું ધ્યાન ધરે. જાગો ને ..૩*

*તાલ પખાજ વેલા જંતર વાગે*
*ઝાલરીએ ઝણકાર ભર્યો,*
*વેલનાથ ચરણે ગાય નારણ માંડળિયો*
*શરણે આવીને તમારે રિયો. જાગો ને ..૪*

વેલનાથ શિષ્ય નારણ અહીં ભૈરવના શિખગસ્થાને બિગાજતા ગરવા ગિરનારના રાજા સમાન ગુરુને જાગ્રત થવાનું નિવે છે. નારણ ભગત કહે છે કે હે ગુરુદેવ તમારી વાડી દામોદર કુંડ છે એના શીતળ જળમાં સ્નાન કરીને પોતાનાં પાતકોને દૂર કરી શકાય છે.

ભવનાથની તળેટીમાં મેળો ભરાયો છે અને તેત્રીસ કોટિ દેવતાઓ ત્યાં પધાર્યા છે. આ સ્થાને ભજન કરતાં લખચોરાશીના ફેરા ટળી જતા હોય છે. કાળભૈરવના ઊંચા શિખર ઉપર તમારાં બેસણાં છે. નીચે વાગેશ્વરીનું સ્થાનક છે. ત્યાં વેદના પારંગત વેદપાઠી-વેદિયા પંડિતો વેદપાઠ કરતા હોય છે. અને મોટા મુનિવરો તમારું ધ્યાન-આરાધના કરતા હોય છે.

હે વેલનાથ, ત્યાં જંતર, તાલ-પખવાજ વાગતાં હોય છે. અને ઝાલરીનો ઝણકાર થતો હોય છે. ગુરુ વેલનાથને ચરણે બેસીને નારણ માંડળિયો કહે છે કે હે ગુરુદેવ હું તો સદાય તમારે શરણે જ રહેવા આવી ગયો છું.

અહીં વેલનાથના પ્રભાવી વ્યક્તિત્વની અને પ્રચંડ તપસ્વીપણાની વિગતો નિરૂપાઈ છે. ગિરનારી-સોરઠી વાતાવરણમાં ગિરનાર જેના ગરવા ગઢના રાજવી-અધિપતિ વેલનાથની શરણાગતિનું નિરૂપણ એની વેદકક્ષાના સ્થાનનું પરિચાયક છે.

વેલનાથના ચરિત્રને અને ચારિત્ર્યને, તપને અને તાપને તથા સમાજલક્ષિતા અને સંતપરાયણતાને નિર્દેશતું આ ભજન ચરિત્રાત્મક પ્રકારનાં ભજનોમાં ભારે મહત્તા પ્રાપ્ત કરીને આજ સુધી જીવંત પરંપરામાં વહેતું રહ્યું છે. આવાં ચરિત્રાત્મક ભજનો દ્વારા સંતચરિત્ર જનસમાજના ચિત્તમાં અંકાઈ રહે છે. સંતોના વ્યક્તિત્વને - અસ્તિત્વને જાળવનારાં આવાં ભજનો એક રીતે કંઠસ્થ પરંપરામાં જળવાતા ઈતિહાસનું ઓરલહિસ્ટ્રીનું પણ ઉદાહરણ છે. આપણા સાંસ્કૃતિક ઈતિહાસ માટેની સામગ્રી પણ આવાં ભજનો બની શકે, પણ આ માટે સાહિત્યના અભ્યાસીઓએ ઈતિહાસ અને લોકસંસ્કૃતિથી અભિજ્ઞ બનવું અનિવાર્ય બની હે. એ જ રીતે સામે પક્ષે ઈતિહાસવિદોને પણ આ પ્રકારની સાહિત્યકૃતિઓથી અનભિજ્ઞ રહેવું પાલવશે નહીં. જગતમાં હવે ઈન્ટરડિસિપ્લિનરી સ્ટડીઝ ખૂબ થાય છે. આપણે એ ક્ષેત્રે આ અભિગમથી સ્વાધ્યાયકાર્ય કરીને આપણા અધીતને પ્રગટાવીએ. ■


# આ મંદિરનાં ભગવાન વ્યાપારમાં ભાગીદાર બને છે!

ફોકસ

કવિતા યાજ્ઞિક
feedback@bombaysamachar.com

*તનકી જાને, મન કી જાને, જાને ચિત્ત કી ચોરી*
*સાંવરિયા સેઠ સે ક્યા છિપાવે, જિસકે હાથ સબકી ડોરી!*

ભગવાનની પ્રશંસામાં લખાયેલ આ પંક્તિઓ જે મંદિરના અધિપતિ દેવ માટે લખાઈ છે, આજે એ મંદિરની વાત કરવી છે. એ મંદિર છે શ્રી સાંવરિયા (કે સાંવલિયા) શેઠનું. દંતકથાઓ અનુસાર, સાંવલિયા શેઠ એ જ ગિરધર ગોપાલ છે જેની મીરાં બાઈ પૂજા કરતા હતા. તે સમયે, મીરાબાઈ, સંતો અને ઋષિઓના સમૂહમાં આ મૂર્તિઓ સાથે મુસાફરી કરતા હતા. દયારામ નામના સંત પણ આ મૂર્તિઓ ધરાવતા લોકોમાંના એક હતા. એવું કહેવાય છે કે જ્યારે ઔરંગઝેબની સેના મંદિરોનો નાશ કરી રહી હતી, ત્યારે મુઘલ સૈનિકોને મેવાડ પહોંચ્યા પછી આ મૂર્તિઓ વિશે ખબર પડી. મુઘલોના હાથમાં મૂર્તિઓ આવે તે પહેલાં જ, ભગવાનની પ્રેરણાથી સંત દયારામે આ મૂર્તિઓને બાગુંડ-ભાદસોરાના છાપરમાં એક વડના ઝાડ નીચે ખાડામાં દાટી દીધી હતી.





દંતકથાઓ અનુસાર, ૧૮૪૦ માં, માંડફિયા ગામના રહેવાસી ભોલારામ ગુર્જર નામના ગોપાલને સ્વપ્ન આવ્યું કે છાપરમાં ભગવાનની ત્રણ મૂર્તિઓ જમીનમાં દટાયેલી છે. જ્યારે તે જગ્યાએ ખોદકામ કરવામાં આવ્યું, ત્યારે સ્વપ્ન સાચું પડ્યું અને ત્યાં ત્રણ મૂર્તિઓના દર્શન થયા. આ ત્રણ મૂર્તિઓને અનુક્રમે ગામ ભાદસોરા, માંડફિયા, છાપરીયામાં સ્થાપિત કરવામાં આવી. તેમાંથી ચિત્તોડગઢની નજીક આવેલા માંડફિયા ગામનું મંદિર સાંવલિયા સેઠના મંદિર તરીકે અતિ પ્રસિદ્ધ થયું. આ મંદિર અત્યંત ચમત્કારી માનવામાં આવે છે. ખાસ કરીને વ્યાપાર અને ધનની મુશ્કેલીઓ અહીં માનતા માનવાથી દૂર થાય છે તેવી અતૂટ માન્યતા છે.

**કહેવાય છે શેઠોના શેઠ**

ઉદયપુર અને આસપાસના વિસ્તારોમાં, ખાસ કરીને વેપારીઓ અને ઉદ્યોગપતિઓમાં, સાંવલિયા સેઠ ખૂબ જ આદરણીય છે. એવું માનવામાં આવે છે કે જે કોઈ પણ પોતાનો વ્યવસાય કે કોઈપણ શુભ કાર્ય શરૂ કરતા પહેલા સાંવલિયા શેઠની મુલાકાત લે છે અને તેમની પ્રાર્થના કરે છે, તેને ચોક્કસપણે સફળતા અને સમૃદ્ધિ મળે છે. રોકાયેલો કારોબાર પણ ચાલવા લાગે છે. તેથી તેમને શેઠોના શેઠ કહેવાય છે. જોકે કહેવાય છે ઈમાનદારી સાથે વેપાર કરનારને જ સાંવલિયા સેઠ પાસે કરેલી માનતા ફળે છે.

**ભગવાન બને છે ભાગીદાર**

સાંવલિયા શેઠના મંદિરમાં વેપારીઓ કોઈપણ નવું કાર્ય શરૂ કરતા પહેલા માનતા માનવા આવે છે. લોકો અહીં એવી માનતા માને છે કે વેપારમાં જેટલો નફો થશે તેમાં ભગવાનને ભાગીદારી આપશે. માની ન શકાય તેવી વાત છે, પણ હકીકતમાં અહીં વેપારીઓ પોતાની શક્તિ અને ભક્તિ અનુસાર ૧૦% થી લઈને ૨૫% સુધીનો નફો પણ ભગવાનને દાન કરે છે! હું સ્વયં આ મંદિરના દર્શને ગઈ ત્યારે અમારી ગાડીના ડ્રાઈવરે કહ્યું હતું કે અહીં ચોરી-લૂંટફાટ કરનારા પણ માનતા માનવા આવે છે કે પોતે ચોરીના માલ સાથે પકડાઈ નહીં જાય તો મુદ્દામાલમાં ભાગીદારી આપીશું બોલો!! ત્યારે થયેલું કે એવું તે કંઈ હોતું હશે?! પણ ૨૦૨૪માં હકીકતમાં વર્તમાનપત્રમાં સમાચાર વાંચ્યા કે ઈંદોરના બે ચોર ઘઉં ભરેલી ટ્રક ચોરી કરીને ભાગી ગયેલા. તેમણે સાંવલિયા શેઠની માનતા માની હતી કે સફળ થઈશું તો દસ હજારનું દાન આપીશું. એ લોકો સફળ પણ થયા. પણ ઈંદોર થી સાંવલિયા શેઠ માનતા પૂરી કરીને દસ હાજર ચઢાવવા જતી વખતે પકડાઈ ગયા! ૨૦૨૫માં આવા જ કોઈ એક ભક્તે શ્રી સાંવલિયા શેઠને ચાંદીની બંદૂક, ગોળીઓ અને લસણની બે કળી ભેટમાં આપી હતી!

એક વેપારીને પેટ્રોલ પંપના ધંધામાં મનોવાંછિત ફાયદો થતાં તેણે ચાંદીનું પેટ્રોલપંપ બનાવીને સાંવલિયા શેઠના ચરણે ભેટ કર્યું હતું. કેટલાકે મોબાઇલ ફોન અર્પણ કર્યા છે, કેટલાકે ભગવાનને હાથકડી, વિમાન, ટ્રેક્ટર, ઘર અને પોતાનો ખેતીનો સંપૂર્ણ પાક પણ અર્પણ કર્યો છે. આવી છે સાંવલિયા શેઠની અદ્ભુત આસ્થા. દરેક મંદિરમાં એક દાન પેટી હોય છે. પણ સાંવલિયા શેઠ મંદિરમાં ભગવાનની સામે મંદિરની મધ્યમાં મોટો પટારો રાખવો પડ્યો છે.

કારણકે તેમાં લોકો હજારો અને લાખો રૂપિયા રોકડા દાનમાં અર્પણ કરી જાય છે. ગત વર્ષે સપ્ટેમ્બર મહિનામાં ભંડાર ખોલ્યો તો હજાર કે લાખ નહીં અધધ ૧૯ કરોડ રૂપિયા નીકળ્યા હતા! ઉપરાંત ૯૫ કિલો ચાંદી નીકળી.

ક્યાંય ન સાંભળી હોય તેવી એક વાત હજી બાકી છે! પોતાની ઇચ્છા પૂર્ણ થયા પછી, એક ભક્તે સાંવલિયા શેઠને પોતાના કાનૂની ભાગીદાર બનાવ્યા છે. તેમણે સ્ટેમ્પ પેપર પર ઔપચારિક કરાર પણ કર્યો છે. કરાર મુજબ, તે દર મહિને જે પણ નફો કમાય છે, તેમાંથી ૧૦ ટકા ભાગ સાંવલિયા શેઠ મંદિરને દાન કરશે. આ કરાર મંદિરના દાન ભંડારમાંથી નીકળ્યો છે. જોકે, મંદિરના ટ્રસ્ટે આ ભક્તની ઓળખ ગુપ્ત રાખી છે. ■

# હિન્દના મહાન સંત રામકૃષ્ણ પરમહંસ


આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

‘હૃદયની સચ્ચાઈથી આંસુ સારે એને જ ઈશ્વરની પ્રાપ્તિ થાય છે. જે જ્ઞાન મનને ચોખ્ખું કરે છે એ જ જ્ઞાન છે. બાકી તો અજ્ઞાન છે.’ આ શુભાષિત ભારતના યશસ્વી સંત રામકૃષ્ણ પરમહંસના છે. રામકૃષ્ણ પરમહંસનો જન્મ ૧૮૩૬માં બંગાળના હુગલી જિલ્લાના કામારપુકુર ગામમાં થયો હતો. સંત તોતાપુરી પાસે એમણે સંન્યાસની દીક્ષા લઈ વેદપુરાણોનો અભ્યાસ કર્યો હતો. સ્વામી વિવેકાનંદ તેમના પ્રિય શિષ્ય હતા. તેઓ પૂજારી હતા અને મહાકાળી માતાના ભક્ત હતા. પૂજારી રામકૃષ્ણ પરમહંસને લોકો ઠાકુર કહીને પણ બોલાવતા.

રામકૃષ્ણ પરમહંસનું બાળપણનું નામ ગદાધર હતું. સૌ તેમને ગદાઈ કહી બોલાવતા હતા. તેમના પિતાનું નામ ખુદીરામ તથા માતાનું નામ ચંદ્રામણિદેવી હતું. ગદાઈના પરિવારમાં સૌને શાસ્ત્ર, કર્મકાંડ ને જ્યોતિષનું જ્ઞાન હતું, પણ ગદાઈને આ શિક્ષણમાં રસ ન પડ્યો. તેમના ભાઈ રામકુમાર એમને કલકત્તા લઈ ગયા ત્યારે એમની વય ૧૭ વર્ષની હતી.

રામકૃષ્ણ પરમહંસે નિશાળના ગણિતના બદલે પ્રકૃતિના પ્રેમાળ મનુષ્યોના સંગે આત્મપાન પ્રાપ્ત કર્યું. ગામના કુંભારો, શિલ્પીઓને ત્યાં જઈ એમનું કામ જોતા. એમાંથી જ તેમને કલા સર્જનની પ્રેરણા મળી. નૈસર્ગિક સૌંદર્ય જોઈને દિવ્ય અનુભૂતિ થતી, વેણુ વગાડતા શ્રીકૃષ્ણની ભૂમિકા હોય કે વ્યાકુળ રાધાની, કિશોર વયે તેઓ પૂરી તન્મયતાથી એ ભજવતા. તેઓ એક ધર્મને બીજા ધર્મ વચ્ચે ભેદ ન કરતા. તેમણે જગતના બધા ધર્મોની સાધના કરી હતી. ૧૮૮૬ની ૧૬મી ઓગસ્ટના રોજ



તેમનો સ્વર્ગવાસ થયો. રામકૃષ્ણ પરમહંસના જીવનકાળમાં કલકત્તાને પૂર્વ ભારતનું નવું શિક્ષણ મળવા લાગ્યું. તેમને મન જીવનનું સર્વોચ્ચ લક્ષ્ય ઈશ્વર પ્રાપ્તિ જ હતું.

તેઓ કહેતા કે, બધાં ધર્મના નામે લડે છે પણ વિચારતા નથી કે જે કૃષ્ણ કહેવાય છે એ જ શિવ છે. ઈશ્વરને અલ્લાહ પણ તે જ છે. એક રામના હજાર નામ. સરોવરના એક ઘાટ પર હિંદુ ઘડો ભરે, બીજા પર મુસ્લિમ મશક ભરે. એક જેને જળ કહે, બીજો તેને પાની, ત્રીજા ઘાટ પર ક્રિશ્ચિયન ‘વોટર’ કહે છે.

તેઓ સ્વામી વિવેકાનંદના ગુરુ હતા. એક દિવસ નરેન્દ્રે (સ્વામી વિવેકાનંદ)એ તેમને પૂછ્યું, ‘આપે ઈશ્વરને જોયા છે?’ ઠાકુરે તરત કહ્યું, ‘હા, તને જોઉં છું તેવી જ રીતે હું ઈશ્વરને પણ જોઈ શકું છું. દોરામાં જો ગાંઠ પડી ગઈ હોય તો તે સોયનાં નાકમાં આવતો નથી અને તેનાથી સીવી શકાતું નથી. મનમાં પણ જો સંકીર્ણતાની ગાંઠ પડી જાય તો તે ઈશ્વર સાથે જોડી શકાતું નથી અને જીવન લક્ષ્ય પણ મેળવી શકાતું નથી અને જીવન લક્ષ્ય પણ મેળવી શકાતું નથી.’ તેઓ નરેન્દ્રને કહેતાં, ‘ચુંબક અને પથ્થર પાણીમાં પડ્યાં રહે તો પણ તેનો લોખંડ પકડવાનો અને ઘસવાથી આગ ઉત્પન્ન થવાનો ગુણ નષ્ટ થતો નથી. વિષમ પરિસ્થિતિઓ છતાંય સજ્જન પોતાનો આદર્શવાદ છોડતો નથી. તેમ જ ઝેર સાપના પગમાં નહીં, મોંમા હોય છે.’

જીવનના માર્ગમાં ડગલે ને પગલે વાટના પથ્થર જેવા, બોધ આપનારા સંત રામકૃષ્ણ પરમહંસના ઉપદેશો પર ચાલી બંને લોકને પાવન બનાવીએ...

***** *****

**પ્રેરણાસ્ત્રોતઃ**

* *સવારે બીજાને આપેલું દુઃખ સાંજે પોતાને જ પાછું મળે છે.*
* *અગ્નિ બીજાને બાળે છે, જ્યારે ક્રોધ પોતાને જ બાળે છે.*
* *જ્યારે સ્નેહ તૂટે ત્યારે વેરનાં બીજ ઊગવાં શરૂ થઈ જાય છે.* ■

# સવિકલ્પ-નિર્વિકલ્પ-ધર્મમેઘ



ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

યોગની જેમ સમાધિ વિશે પણ જાતજાતની વાતો થતી હોય છે, પ્રયોગો પણ થતાં હોય છે, પરંતુ યોગમાં જેટલી ભ્રમણા સ્થાપિત થઈ ગઈ છે તેની સરખામણીમાં સમાધિ હજુ પણ અપ્રદૂષિત ઘટના છે તેમ કહી શકાય. સમાધિ શબ્દ સમ અને આધિના સમન્વયથી અસ્તિત્વમાં આવ્યો છે. સમ એટલે સમાન, સ્થિર, સંપૂર્ણ, યથાર્થ, વાસ્તવિક અને આધિ એટલે ધ્યાન, ચિંતન, ચિત્તની સ્થિતિ. સમાધિ એટલે ચિત્તનું સંપૂર્ણ એકાગ્રતા સાથે પરમ-પૂર્ણતામાં લીન થવું. અહીં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર જેવાં અંતઃકરણનાં સ્વરૂપો સંપૂર્ણતામાં શાંત થઈ જાય છે અને માત્ર ચૈતન્ય સ્વરૂપ અસ્તિત્વ જ બાકી રહે છે. અહીં મનનાં તમામ વિચાર, ઈચ્છા, સંકલ્પ-વિકલ્પ, ઇન્દ્રિય વાસના, ચિંતા, ભાવાત્મક આવેગ, રાગદ્વેષ બધું જ શૂન્યમાં લય પામી જાય છે. અહીં બુદ્ધિની નિર્ણય શક્તિ વીરમી જાય. અહંકાર ઓગળી જાય. આધ્યાત્મના ક્ષેત્રમાં, યોગમાર્ગ પર, સમાધિ એ અંતિમ અવસ્થા છે, અંતિમ સ્થિતિ છે, અહીંથી આગળ અસ્તિત્વના કોઈ સ્વરૂપે કોઈ સંભાવના નથી. યોગની ભાષામાં આ અંતિમ પદ છે. અહીં આત્માની પ્રત્યક્ષ અનુભૂતિ - સ્વાનુભૂતિ શેષ રહે, એમ જણાય કે આત્મા અને પરમાત્મા એકાકાર થઈ ગયાં છે.

પતંજલિ યોગસૂત્ર અનુસાર યોગના આઠ અંગમાં સમાધિ અંતિમ ચરણ છે. આ આઠ અંગ છે; અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ જેવાં યમ; શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઈશ્વર પ્રણિધાન જેવાં નિયમ; શારીરિક ચંચળતાને નિયંત્રિત કરી દેહભાન ભૂલાવતાં આસન; શ્વાસના નિયમનથી આંતરિક ઊર્જા તથા ચેતનાને જાગૃત કરવા માટે પ્રાણાયામ; ઇન્દ્રિયોને બાહ્ય પરિસ્થિતિથી પરત વાળી આંતરિક બનાવવા માટે પ્રત્યાહાર; શ્વાસ કે દીવાની જ્યોત કે એવી કોઈ અન્ય પરિસ્થિતિ પરની એકાગ્રતાથી શુદ્ધ, પવિત્ર તથા આધ્યાત્મિક બાબત માટે સ્થાપિત થતી ધારણા; તે ધારણા માટે અવિરત ચિંતન સમાન ધ્યાન અને અંતે પૂર્ણ અવસ્થાની પ્રાપ્તિ સમાન સમાધિ. યોગસૂત્રમાં સમાધિ એ સર્વોચ્ચ શિખર છે, અંતિમ ચરણ છે, અંતિમ લક્ષ્ય છે, કૈવલ્ય કે મુક્તિ સમાન સ્થિતિ છે, પરમ ચૈતન્ય સાથે એકાકાર થવાની વાત છે. આ પૂર્ણ, શાંત, આનંદીત, પરમ આત્મસાક્ષાતકારની અવસ્થા છે. જ્યારે મનની લહેરો અર્થાત વૃત્તિ સંપૂર્ણ શાંત થાય, બુદ્ધિ વીરમી જાય, અહંકાર ઓગળી જાય, ચિત્ત પૂર્ણ નિર્મળતા પામી નિર્લેપ અને નિરાકાર બની રહે, ત્યારે સમાધિ પ્રાપ્ત થઈ તેમ કહી શકાય.

આ સમાધિ પણ તબક્કાવાર ઊંચે જતી હોય છે. સમાધિ બાદ પણ જ્યારે થોડોક વિચાર કે સંકલ્પ શેષ રહે તો તે સવિકલ્પ સમાધિ કહેવાય. અહીં ક્યાંક શ્વાસ પર, મંત્ર પર, દીવાની જ્યોત પર કે વિચાર પર ધ્યાન હજુ કેન્દ્રિત રહે. અહીં આની આવશ્યકતા પણ હોય. બની શકે કે અહીં આનંદ અને શાંતિની પ્રતીતિ થઈ શકે પરંતુ તેનો આધાર ધ્યાનનું સાધન હોય છે. જ્યારે બધાં જ વિચાર કે સંકલ્પ વિલય પામે અને માત્ર શુદ્ધ ચેતનાના અસ્તિત્વની પ્રતીતિ થાય તે નિર્વિકલ્પ સમાધિ. અહીં માત્ર ચૈતન્ય-સાક્ષી બાકી રહે. અહીં સવિકલ્પ કે નિર્વિકલ્પનો ભેદ પણ ન રહે. આ સંપૂર્ણ અને અનંત આનંદની સ્વયં પ્રકાશિત સ્થિતિ છે. સમાધિની ત્રીજી અવસ્થા ધર્મમેઘ સમાધિ છે જ્યાં સમાધિ માટેની ભાવના પણ નથી રહેતી, મુક્તિની કામના પણ નથી રહેતી, બંધનની ધારણા સંપૂર્ણતામાં શાશ્વતતામાં લય પામે છે. એમ કહી શકાય કે આ સમાધિમાં સંસ્કાર, જ્ઞાન, સ્મૃતિ, કર્મફળ, અસ્તિત્વની સભાનતા, બધું જ શૂન્યવત્ થઈ જાય છે. આત્મા પોતાની સંપૂર્ણ પ્રભા સાથે અહીં પરમ તત્ત્વ સાથે એકાકાર થઈ જાય છે.

એમ કહી શકાય કે સવિકલ્પ સમાધિ એટલે વિચારોની શાંતિ, નિર્વિકલ્પ સમાધિ એટલે વિચાર વિનાની શાંતિ અને ધર્મમેઘ સમાધિ એટલે સર્વોચ્ચ અવસ્થા જ્યાં આત્મજ્ઞાન કોઈપણ પ્રકારના માધ્યમ વગર સ્વયંમાં સ્થાપિત થાય. શાસ્ત્રોમાં આપેલાં ઉદાહરણ પ્રમાણે સવિકલ્પ સમાધિ દર્પણ સમાન છે. જેમ દર્પણ દેખાય અને પ્રતિબિંબ પણ દેખાય તેમ સવિકલ્પ સમાજમાં મન પણ દેખાય અને મનની શાંતિ પણ દેખાય. નિર્વિકલ્પ સમાધિ સ્થિર થઈ ગયેલ, કોઈપણ લહેર વિનાના, વિશાળ જળ-સરોવર સમાન છે જ્યાં નિર્વિકાર જળ માત્ર છે. અહીં કશાની પ્રતીતિ નથી, માત્ર જળ-સરોવરનું નિર્લેપ અસ્તિત્વ સાક્ષીભાવ રૂપે રહે છે. અહીં માત્ર હાજરીનો અનુભવ છે. ધર્મમેઘ સમાધિની આકાશ સાથે સરખામણી કરવામાં આવે છે. આ શુદ્ધ આત્મસ્વરૂપ અનંત, નિર્લેપ, શુદ્ધ, વ્યાપક, અખંડ, સમાન અને સૂક્ષ્મ સ્થિતિ છે. દર્પણમાં હજુ 'વિચાર' દેખાય, જળમાં 'વિચાર' ઓગળી જાય જ્યારે શુદ્ધ આકાશમાં કોઈપણ કારણ, કોઈપણ સાધન કે કોઈપણ પરિણામની પણ હાજરી ન વર્તાય.

એમ કહેવાય છે કે સમાધિ પ્રાપ્ત કરવી મુશ્કેલ છે. વાત સાચી પણ છે પરંતુ નાના પાયે સમાધિસ્થ સ્થિતિની થોડી ઘણી પણ જો અનુભૂતિ થાય તો તે દિશામાં આગળ વધવાની ઈચ્છા થાય, અને કદાચ તે માટેનો પુરુષાર્થ પણ જાગે. રોજ થોડો સમય શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરી પ્રાણાયામ કરવાથી, ઈષ્ટદેવના નામનો એકાગ્રતાથી જપ કરવાથી, પોતાની દરેક ક્રિયા પૂરેપૂરી સભાનતાપૂર્વક કરવાથી, મનમાં આવતા વિચારોનું અવલોકન કરવાથી કે સાક્ષીભાવમાં સમય વ્યતીત કરવાથી સમાધિસ્થ સ્થિતિ વિશે થોડીક પ્રતીતિ થઈ શકે. જો આ સમયમાં શાંતિ અનુભવાય, મનના તરંગોની માત્રા ઓછી થાય, આત્માનાં અસ્તિત્વ માટે થોડીક સભાનતા જાગે તો ચોક્કસ યોગ્ય માર્ગદર્શન હેઠળ આગળ વધી શકાય.

સાંપ્રત સમયમાં જે કેટલાંક 'બાબા'ઓ દ્વારા ચપટીમાં સમાધિની અનુભૂતિની વાત કરવામાં આવે છે તે વાસ્તવમાં પાખંડ છે. જો સમાધિ આટલી સરળ અને સુગમ હોત તો દુનિયામાં એક પણ વ્યક્તિની આજે હાજરી ન હોત, બધાં જ પરમ-પૂર્ણ સ્થિતિને પ્રાપ્ત કરી ચૂક્યાં હોત. ■

# તપનો ઉદ્દેશ્ય

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombaysamachar.com

શારીરિક અને માનસિક તપની રૂપરેખા બાંધ્યા પછી હવે ભગવાન કૃષ્ણ તપના મૂળભૂત ઉદ્દેશ્યને સ્પષ્ટ કરે છે.


તપ એટલે ઇન્દ્રિયોના આહારને રોકીને ઇન્દ્રિયોને આત્મસન્મુખ કરવી! 'તપ' એ શબ્દમાં માત્ર વ્રત કે ત્યાગ જ છુપાયેલો નથી, પરંતુ સંયમ, શિસ્ત, આત્મવિશ્વાસ અને આધ્યાત્મિક ઊંચાઈનો અર્થ પણ સમાવિષ્ટ થયેલો છે.

ભગવદ્/ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ તપને એક એવા સાધન તરીકે રજૂ કરે છે, જે મન, વાણી અને શરીરને નિયંત્રિત કરીને માનવીને આધ્યાત્મિક ઉન્નતિ તરફ દોરી જાય છે. તપ એ માત્ર ઋષિમુનિઓની જ અનુભૂતિ નથી, પણ એ દરેક માણસના જીવનમાં શક્ય અને જરૂરી સાધના છે. એક સામાન્ય વ્યક્તિ પણ તપ દ્વારા પોતાની અંદરની ક્ષમતાને ઊજાગર કરી શકે છે.

ભગવદ્/ગીતા (અધ્યાય ૧૭)માં તપના ત્રણ મુખ્ય સ્વરૂપોનો ઉલ્લેખ છે. કાયિક (શરીરથી કરાતું તપ), વાચિક (વાણીથી), અને માનસ (મનથી). કાયિક તપ એટલે સ્વચ્છતા, બ્રહ્મચર્ય, અહિંસા અને ગુરુજનોનું સન્માન. રોજિંદા જીવનમાં પણ, જેમ કે ઘરના કામમાં નિષ્ઠા રાખવી, નિયમિત પૂજા કરવી કે વડીલોની સેવા કરવી આ બધું કાયિક તપ છે.

જ્યારે વાચિક તપનો અર્થ છે નમ્ર, સત્ય અને હિતકારક વાણીનો ઉપયોગ કરવો. આ માટે ગુસ્સો આવે તે સમયે મૌન રહેવું, નિંદાથી દૂર રહેવું કે સાંભળનારને દુઃખ ન થાય એ રીતે વાત કરવી એ અગત્યનું છે. મનને શાંત રાખવું, મૌન ધારણ કરવું, ઈર્ષા કે ક્રોધના વિચારોથી મુક્ત થવાનો પ્રયાસ કરવો એ જ માનસ તપ.

તપનો મુખ્ય ઉદ્દેશ્ય આત્માની શુદ્ધિ, ઇન્દ્રિયો પર વિજય અને આધ્યાત્મિક ઉન્નતિ છે. તપ માણસને 'સ્વ'નું ઊંડાણ દર્શાવે છે. ભગવદ્/ગીતા સ્પષ્ટપણે કહે છે કે જે તપ નિઃસ્વાર્થભાવથી અને શ્રદ્ધાથી કરવામાં આવે છે તે સાત્ત્વિક હોય છે અને એ તપ જીવનમાં શાંતિ અને સમતાનું સર્જન કરે છે. બીજી બાજુ જો તપ માત્ર દેખાડવા માટે કે લોકપ્રિયતા માટે કરવામાં આવે તો તેને રાજસ તપ કહેવાય છે, જેનાં પરિણામો સાંસારિક હોય છે, આત્મિક નહીં. વળી, કોઈને નુકસાન કરવા માટે જો તપ કરવામાં આવે તે તામસિક તપ છે. આને આસુરી તપ પણ કહેવામાં આવે છે.



સાચું તપ એ છે જે ઇચ્છાઓથી મુક્ત હોય, ફળની અભિલાષા વિના હોય અને ઈશ્વરપ્રાપ્તિના માર્ગે દિશા આપે. આવી તપસ્યા એ જીવનને ઉચ્ચતમ ધ્યેય તરફ દોરી શકે છે. જ્યાં મનુષ્ય માત્ર લોક ચાહના માટે નહીં, પણ આંતરિક ઉન્નતિ માટે જીવવાની તૈયારી કરે છે.

તપ એ ત્યાગનું તેજ છે જે અંદરથી ઉજાસ આપે છે. જીવનના દરેક ક્ષેત્રે, તપસ્યા દ્વારા આપણે શાંતિ, સંતોષ અને પરમાર્થના માર્ગે આગળ વધી શકીએ છીએ. એટલે જ તપનો ઉદ્દેશ માત્ર પીડા સહન કરવો નહીં, પણ પોતાની જાતને પરમ તત્ત્વ માટે તૈયાર કરવો છે. એક એવો ઉત્કૃષ્ટ ધ્યેય, જ્યાં આત્મા અને પરમાત્મા સાથે એકતાર થઈ જાય.

આજના ભૌતિકવાદી યુગમાં, જ્યાં વ્યક્તિ માત્ર ભૌતિક સુખ અને ભોગવિલાસ પાછળ દોડે છે, ત્યાં તપસ્યાનું મહત્ત્વ વધુ ઊંડું બની જાય છે. તપ એ જીવનને સંતુલિત રાખવાનું સાધન છે. જ્યારે આપણે આપણા જીવનમાં નિયમિત પ્રાર્થના, મૌન, ઉપવાસ, અભ્યાસ કે ધ્યાન અપનાવીએ છીએ, ત્યારે આપણે આપમેળે તપના માર્ગે ચાલી રહીએ છીએ. એ તપ જ છે જે આપણને પોતાની અંદર ઊતરવા પ્રેરે છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે તપ એ અન્યને બદલવાનું સાધન નથી પણ પોતાને બદલવાનું સાધન છે. તે માણસને આત્મવિશ્વાસ આપતું સાધન છે. સાચો તપસ્વી એ છે જે પોતાની અંદર ઊંડાણથી નિરીક્ષણ કરે છે, પોતાની ખામીઓ ઓળખે છે અને તેને સુધારવા ધીરજથી પ્રયત્નશીલ રહે છે. આવા તપસ્વીનું જીવન પોતાનાં માટે નહીં, પરંતુ સમાજ માટે પ્રેરણારૂપ બની જાય છે.

જેમ તાપથી સોનું અગ્નિમાં શુદ્ધ થાય છે, તેમ તપ દ્વારા આત્માનું શુદ્ધિકરણ થાય છે. મહંત સ્વામી મહારાજનું જીવન એ તપસ્યાનું જીવંત પ્રતીક છે. તેમના માટે તપનો અર્થ છે ભગવાન માટે જીવવાનું, સતત સેવા કરવી અને પોતાના દેહની સુવિધાને અવગણવી. છેલ્લા નવ દાયકાઓથી તેમણે સુખ-સગવડો ત્યાગી, હજારો ભક્તોના અંતરમાં શાંતિ અને આધ્યાત્મિક ઊંચાઈ પેદા કરવા માટે પોતાનું આખું જીવન સમર્પિત કર્યું છે.

અંતમાં કહીએ તો તપ એ આત્માર્થના પવિત્ર માર્ગ પરનું એક પગરણું છે. તપસ્યાનો હેતુ જીવનમાં આધ્યાત્મિક પ્રકાશ લાવવાનો છે. જે તપથી પોતાના મન, વાણી અને ક્રિયાઓ ઉપર સંયમ લાવવામાં આવે છે, તે વ્યક્તિ જીવનમાં શાંતિ, સમૃદ્ધિ અને પરમાર્થ પ્રાપ્ત કરી શકે છે. ■

# હવન કુંડથી બહાર આવો નરકાસુર...

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

અસુરગુરુ શુક્રાચાર્ય દેવર્ષિ નારદને કહે છે, 'તમે કોણ છો? એ બાબતે હું હંમેશાં તમને ઓળખવામાં ભૂલ કરું છું, મને માફ કરો.' ભોઠા પડેલાં દેવર્ષિ નારદ કહે છે, 'શુક્રાચાર્ય તમે તો વંદનના અધિકારી છો, હું કંઈ જ નથી, હું ફક્ત પરમપિતા બ્રહ્માજીનો માનસપુત્ર, મારા આરાધ્ય શ્રીહરિ વિષ્ણુનો ભક્ત અને દેવાધિદેવ ભગવાન શિવનો અનુચર છું. આ ત્રિદેવોના આદેશનું પાલન કરવું જ મારા જીવનનો ઉદ્દેશ છે. તમારા જીવનનો ઉદ્ધાર ભગવાન શિવ દ્વારા જ શક્ય છે.' આટલું કહી દેવર્ષિ નારદ ત્યાંથી વિદાય લે છે. બીજી તરફ કૈલાસ ખાતે માતા પાર્વતી ભગવાન શિવની પૂજા અર્ચના માટે પધારે છે તેઓ ભગવાન શિવને ગજચર્મ ધારણ કરેલા જોઈ હર્ષ અનુભવે છે અને કહે છે, 'સ્વામિ તમે જ્યારે જ્યારે આ ગજચર્મ ધારણ કરો છો ત્યારે ખૂબ જ આકર્ષક લાગો છો, અને પુત્ર ગણેશની યાદ આવે છે.' માતા પાર્વતી દ્વારા ભગવાન ગણેશને યાદ કરાતાં ભગવાન ગણેશ ત્યાં પ્રગટ થાય છે. ભગવાન ગણેશ માતા પાર્વતી અને પિતા ભગવાન શિવના આશીર્વાદ લે છે. ભગવાન શિવ કહે છે, 'ગણેશ દરેકે સમજવું જોઈએ કે લગ્ન બાદ નવા સંબંધમાં જોડાવું એ યોગ્ય છે પણ જૂના સંબંધો ભૂલી જવા યોગ્ય નથી. ભક્તો બહુ શંકાળુ હોય છે તેઓ ઇચ્છે છે કે તેમના આરાધ્ય એક જ બૂમમાં તેમની પાસે પહોંચી જાય. ઘણીવાર આરાધ્ય જલદી દર્શન ન દેતાં તેઓ ચિંતામાં ઘેરાઈ જાય છે. તમારા ભક્તોને શંકા અને ચિંતાથી દૂર કરો. તમે પ્રથમ પૂજ્ય છો તમારા ભક્તો પ્રત્યેની જવાબદારી કોઈપણ દેવતાથી વધુ છે.' સમજદાર ભગવાન ગણેશ કહે છે, 'આપના માર્ગદર્શનથી હું સંતુષ્ટ છું. દરેક ભક્તો સાથે હું મધુર સંબંધ સ્થાપિત કરીશ.' વ્યથિત માતા પાર્વતી કહે છે, 'ગણેશ, તમે દરેક ક્ષેત્રે સફળ થાઓ એવા મારા આશીર્વાદ?' એ જ સમયે અસુરગુરુ શુક્રાચાર્ય ત્યાં પધારે છે અને કહે છે, 'પ્રભુ તમે કૃપાનિધાન અને દયાળુ છો, આત્મહત્યા કરવા જઈ રહેલા આ મૂર્ખને માર્ગદર્શન આપવા તમે દેવર્ષિ નારદને મોકલ્યા, હું તમારો ઉપકાર ક્યારેય નહીં ભૂલું. તમારો આભાર વ્યક્ત કરવા હું અહીં આવ્યો છું.' ભગવાન શિવ તેમને કહે છે, 'દૈત્ય જાતિનો ઉત્થાન તમારા જ હાથમાં છે શુક્રાચાર્ય. હું તમને આશ્વાસન આપું છું કે તમે હવે જે દૈત્યને દૈત્યજાતિના ઉત્થાન માટે પ્રેરિત કરશો તેનો વધુ હું નહીં કરું.'સામે ઊભેલા ભગવાન ગણેશને જોઈ અસુરગુરુ શુક્રાચાર્ય કહે છે, 'એટલે પ્રભુ તમારી ઇચ્છા શું ગણેશ દ્વારા દૈત્યોનો વિનાશ કરવાની છે, તેમને કહો કે દૈત્યોને પણ જીવવાનો અધિકાર છે.' આટલું સાંભળતાં જ ક્રોધિત થયેલા ભગવાન ગણેશ કહે છે, 'પિતાશ્રી તમે શુક્રાચાર્યને ચેતવણી આપી જ રાખો કે, તમે દૈત્યોને નીતિ અને ન્યાયનું જ્ઞાન આપે જેથી તેઓ નીતિથી વિમુખ થઈ અન્યાય ન કરે. સંસારમાં અરાજકતા ફેલાવનાર દુષ્ટ શક્તિઓના વિનાશ માટે હું હંમેશાં તૈયાર છું.' જરૂરી ચેતવણી ભગવાન ગણેશ દ્વારા અપાઇ ગઈ હોવાથી ભગવાન શિવ તેમને કહે છે, 'જાઓ શુક્રાચાર્ય, તમારા કાર્યને આગળ વધારો.'

* * *

ભગવાન શિવના આશીર્વાદ લઈ અસુરગુરુ શુક્રાચાર્ય પોતાના આશ્રમ પહોંચે છે. તેમને ખબર નથી પડતી કે અસુર નરકાસુરને ફરી પૃથ્વીલોક કઈ રીતે લાવી શકાય. તેઓ તુરત નરકલોક પહોંચે છે. તેઓ જુએ છે કે મહાકાય નરકાસુર સૂતેલો છે. તેઓ તેને જગાડવાની કોશિશ કરે છે પણ નરકાસુરને તેની કોઈ અસર થતી નથી. શુક્રાચાર્ય પોતાની જળવિદ્યાથી અસંખ્ય સૈનિકોને ઉત્પન્ન કરે છે અને એ સૈનિકોને આદેશ આપે છે કે નરકાસુરને ઊઠાડવામાં આવે. અસંખ્ય સૈનિકો તેને ઉઠાડવાની કોશિશ કરે છે પણ તે ઊઠતો નથી. થાકીને શુક્રાચાર્ય તેમને આદેશ આપે છે કે, 'સૈનિકો જાઓ નરકાસુરના કાન પાસે વાજિંત્રો વગાડો.' સૈનિકો વાજિંત્રો વગાડે છે પણ તેની કોઈ અસર નરકાસુરને થતી નથી.



શુક્રાચાર્ય સૈનિકો ફરી આદેશ આપે છે કે તમારી સુરક્ષા માટે આપેલા ભાલાથી નરકાસુરને ઉઠાડવાકમાં આવે. સૈનિકો ભાલાથી નરકાસુરને ઉઠાડવાની કોશિશ કરે છે ફરી તેઓ નાકામ થાય છે. થાકી હારેલા શુક્રાચાર્ય નરકાસુરને તેમના કમંડળના જળથી ઉઠાડે છે.

નરકાસૂરઃ 'કોણ છો તમે? મને નિદ્રામાંથી કેમ ઉઠાડી રહ્યા છો.'

શુક્રાચાર્યઃ 'હું અસુરગુરુ શુક્રાચાર્ય, અસુર સમાજના ઉત્કર્ષ માટે કોઈ અસુર બચ્યો નથી, હવે તમે જ એક છો જે અસુર સમાજના તારણહાર બની શકો.'

શુક્રાચાર્ય આટલું બોલે ત્યાં સુધીમાં નરકાસુર ફરી સૂઈ જાય છે. શુક્રાચાર્ય તેમની યોગઅગ્નિમાં નરકાસુરને મૂકી દે છે.

શુક્રાચાર્ય ફરી પોતાના આશ્રમ આવે છે અને પોતાના યજ્ઞ કૂંડમાં અગ્નિનું આવાહન કરે છે. યજ્ઞકૂંડમાં અગ્નિ પ્રજ્વલિત થતાં શુક્રાચાર્ય પોતાની મંત્ર વિદ્યાથી નરકાસુરનું આવાહન કરે છે. અગ્નિમાં સમાયેલો નરકાસુરે અગ્નિમાંથી બહાર નીકળતો નથી.

શુક્રાચાર્યઃ 'હવન કુંડથી બહાર આવો નરકાસુર, સામાન્ય રૂપમાં મારી સમક્ષ ઉપસ્થિત થાઓ.'

નરકાસુર પાસે કોઈ વિકલ્પ ન હોવાથી તે સામાન્ય રૂપમાં શુક્રાચાર્ય સમક્ષ ઉપસ્થિત થાય છે.'

નરકાસુરઃ 'દૈત્યગુરુ શું ઇચ્છા છે તમારી.'

શુક્રાચાર્યઃ 'મારા અસંખ્ય પ્રયાસોથી તમે પૂર્ણ રૂપે જાગી ગયા છો.' તમે એક મહાબલી, મહાપરાક્રમી અને મહાન યોદ્ધા છો. તમને મહાન માતા અદિતીની સૌગંધ છે તમે દૈત્ય સંસ્કૃતિનું ઉત્થાન કરો.'

નરકાસુરઃ 'માતા અદિતીના નામ પર હું કંઈ પણ કરવા તૈયાર છું, કહો ગુરુદેવ.'

શુક્રાચાર્યઃ 'હવે તમે પૂર્ણ રૂપે જાગૃત છો, હવે તમે એવા કાર્ય કરો કે ત્રણે ય લોક પર અસુર સામ્રાજયનો જયજયકાર થાય અને દૈત્ય શત્રુઓનો વિનાશ થાય.

નરકાસુરઃ 'ગુરુદેવ.... કોણ છે આ દૈત્ય શત્રુ, મને જણાવો હું એમને કાચા જ ગળી જઈશ.'

શુક્રાચાર્યઃ 'આટલા ઉતાવળે ઉત્તેજિત ન થાઓ અને દૈત્ય શત્રુને એટલા કમજોર પણ ન સમજવા. હું તમને જણાવીશ કે ક્યારે અને કઈ રીતે તેમનો વિનાશ કરવો. તમે ત્રણેય લોકો પર વિજય મેળવવા આગળ વધો.'

નરકાસુરઃ 'ગુરુદેવ તમારી દરેક વાત મને સમજાઈ ગઈ છે. હવે આદેશ આપો ગુરુદેવ...'

શુક્રાચાર્યઃ 'અધિરા ન બનો નરકાસુર...'

નરકાસુરઃ 'ગુરુદેવ મેં ઘણા વરસો ઊંઘમાં કાઢી નાખ્યા છે. મારું શરીર પૂર્ણરૂપે શક્તિમાન છે. તમે ફક્ત આદેશ આપો.'

શુક્રાચાર્યઃ 'નરકાસુર તમે તપસ્યા કરો.'

નરકાસુરઃ 'ગુરુદેવ તપસ્યા કરીને મને શું મળશે?'

શુક્રાચાર્યઃ 'નરકાસુર સંસારની તમામ શક્તિઓ ત્રિદેવો પાસેથી જ મળી શકે.'

નરકાસુરઃ 'આ ત્રિદેવ કોણ છે? કે જેમની પાસેથી આપણે શક્તિ મેળવી શકીએ.'

શુક્રાચાર્યઃ 'ત્રિદેવ એટલે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. બ્રહ્માજીએ સૃષ્ટિની રચના કરી, વિષ્ણુજી સૃષ્ટિના પાલક છે અને મહેશ સૃષ્ટિના સંહારક છે. આ શક્તિઓને તપસ્યાથી પ્રસન્ન કરી તમે ઇચ્છિત વરદાન મેળવી શકો છો. તમારા પિતા અને દાદાશ્રીએ પણ ઇચ્છિત વરદાન મેળવ્યા હતા.'

નરકાસુરઃ 'વરદાન મેળવીને પણ તેમનો વધ થયો તો મારું ભવિષ્ય શું?'

શુક્રાચાર્યઃ 'મેં ચિંધેલા માર્ગ પર ચાલશો તો, અથાગ શરીરના સ્વામી નરકાસુર તમે વરદાન મેળવી ત્રણેય લોકો પર રાજ કરશો.'

નરકાસુરઃ 'ગુરુદેવ તો હવે મારે શું કરવું જોઈએ'

શુક્રાચાર્યઃ 'નરકાસુર તમારે બ્રહ્માજીની આરાધના કરી ચારેય વેદનું જ્ઞાન અને ત્રિદેવ વધ ન કરી શકે એવું વરદાન માંગવું.'

નરકાસુરઃ 'ગુરુદેવ ફક્ત બ્રહ્માજીની તપસ્યા શું કામ? અને વરદાનમાં શક્તિ અને અમરતા ન માંગી શકાય'

શુક્રાચાર્યઃ 'નરકાસુર સમજવાની કોશિશ કરો તમારા પિતાએ પણ મારી વાત ન માનતાં પોતાને ગમતાં વરદાન માંગી પોતાના પતનનો માર્ગ નિશ્ચિત કર્યો હતો. (ક્રમશઃ)■

# અધ્યાત્મમાં આંતરિક ઊર્જાનું અદ્ભુત વિજ્ઞાન

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

આધુનિક વિજ્ઞાન જેને વિદ્યુત કહે છે, તેને જ ભારતીય અધ્યાત્મ ઊર્જા અથવા પ્રાણ કહે છે. સરળ સ્પર્શ પણ શારીરિક વિદ્યુતના આંશિક વિનિમયનું કારણ બને છે. સ્પર્શ, સ્નેહ, હાથ મિલાવવા, આલિંગન વગેરે દ્વારા અનુભવાતા સ્પંદનો વિદ્યુત આવેગના વિનિમયનું પરિણામ છે. વૈજ્ઞાનિકોએ પણ હવે આ હકીકત સ્વીકારવાનું શરૂ કરી દીધું છે.

જો પ્રાણશક્તિ તેના યોગ્ય સંતુલનમાં રહેશે, તો જીવનના બધા ભાગો યોગ્ય રીતે કાર્ય કરશે. શરીર સ્વસ્થ રહેશે, મન ખુશ રહેશે, અને આંતરિક સ્વ સંવાદિતા અને સંતોષથી ભરપૂર રહેશે, પરંતુ જો આ ક્ષેત્રમાં વિસંગતતાઓ અને વિકૃતિઓ ઉભી થવા લાગે, તો તેની પ્રતિક્રિયા રોગો, આફતો અને ભયાનકતાના સ્વરૂપમાં દેખાશે. પતનના ઘણા કારણો પ્રાણતત્ત્વની વિકૃતિ સાથે સંબંધિત છે. સામાન્ય સારવાર તેમને સુધારવામાં બિનઅસરકારક સાબિત થાય છે. વ્યક્તિ જેટલી શાંત, સૌમ્ય, મધુર સ્વભાવની, મૃદુભાષી અને સ્થિર મનની હશે, તેમના સૂક્ષ્મ શરીરના પ્રકાશ અણુઓ ખૂબ જ ધીમે ધીમે મુક્ત થાય છે અને લાંબા સમય સુધી શરીરમાં શક્તિ, હૂંફ અને સહનશીલતા જાળવી રાખે છે.

જ્ઞાનતંતુઓ મસ્તક સુધી નિર્દેશ કેવી રીતે પહોંચાડે છે? ત્વચાને થયેલો સ્પર્શ કે પીડા એક ક્ષણમાં મગજ સુધી કેવી રીતે પહોંચી જાય છે? 'કેન્દ્રીય અને પેરિફેરલ નર્વસ સિસ્ટમમાં એકાત્મક વિદ્યુત ઘટનાઓ' અંગેના તેમના તારણો માટે ૧૯૬૩માં જોન એકલ્સ, એલન હોજકિન અને એન્ડ્રુ હક્સલીને નોબેલ ઇનામથી નવાજવામાં આવ્યા છે. પણ આપણું અધ્યાત્મ આ ક્રિયાને સદીઓથી માન્યતા આપે છે. આ સૂક્ષ્મ ઉર્જાને માપી શકાય એટલી તાકાતવાન ન હોય તો પણ તેનો અનુભવ થઇ શકે છે. ભાવનાત્મક સ્પર્શ દ્વારા, તેની અસર અન્ય લોકો દ્વારા પણ અનુભવી શકાય છે. ઉચ્ચ માનસિક સ્થિતિ ધરાવતી વ્યક્તિની નજીક બેસવાથી વ્યક્તિની માનસિક સ્થિતિમાં પણ આવી જ હલચલ અનુભવાય છે અને દુષ્ટ લોકોની સંગતમાં, મન, બુદ્ધિ અને સંવેદનાત્મક ઇન્દ્રિયોમાં પણ એ પ્રકારની જ ઉત્તેજના શરૂ થાય છે. વ્યભિચારીઓની સંગતમાં બેસવાથી મનમાં દુર્ગુણો પ્રત્યે બિનજરૂરી આકર્ષણ ઉત્પન્ન થવા લાગે છે. આધ્યાત્મિક વિજ્ઞાનમાં સત્સંગનું મહત્ત્વ ફક્ત શિક્ષા પ્રાપ્તિને કારણે નથી; પરંતુ તે મહાપુરુષોના શરીરમાંથી નીકળતી અને નજીકના વિસ્તારમાં ફેલાતી વિદ્યુત પ્રવાહની ઊર્જાનો લાભ લેવો એ પણ મહત્ત્વપૂર્ણ છે.



ચરણ સ્પર્શ કરવાની પ્રથા પાછળનું રહસ્ય એ છે કે તેજસ્વી લોકોના શરીરને સ્પર્શ કરવાથી, તેમની ઊર્જાનો એક ભાગ આપણને પ્રાપ્ત થઇ શકે. અધિક સામર્થ્યવાનનો લાભ ઓછા સામર્થ્યવાનને શરીર સ્પર્શની પ્રક્રિયાથી ખૂબ અસરકારક બને છે. ગુરુજનો દ્વારા તેમના નાના બાળકોના માથા પર હાથ ફેરવવા અને તેમની પીઠ થપથપાવવા જેવો સ્નેહ દર્શાવવામાં આવે છે તે ભાવનાત્મક લાગી શકે છે પરંતુ તેમાં વિદ્યુત પ્રસારણની પ્રક્રિયા પણ સામેલ છે.

સાધના કાળમાં રહેલા સાધકો કોઈને પોતાના ચરણ સ્પર્શ કરવા દેતા નથી, તેઓ આશીર્વાદ તરીકે કોઈના માથા પર હાથ પણ રાખતા નથી. તેવું એટલા માટે કે સાધનાથી ઉત્પન્ન તેમની મર્યાદિત શક્તિનો એક ભાગ બીજાને મળી શકે છે અને તેમને નુકસાન થઈ શકે છે. સામાજિક અને પારિવારિક કારણો ઉપરાંત, બ્રહ્મચર્ય, પતિવ્રત, પત્નીવ્રત વગેરે પાછળ આધ્યાત્મિક કારણો પણ છે. શારીરિક વિદ્યુત આવેગ આંખો, વાણી અને આંગળીઓમાં વધુ જોવા મળે છે અને ત્યાંથી તે બહારની તરફ ફેલાય છે. સામાન્ય રીતે, આ શારીરિક શક્તિ અનામતનો ઉપયોગ રોજિંદા જીવનમાં માત્ર અમુક હદ સુધી જ થાય છે અને બાકીનો ભાગ એમ જ વેડફાઈ જાય છે. જો તે શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ માટે કેન્દ્રિત કરીને ઉપયોગમાં લેવાય, તો દરેક ક્ષેત્રમાં આશાસ્પદ પ્રગતિ થઈ શકે છે. જો સાધના વિજ્ઞાનના આધારે તેનો યોગ્ય ઉપયોગ શીખવામાં આવે અને ઇચ્છિત હેતુ માટે તેનો ઉપયોગ કરવાની પ્રક્રિયા સમજાય, તો, પોતાની આ સંપત્તિથી, વ્યક્તિ સર્વાંગી સમૃદ્ધિથી આશીર્વાદિત થઈ શકે છે. તે સફળ જીવન જીવી શકે છે.

અધ્યાત્મમાં સમર્થ ઊર્જા દુર્બળ ક્ષમતા ધરાવનારને ઉન્નત કરવાની શક્તિ ધરાવે છે. આવો જ એક પ્રયોગ યોગમાં શક્તિપાતના નામે ઓળખાય છે. આશીર્વાદ કે સ્નેહ વખતે આવો શક્તિપાત અત્યંત ઓછા પ્રમાણમાં થાય છે, જેનો તત્ક્ષણ અનુભવ થતો નથી. પણ જ્યારે સમર્થ ગુરુ સંપૂર્ણ ઇચ્છાશક્તિ સાથે શિષ્ય કે ભક્તના કલ્યાણ અર્થે આ પ્રયોગ કરે છે ત્યારે એ જ ક્ષણે તેનો સાક્ષાત્કાર થાય છે તે અનેક સાધકોને અનુભવસિદ્ધ છે. આગળ ઉપર આપણે શક્તિપાત વિશે ચર્ચા કરીશું. ■

# મહિલાઓના સૌથી પહેલા ટી-૨૦ બ્લાઇન્ડ વર્લ્ડ કપમાં ભારત ચૅમ્પિયન

કોલંબોઃ મહિલાઓ માટે પહેલી વાર યોજવામાં આવેલો ટી-૨૦ બ્લાઇન્ડ વર્લ્ડ કપ ભારતે જીતી લીધો છે. કોલંબોના પી. સારા ઓવલ સ્ટેડિયમની ફાઇનલમાં ભારતની ટીમે નેપાળની ટીમને સાત વિકેટે પરાજિત કરી હતી.

૨૦૦૭માં એમએસ ધોનીની કૅપ્ટન્સીમાં મેન્સ ટી-૨૦નો સૌપ્રથમ વર્લ્ડ કપ ભારતે જીતી લીધો એવી જ સિદ્ધિ ભારતની મહિલા ક્રિકેટરોએ ગઈ કાલે બ્લાઇન્ડ ટી-૨૦ વિશ્વ કપ જીતીને હાંસલ કરી છે. બીજી નવેમ્બરે નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતની મુખ્ય મહિલા ક્રિકેટ ટીમે પહેલી વાર વર્લ્ડ કપની ટ્રોફી હાથમાં લીધી ત્યાર બાદ હવે બ્લાઇન્ડ મહિલા ક્રિકેટમાં પણ દેશ માટે સોનાનો સૂરજ ઊગ્યો છે. મહિલાઓની બ્લાઇન્ડ ક્રિકેટમાં ભારત સૌપ્રથમ વિશ્વ વિજેતા બન્યું છે.

ભારતે ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી હતી અને નેપાળની ટીમને ૫/૧૧૪ સુધી સીમિત રાખી હતી. કૅપ્ટન સુનિતા શ્રાઠે ફક્ત પાંચ રનમાં આઉટ થઈ ગઈ હતી. સરિતા ઘિમિરેએ ૩૮ બૉલમાં ૩૫ રન બનાવ્યા હતા, જ્યારે બિમલા રાયે ૨૬ રન કર્યા હતા. ભારતની કૅપ્ટન દીપિકા તથા સ્ટાર-બૅટર અનેખા દેવી વહેલી આઉટ થઈ ગઈ હતી, પરંતુ ભારતીય ટીમે માત્ર ૧૨ ઓવરમાં ત્રણ વિકેટે ૧૧૭ રન કરીને સાત વિકેટના માર્જિનથી વિજય મેળવ્યો હતો અને ઐતિહાસિક ટાઇટલ જીતી લીધું હતું. ભારતની ચૅમ્પિયન ટીમની પ્રત્યેક ખેલાડીને એક ગ્રૂપ દ્વારા એક લાખનું ઇનામ અપાયું હતું. ફાઇનલ દરમ્યાન સીએબીઆઇના ચૅરમૅન ડૉ. મહંતેશ તેમ જ બીજા મહાનુભાવોએ હાજરી આપી હતી.



ભારત વતી ફુલા સરેન નામની બૅટરે ૨૭ બૉલમાં અણનમ ૪૪ રન કર્યા હતા. ટીમમાં તેનો આ સ્કોર હાઇએસ્ટ હતો અને તેણે પ્લેયર ઑફ ધ ફાઇનલનો અવૉર્ડ જીતી લીધો હતો. શનિવારની સેમિ ફાઇનલમાં ભારતે ઑસ્ટ્રેલિયાને અને નેપાળે પાકિસ્તાનને હરાવ્યું હતું.

બ્લાઇન્ડ ક્રિકેટરોની મૅચમાં સંપૂર્ણપણે જોઈ ન શકતી તેમ જ આંશિક રીતે જોઈ શકતી ખેલાડીઓ રમતી હોય છે. કોલંબોમાં ફાઇનલ વખતે શ્રીલંકાના વડા પ્રધાન ડૉ. હરિણી અમરસૂરિયાએ હાજરી આપીને મહિલાઓની બ્લાઇન્ડ ક્રિકેટને સપોર્ટ આપ્યો હતો અને ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. ■


# સ્મૃતિ મંધાના અને પલાશ મુચ્છલના લગ્ન અચાનક મોકૂફ

## ભારતની વાઇસ-કૅપ્ટનના પિતા શ્રીનિવાસ મંધાનાને હાર્ટ-અટૅક આવતાં વેડિંગની વિધિઓ અટકાવી દેવાઈ

મુંબઈઃ વર્લ્ડ ચૅમ્પિયન મહિલા ક્રિકેટ ટીમની વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાના અને મ્યૂઝિક કમ્પોઝર પલાશ મુચ્છલ વચ્ચેના રવિવારના લગ્ન અચાનક મુલતવી રાખવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. સ્મૃતિના પિતા શ્રીનિવાસ મંધાનાની તબિયત અચાનક બગડી જતાં આ નિર્ણય લેવામાં આવ્યો એ વાતને સ્મૃતિના બિઝનેસ મૅનેજર તુહિન મિશ્રાએ સમર્થન આપ્યું હોવાનું એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

કેટલાક અહેવાલો મુજબ દીકરી સ્મૃતિના લગ્નની મોટા ભાગની તૈયારીઓ પૂરી થઈ ગઈ હતી ત્યાં તેના પિતા શ્રીનિવાસને હાર્ટ-અટૅક આવ્યો હતો. આ લગ્નની તૈયારીઓ સાંગલીમાં મંધાના ફાર્મ હાઉસમાં કરવામાં આવી હતી. શ્રીનિવાસ મંધાનાને હૃદયરોગના હુમલાનો શિકાર થતાં જ તાબડતોબ તેમને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. સ્મૃતિ તેમ જ પરિવારના તમામ સભ્યો પણ હૉસ્પિટલમાં પહોંચી ગયા હતા જ્યાં તેમની હાલત સુધારા પર હોવાનું ડૉક્ટરે જણાવ્યું હતું.

વેડિંગ મૅનેજમેન્ટે મીડિયાને સત્તાવાર રીતે જણાવ્યું હતું કે લગ્નને લગતી વિધિ મોકૂફ રાખવામાં આવી છે અને લગ્ન ફરી ક્યારે યોજાશે એ હવે પછી જાહેર કરવામાં આવશે. લગ્નના સ્થળેથી ડેકૉરેશનની ચીજો અને અન્ય વસ્તુઓ હટાવવામાં આવી રહી છે.



સ્મૃતિના મૅનેજરે કહ્યું, 'શ્રીનિવાસ મંધાના રવિવારે સવારે બ્રેકફાસ્ટ કરી રહ્યા હતા ત્યારે અચાનક તેમની તબિયત બગડી ગઈ હતી. અમને બધાને થયું કે થોડી વારમાં તેઓ નૉર્મલ થઈ જશે, પણ તેમની તબિયત વધુને વધુ કથળતી ગઈ હતી એટલે અમે વધુ રાહ ન જોવાનું નક્કી કરીને ઍમ્બ્યૂલન્સ બોલાવી હતી અને શ્રીનિવાસજીને હૉસ્પિટલમાં લઈ ગયા હતા. હવે તેઓ ડૉક્ટર અને તેમની ટીમની સંપૂર્ણ દેખરેખ હેઠળ છે. બધા જાણે છે કે સ્મૃતિ તેના પિતાની લાડકી છે અને પિતા પ્રત્યે પણ તેને ખૂબ સ્નેહ છે એટલે સ્મૃતિએ નક્કી કર્યું છે કે હવે તેના પિતાની તબિયત પૂરેપૂરી સારી થશે ત્યાર પછી જ લગ્નની નવી તારીખ નક્કી કરાશે.' ■

# ગિલની ગેરહાજરીનો રાહુલ-તિલકને ફાયદોઃ શ્રેયસ, હાર્દિક, બુમરાહ કેમ ટીમમાં નથી?

મુંબઈઃ ટેસ્ટ અને વન-ડેના કૅપ્ટન શુભમન ગિલને ગરદનની ઈજા ખૂબ નડી છે અને તેણે સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ-સિરીઝની બહાર થયા પછી હવે તેમની જ સામેની વન-ડે શ્રેણી પણ ગુમાવવી પડશે અને તેની ગેરહાજરીનો આડકતરી રીતે ફાયદો કે. એલ. રાહુલ તથા તિલક વર્માને થયો છે. રાહુલને આખી વન-ડે શ્રેણીમાં કૅપ્ટન્સી સંભાળવાની તક મળી છે, જ્યારે તિલકને સ્પેશ્યાલિસ્ટ બૅટ્સમૅન તરીકે ટીમમાં સામેલ થવા મળ્યું છે. ઋતુરાજ ગાયકવાડ પણ ફાવી ગયો છે.

રિષભ પંતનું વન-ડે ટીમમાં કમબૅક થયું છે. તેનો સમાવેશ બીજા વિકેટકીપર તરીકે થયો છે. છેલ્લે તે ઑગસ્ટ, ૨૦૨૪માં વન-ડે રમ્યો હતો. ત્રીજો વિકેટકીપર-બૅટ્સમૅન ધ્રુવ જુરેલ પણ ટીમમાં છે.

બે સૌથી અનુભવી ખેલાડીઓ વિરાટ કોહલી અને રોહિત શર્મા પણ આ ટીમમાં સામેલ છે એટલે ટીમ વધુ પડકારરૂપ બની ગઈ છે. ગિલની ગેરહાજરીમાં રોહિતની સાથે યશસ્વી જયસ્વાલ દાવની શરૂઆત કરશે. જસપ્રીત બુમરાહ બે મહિનાથી સતત રમી રહ્યો હોવાથી તેને આ સિરીઝમાંથી આરામ અપાયો છે. મોહમ્મદ સિરાજને પણ આરામ અપાયો છે.

શ્રેયસ ઐયર પાંસળી અને પેટની ઈજામાંથી હજી પૂરેપૂરો મુક્ત નથી થયો એ કારણસર પણ લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન તિલકનો નંબર લાગી ગયો એમ કહી શકાય. ઋતુરાજ ગાયકવાડ સાઉથ આફ્રિકા-એ સામે (૧૧૭ રન, ૬૮ અણનમ, પચીસ રન) સારું રમ્યો હોવાથી અને ઇન્ડિયા-એને ૨-૧થી સિરીઝ-વિજય અપાવ્યો હોવાથી તે રિઝર્વ ઓપનર છે. હાર્દિક પંડ્યા પગની ઈજામાંથી મુક્ત ન થયો હોવાથી તેને પણ આ સિરીઝમાં નહીં રમવા મળે.



ગઈ કાલની ટેસ્ટમાં વન-ડેનો નવો કૅપ્ટન કે. એલ. રાહુલ અને રિષભ પંત.

### વન-ડે સિરીઝની મૅચો

(૧) પ્રથમ વન-ડેઃ રવિવાર, ૩૦મી નવેમ્બર, રાંચી, બપોરે ૧.૩૦

(૨) બીજી વન-ડેઃ બુધવાર, ૩જી ડિસેમ્બર, રાયપુર, બપોરે ૧.૩૦

(૩) ત્રીજી વન-ડેઃ શનિવાર, ૬ઠ્ઠી ડિસેમ્બર, વિશાખાપટનમ, બપોરે ૧.૩૦

### ભારતીય ટીમ

કે. એલ. રાહુલ (કૅપ્ટન, વિકેટકીપર-બૅટ્સમૅન), રોહિત શર્મા (બૅટ્સમૅન), વિરાટ કોહલી (બૅટ્સમૅન), યશસ્વી જયસ્વાલ (બૅટ્સમૅન) તિલક વર્મા (બૅટ્સમૅન). ઋતુરાજ ગાયકવાડ (બૅટ્સમૅન), રિષભ પંત (વિકેટકીપર-બૅટ્સમૅન), ધ્રુવ જુરેલ (વિકેટકીપર-બૅટ્સમૅન), રવીન્દ્ર જાડેજા (સ્પિન-ઑલરાઉન્ડર), વૉશિંગ્ટન સુંદર (સ્પિન-ઑલરાઉન્ડર), નીતીશ કુમાર રેડ્ડી (પેસ બોલિંગ-ઑલરાઉન્ડર), કુલદીપ યાદવ (સ્પિનર), હર્ષિત રાણા (પેસ બોલર), પ્રસિદ્ધ ક્રિષ્ના (પેસ બોલર) અને અર્શદીપ સિંહ (પેસ બોલર). ■

# મુથુસામીએ પાકિસ્તાનમાં અધૂરી રહેલી સેન્ચુરીની ઇચ્છા ભારતમાં પૂરી કરી

## સાઉથ આફ્રિકાના ૪૮૯ રન સામે ભારતના વિના વિકેટે નવ રન

ગુવાહાટીઃ અહીં ભારત સામેની બીજી ટેસ્ટ (સવારે ૯.૦૦ વાગ્યાથી લાઇવ)માં રવિવારના બીજા દિવસે બૅટિંગ-પિચ પર વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકાના સ્પિન-ઑલરાઉન્ડર અને ભારતીય મૂળના ખેલાડી સેનુરન મુથુસામી (૧૦૯ રન, ૨૦૬ બૉલ, ૨૯૯ મિનિટ, બે સિક્સર, દસ ફોર) અને પેસ બોલિંગ ઑલરાઉન્ડર માર્કો યેનસેને (૯૩ રન, ૯૧ બૉલ, ૧૪૭ મિનિટ, સાત સિક્સર, છ ફોર)ની જોડીએ ભારતીય બોલર્સને જેમાં ખાસ કરીને સ્પિનર્સને જાણે સાવ સાધારણ બનાવી દીધા હતા જેને પગલે પ્રવાસી ટીમે પહેલી ઇનિંગ્સમાં ૧૫૧.૧ ઓવરની લાંબી ઇનિંગ્સમાં ૪૮૯ રનનું તોતિંગ ટોટલ નોંધાવ્યું હતું. રમતના અંત સુધીમાં ભારતે ૬.૧ ઓવરમાં વિના વિકેટે નવ રન કર્યા હતા. ભારત પ્રથમ દાવમાં કેટલા રન કરશે એના પર મૅચના પરિણામનો આધાર રહેશે.

મુથુસામીએ એક રીતે પાકિસ્તાનમાં એક મહિના પહેલાં અધૂરી રહેલી ઇચ્છા ભારતમાં પૂરી કરી છે. ગયા મહિને પાકિસ્તાનમાં સાઉથ આફ્રિકાએ જે છેલ્લી ટેસ્ટ જીતીને શ્રેણી ૧-૧થી સમકક્ષ કરી એ ટેસ્ટના બીજા ૨૧૫ મિનિટ સુધી ક્રીઝમાં રહીને અણનમ ૮૯ રન કર્યા હતા. તે ત્યારે કરીઅરની પ્રથમ આંતરરાષ્ટ્રીય સદી ચૂકી ગયો હતો, પણ રવિવારે ભારત સામે તેણે એ ઇચ્છા પૂરી કરી હતી. તેની વિકેટ સિરાજે લીધી હતી.



ચાઇનામૅન તરીકે ઓળખાતા લેફ્ટ-આર્મ સ્પિનર કુલદીપ યાદવે કહ્યું એમ ગુવાહાટીની પિચ રોડ જેવી (સપાટ) છે અને એના પર મુથુસામીએ વિકેટકીપર કાઇલ વેરાઇન (૪૫ રન) સાથે ૮૮ રનની અને યેનસેન સાથે ૯૭ રનની ભાગીદારી કરી હતી.

કુલદીપ યાદવે સૌથી વધુ ચાર વિકેટ તથા બુમરાહ, સિરાજ, જાડેજાએ બે-બે વિકેટ લીધી હતી. નીતીશ અને વૉશિંગ્ટનને વિકેટ નહોતી મળી. ■

# ટ્રૅવિસ હેડ વિશેના સ્ટીવ સ્મિથના નિવેદને સૌને ચોંકાવી દીધાઃ ઑસ્ટ્રેલિયન બોર્ડને ૧૭ કરોડ રૂપિયાનું નુકસાન

પર્થઃ આક્રમક બૅટ્સમૅન ટ્રૅવિસ હેડે શનિવારે ઇંગ્લૅન્ડ સામે ઍશિઝ સિરીઝની પ્રથમ ટેસ્ટના બીજા દાવમાં ઓપનિંગમાં મોકલવામાં આવતાં ૬૯ બૉલમાં સેન્ચુરી ફટકારીને ઑસ્ટ્રેલિયાને બીજા જ દિવસે વિજય અપાવી દીધો ત્યાર બાદ કાર્યવાહક સુકાની સ્ટીવ સ્મિથે કહ્યું હતું કે ' ટ્રૅવિસ હેડને હવે પછી પણ ઓપનિંગમાં જ મોકલવામાં આવશે કે કેમ એ વિશે હાલમાં નક્કી કહી ન શકાય.' ઑસ્ટ્રેલિયાને ૨૦૫ રનનો લક્ષ્યાંક મળ્યો હતો જે એણે માત્ર બે વિકેટના ભોગે મેળવી લીધો હતો.

પર્થની ટેસ્ટ બે જ દિવસમાં પૂરી થઈ જતાં ઑસ્ટ્રેલિયન બોર્ડે ત્રીજા-ચોથા દિવસની ટિકિટોનું રિફંડ આપવું પડશે એને પગલે બોર્ડને ત્રણ મિલિયન ઑસ્ટ્રેલિયન ડૉલર (અંદાજે ૧૭.૩૫ કરોડ રૂપિયા)થી વધુનું નુકસાન થશે.

ટ્રૅવિસ ૮૩ બૉલમાં ચાર સિક્સર અને સોળ ફોરની મદદથી ૧૨૩ રન કર્યા હતા. ટ્રૅવિસ હેડ દક્ષિણ એશિયાની બહાર પહેલી વાર ટેસ્ટમાં ઓપનિંગમાં રમ્યો હતો. તે આ જ ટેસ્ટના પ્રથમ દાવમાં પાંચમા નંબરે રમ્યો હતો જેમાં તેણે ૨૧ રન કર્યા હતા. એ ઇનિંગ્સમાં ઓપનિંગમાં નવા ઓપનર જેક વેધરાલ્ડ અને માર્નસ લાબુશેન રમ્યા હતા. પહેલા દાવમાં લાબુશેનને ઓપનિંગમાં મોકલવામાં આવ્યો હતો જેમાં તે (લાબુશેન) ફક્ત નવ રન કરી શક્યો હતો. બીજા દાવમાં ઓપનિંગમાં ઉસમાન ખ્વાજાનો જ નંબર લાગવાનો હતો, પરંતુ ખ્વાજા પીઠના દુખાવાને કારણે ઓપનિંગમાં રમી શકે એમ નહોતો એટલે ટ્રૅવિસને ઓપનિંગમાં મોકલાયો હતો. ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| છટણી | ગુપ્ત |
| છડેચોક | ખેંચ |
| છત | છાનુંછપનું |
| છતું | નિર્વ્યસની |
| છાકટું | ભરતી |

### ઓળખાણ પડી?



હિમાલય ગિરિમાળાના વિશ્વના ત્રીજા નંબરના સૌથી ઊંચા શિખરની ઓળખાણ પડી? તિબેટના લોકોએ 'બરફના પાંચ ભંડારો' ઉપનામ આપ્યું છે.

અ) નંદાદેવી   બ) કાંચનજંઘા   ક) શિવાલિક   ડ)અન્નપૂર્ણા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ રં | ગ | ૨ ભૂ | મિ | ■ | ૩ ભ | ૪ વા | ઇ | ■ | ૫ વિ |
| ગ | ■ | મિ | ■ | ૬ અ | મ | લ | ■ | ૭ ક | વિ |
| ૮ રો | ક | ■ | ૯ સ | વા | રી | ■ | ૧૦ સા | વ | ધ |
| ગા | ■ | ૧૧ શ | હે | ર | ■ | ૧૨ સા | વ | ન | ■ |
| ૧૩ ન | કા | ર | ■ | ૧૪ ન | વા | જું | ■ | ■ | ૧૫ જા |
| ■ | ■ | ૧૬ મા | ળ | વા | ■ | ■ | ૧૭ ક | પા | ત |
| ૧૮ અ | ચ | ળ | ■ | ૧૯ ર | ૨૦ મ | મા | ણ | ■ | અ |
| ધ્યા | ■ | ■ | ૨૧ અ | ■ | ના | ■ | ક | ■ | નુ |
| ૨૨ પ | ૨૩ ટ | ■ | ૨૪ ના | ૨૫ ત | વ | ૨૬ રો | ■ | ૨૭ આ | ભ |
| ૨૮ ન | કા | રા | ત્મ | ક | ■ | ૨૯ પ | ગ | ર | વ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ■ | ૨ | | ૩ | | ૪ | ■ |
| | ■ | ■ | ૫ | | ■ | | ■ | ૬ | ૭ |
| ૮ | ૯ | | | ■ | ■ | ૧૦ | | | |
| ૧૧ | | ■ | ૧૨ | | ૧૩ | | ■ | ૧૪ | |
| ■ | | ■ | | ■ | | ■ | ■ | | ■ |
| ૧૫ | | ૧૬ | ■ | ૧૭ | | | ૧૮ | ■ | ૧૯ |
| ૨૦ | | | ૨૧ | | ■ | ■ | ૨૨ | ૨૩ | |
| | ■ | ૨૪ | | | ■ | ૨૫ | | | |
| ■ | ૨૬ | ■ | | ■ | ૨૭ | | | ■ | |
| ૨૮ | | | | ■ | ૨૯ | | ■ | ૩૦ | |

**આડી ચાવી**

૧. કસોટી (૩)
૨. અભ્યાસને ધ્યાનમાં રાખી બનાવેલું (૫)
૫. લોકસેવા અર્થે કરેલું કર્મ (૨)
૬. --- નો શીરો પ્રસાદમાં બને (૨)
૮. જેની બુદ્ધિ સ્થિર છે (૪)
૧૦. આકાશમાંથી વરસે (૪)
૧૧. બાણ (જો. છૂ.) (૨)
૧૨. જાજરમાન, ઘટાદાર, ઘાટીલું (૪)
૧૪. --- જવું એટલે ગમ ખાવો (૨)
૧૫. ઉમદા, ઉદાત, નિખાલસ (૩)
૧૭. થોડુંક, નાનકડું (૪)
૨૦. પરિવાર, સંબંધી (૫)
૨૨. --- કાપવી એટલે મુસાફરી કરવી (૩)
૨૪. તરંગ, મોજું (૩)
૨૫. ચતુર, હોંશિયાર (૪)
૨૭. ઝાડ, વૃક્ષ (૨)
૨૮. હમણાં ને હમણાં (૪)
૨૯. પેગંબર (૨)
૩૦. રાતદિન તારી --- જોઉં છું (૨)

**ઊભી ચાવી**

૧. હાલત, સંજોગો (૪)
૨. અજાણ (૨)
૩. જળાશય (૪)
૪. દૂધનો સમુદ્ર (૫)
૫. યજ્ઞ કરવાનું સ્થળ (૪)
૭. આકાશમાં વિહરે (૩)
૯. તરફેણ (૫)
૧૩. રાક્ષસ (૩)
૧૫. તકલીફ, સમસ્યા (૩)
૧૬. ઘોડાની એક પ્રકારની ચાલ (૩)
૧૭. ભગવાન--- કસોટી કરે (૩)
૧૮. કમનસીબ, ધૂર્ત, બદમાશ (૪)
૧૯. વાળની લટ (૫)
૨૧. નાટકમાં --- કરવાં પડે (૪)
૨૩. થોડુંક (૨)
૨૫. ઘી-તેલથી -- વધે (૩)
૨૬. ગિલ્લી-દંડો રમવા માટે જોઇએ (૨)
૨૭. દિવસ (૨)

### ગુજરાત મોરી મોરી રે

મોટી ભરતી આવે ત્યારે સમુદ્રમાં ગરક થઈ જાય અને ઓટ આવે ત્યારે દેખાતું શ્રી સ્તંભેશ્વર મહાદેવનું મંદિર કયા જિલ્લામાં સ્થિત છે?

અ) ભરૂચ   બ) સાબરકાંઠા
ક) જૂનાગઢ   ડ) ભાવનગર

### માતૃભાષાની મહેક

દિલ એટલે મન, અંતઃકરણ, ચિત્ત. દિલમાં ઘર કરવું એટલે લાગણી જીતવી, સ્નેહથી બાંધી લેવું. દિલમાં દાઝવું એટલે સામા માણસને માટે દિલમાં દયાભાવ ઉત્પન્ન થવો, મનમાં અનુકંપા પ્રગટ થવી. દિલમાં નાખવું એટલે ધ્યાનમાં લેવું, કોઈ બાબત પર મન કેન્દ્રિત કરવું. દિલમાં રાખવું એટલે ધ્યાનમાં રાખવું, યાદ રાખવું. કોઈ બાબત ખાનગી રાખવી. વેર રાખવું કે દ્વેષ કરવો.

### સુડોકુ-૯૧૫૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | ૨ | | ૮ | | | | |
| | | | | ૭ | | | ૧ | |
| | ૧ | | ૯ | | | ૬ | | ૩ |
| ૧ | ૨ | ૬ | | | | | ૫ | |
| ૮ | | | | ૫ | | | | ૨ |
| | ૯ | | | | | ૩ | ૬ | ૮ |
| ૭ | | ૯ | | | ૮ | | ૨ | |
| | ૫ | | | ૧ | | | | |
| | | | | ૯ | | ૮ | | ૪ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૪૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૫ | ૮ | ૨ | ૧ | ૯ | ૭ | ૩ | ૬ |
| ૧ | ૭ | ૯ | ૩ | ૪ | ૬ | ૫ | ૨ | ૮ |
| ૩ | ૨ | ૬ | ૭ | ૫ | ૮ | ૯ | ૧ | ૪ |
| ૮ | ૩ | ૪ | ૯ | ૬ | ૧ | ૨ | ૫ | ૭ |
| ૯ | ૬ | ૭ | ૮ | ૨ | ૫ | ૩ | ૪ | ૧ |
| ૫ | ૧ | ૨ | ૪ | ૩ | ૭ | ૮ | ૬ | ૯ |
| ૨ | ૯ | ૩ | ૬ | ૮ | ૪ | ૧ | ૭ | ૫ |
| ૭ | ૪ | ૧ | ૫ | ૯ | ૨ | ૬ | ૮ | ૩ |
| ૬ | ૮ | ૫ | ૧ | ૭ | ૩ | ૪ | ૯ | ૨ |

### ઈર્શાદ

*એમ જ નથી આવ્યું આ ગગન મારા ભાગમાં,*
*ખાલીપો હું ય પામ્યો છું મારાઓ ખોઈને.*

*-- ચિનુ મોદી*

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'એ દિવસની સાંજ દિલકશ હતી' પંક્તિમાં 'દિલકશ' શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) અજવાળી   બ) મનોહર   ક) દિલદાર   ડ) હરિયાળી

### માઈન્ડ ગેમ

એક કાટકોણ ત્રિકોણની ઊંચાઈ ૧૪ સે.મી. હોય અને પાયાની લંબાઈ ૬ સે.મી. હોય તો એનું ક્ષેત્રફળ કેટલું થાય એ ગણતરી કરી કહો.

અ) ૨૦   બ) ૮૪
ક) ૪૨   ડ) ૪૦

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ચોર | શાહુકાર |
| ચોખ્ખું | મેલું |
| ચોક્કસ | અડસટ્ટો |
| ચોકસાઈ | અસાવધ |
| ચોંટાડવું | ઉખાડવું |

ગુજરાત મોરી મોરી રે
ભરૂચ

ઓળખાણ પડી?
ઉત્તરાખંડ

માઈન્ડ ગેમ
૪૨૦૦

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
બેચેની

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) સુભાષ મોમાયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસાઈ (૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૮) હર્ષા મહેતા (૯) શ્રદ્ધા આશર (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) જયવંત પદમશી ચિખલ (૧૩) પુષ્પા પટેલ (૧૪) લજિતા ખોના (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) મીનળ કાપડિયા (૧૮) મહેશ સંઘવી (૧૯) મહેશ દોશી (૨૦) ભરત કજરિયા (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) મનીષા શેઠ (૨૩) ભાવના કર્વે (૨૪) તાહેર ઔરંગાબાદવાલા (૨૫) શીરીન ઔરંગાબાદવાલા (૨૬) પ્રવીણ વોરા (૨૭) કિરીટી છેડા (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) કમલ માતલિયા (૩૦) અરવિંદ કામદાર (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) વિલાસ અંબાણી (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) વિપીન શાહ (૩૫) નૂતન વિપીન શાહ (૩૬) અંજુ ટોલિયા (૩૭) ડાયના સંતોકે (૩૮) અલકા વાણી (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) પુષ્પા ખોના (૪૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૨) રમેશ દલાલ (૪૩) હેમા દલાલ (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) નિતીન જયંતિલાલ બજરિયા (૪૭) ડો પ્રકાશ કટકિયા (૪૮) ધીરેન્દ્ર મુલરાજ

# પંકજા મુંડેના પર્સનલ આસિસ્ટન્ટની ડૉક્ટર પત્નીએ વરલીના નિવાસે ગળાફાંસો ખાધો

## અનંત ગર્જે વિરુદ્ધ આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાનો ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાજપનાં નેતા અને રાજ્યનાં પર્યાવરણ પ્રધાન પંકજા મુંડેના પર્સનલ આસિસ્ટન્ટ (પીએ) અનંત ગર્જેની ડોક્ટર પત્ની ગૌરી પાલવેએ શનિવારે સાંજના વરલીના નિવાસે ગળાફાંસો ખાઇ જીવન ટૂંકાવ્યું હતું. ગૌરીના પિતાએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે વરલી પોલીસ અનંત ગર્જે વિરુદ્ધ આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાનો ગુનો દાખલ કર્યો હતો. આ સિવાય અનંતના ભાઈ અજય ગર્જે, નણંદ શીતલ સામે પણ ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસ ફરિયાદ અનુસાર ડૉ. ગૌરી પાલવે (૨૮)નાં લગ્ન ફેબ્રુઆરી, ૨૦૨૫માં બીડમાં અંનત ગર્જે સાથે થયાં હતાં. લગ્ન બાદ ગૌરી અને અનંત ગર્જે વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા અને ગૌરીને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો, એવો ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો.

ગૌરી પાલવે પાલિકા સંચાલિત કેઇએમ હોસ્પિટલના ડેન્ટલ વિભાગમાં ડૉક્ટર તરીકે કામ કરતી હતી અને તે શનિવારે સાંજે વરલીના નિવાસે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. ગૌરીના પિતા અશોક પાલવેએ ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે ૩ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ પુત્રી ગૌરીએ તેમને વ્હૉટ્સઍપ પર કેટલાક ફોટા મોકલાવ્યા હતા, જે દર્શાવે છે કે તેના પતિના અન્ય મહિલા સાથે ગાઢ સંબંધ હતા.

ગૌરીએ તેના પરિવારને જણાવ્યું હતું કે તેણે આ અંગે પતિને પૂછ્યું ત્યારે તેણે કહ્યું હતું કે તે જે ઇચ્છે એ કરી શકે છે અને પોતે આત્મહત્યા કરી લેશે તથા એ માટે તેને જવાબદાર ઠેરવશે. ગૌરીએ આક્ષેપ કર્યો હતો કે પતિના એ સંબંધ વિશે તેમનાં ભાઇ-ભાભીને પણ જાણ હતી અને તેને



ધમકી આપવામાં આવી હતી કે જો તે પતિને છોડી દેશે તો તેના બીજા લગ્ન કરાવી દેવાશે.

પરિવારજનોએ કહ્યું હતું કે તેઓ તાજેતરમાં જ્યારે તેની પુત્રીના વરલીના નિવાસે ગયા હતા ત્યારે તેના શરીર પર ઇજાના અમુક નિશાન તેમણે જોયા હતા. જે અંગે તેણે કાંઇ કહ્યું નહોતું.

અશોક પાલવેએ આક્ષેપ કર્યો હતો કે શુક્રવારે ગૌરીએ શુક્રવારે મને બે વખત કૉલ કર્યો હતો, પણ એ સમયે હું બાથરૂમમાં હતો, જેને કારણે કૉલ રિસિવ કરી શક્યો નહોતો. મેં જ્યારે ગૌરીને કૉલ કર્યો ત્યારે તેણે કહ્યું હતું કે બધું બરાબર છે.

શનિવારે સાંજે અનંતે અમને કૉલ કરીને જણાવ્યું હતું કે તમારી પુત્રીએ આત્મહત્યા કરી લીધી છે. આથી પરિવારજનો અહીં આવી પહોંચ્યા હતા. હોસ્પિટલમાં તેને મૃત જાહેર કરાઇ હતી.

ગૌરીના પિતાની ફરિયાદને આધારે વરલી પોલીસે આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાનો ગુનો દાખલ કર્યો હતો. પરિવારજનોએ પોલીસને એ પણ તપાસ કરવા કહ્યું છે કે આ આત્મહત્યા છે કે તેની હત્યા કરવામાં આવી છે. પોલીસ તમામ આરોપોની તપાસ કરી રહી છે.■

### અનંતના હતા અનૈતિક સંબંધ : મામાનો દાવો

ગૌરીના મામાએ જણાવ્યું હતું કે ગૌરી અને તેના પતિ વચ્ચે બે મહિનાથી ઝઘડા ચાલુ હતા. ગૌરીને ખબર પડી ગઈ હતી કે તેના પતિના અનૈતિક સંબંધ હતા. જોકે, ગૌરીએ તેને માફ કરી દીધો હતો. તેમ છતાં અનંત ગર્જેએ તે મહિલા સાથે વાતો કરવાનું ચાલુ રાખ્યું હતું. અનંત ગર્જે ગૌરીને ખૂબ જ ટોર્ચર કરતો હતો. જ્યારે બંને વચ્ચે આ બાબતે ઝઘડો થયો, ત્યારે અનંત ગર્જેએ પોતાના હાથ પર ચાકૂથી ઘા કર્યો અને કહેવા લાગ્યો કે, હું મરીશ અને તને પણ ફસાવીશ, એમ ગૌરીના મામાએ જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું કે, ગૌરીના પિતા પાસે અનંત ગર્જે અને બીજી એક મહિલા વચ્ચે ચેટિંગના પુરાવા છે. અનંતે પોલીસને જણાવ્યું હતું કે ગૌરીએ મારી સામે ફાંસી લગાવીને આત્મહત્યા કરી હતી. તો પછી તેણે તેને આત્મહત્યા કરતા કેમ ન રોકી? જો ગૌરીએ આત્મહત્યા કરી હોય, તો અનંત ગર્જે કેમ ભાગી ગયો? ■

### પંકજા મુંડેએ શું કહ્યું?

આ મારા માટે પણ ખૂબ આઘાતજનક હતું. પોલીસે આ મામલે યોગ્ય રીતે તપાસ કરવી જોઈએ અને આ બાબતનો ઉકેલ લાવવો જોઈએ. મેં ગૌરીના પિતા સાથે પણ વાત કરી, હું સમજી શકું છું કે તેઓ ખૂબ જ દુઃખી છે.

આવી ઘટનાઓ હૃદયને આઘાત પહોંચાડે છે. કોઈના અંગત જીવનમાં શું ચાલી રહ્યું છે, તે સમજવું અશક્ય છે. આ આઘાતજનક ઘટનાથી મને પણ અસ્વસ્થતા અનુભવાઈ રહી છે.'' ■

### એ કાગળ જોયા બાદ ગૌરી અને અનંત વચ્ચે ઝઘડા શરૂ થયા : આરોપ

સામાજિક કાર્યકર અંજલી દમણિયાએ અનંત ગર્જે વિશે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. ગૌરી પહેલા બીડીડી ચાલમાં રહેતી હતી. ત્યાંથી, તેમને ટાવરમાં શિફ્ટ થવાનું હતું, ત્યારે પેકિંગ કરતી વખતે તેને કેટલાક કાગળો મળ્યા હતા. તેમાં કિરણ ઇંગ્લે નામની એક મહિલાના પેપર હતા, જેને ગર્ભપાત માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી અને તેના પેપર પર તેના પતિનું નામ અનંત ગર્જે લખેલું હતું. આ કાગળો મળ્યા પછી તેમના ઝઘડા વધતા ગયા અને આવું થયું, એમ તેના માતાપિતાએ કહ્યું હોવાનું દમણિયાએ જણાવ્યું હતું.

આ ઉપરાંત ગૌરીના શરીર પર મારપીટના નિશાન પણ હતા. ગૌરીની એક મિત્ર તેને દોઢ વર્ષથી ઓળખે છે. ફેબ્રુઆરીથી અત્યાર સુધી તેણે તેના ચહેરા પર ઘણી વખત મારપીટના નિશાન જોયા હતા. તેનો અર્થ એ કે તેની સાથે હંમેશા મારપીટ કરવામાં આવતી હતી એમ પણ તેમણે કહ્યું હતું.■

# 'હવે પછી ગદ્દારોને માફી નહીં': સુનિલ તટકરેએ કોની તરફ ઈશારો કર્યો?

મુંબઇ : રાજ્યની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી અને આગામી મહાપાલિકા ચૂંટણીની તૈયારીઓ સાથે રાજકીય વાતાવરણમાં ગરમી આવી ગઈ છે. સામસામા આરોપ-પ્રત્યારોપનો દોર તો ચાલુ જ છે. મહાગઠબંધનનાં સાથી પક્ષો કેટલીક નગર પંચાયત અને નગર પરિષદની ચૂંટણીમાં આમનેસામને આવી જતાં ઘણી ઉથલપાથલ જોવા મળી રહી છે.

આ બધા વચ્ચે થોડા દિવસો પૂર્વે રાયગડ જિલ્લાની મ્હસળા નગર પંચાયતના નાગરાધ્યક્ષ સહીત નવ નગરસેવકોએ શિવસેના (શિંદે) જૂથમાં પ્રવેશ કર્યો છે. તેને કારણે રાષ્ટ્રવાદી કોંગ્રેસ (અજિત પવાર)ના પ્રદેશ અધ્યક્ષ અને સાંસદ સુનિલ તટકરે તથા મહિલા અને બાળ વિકાસ પ્રધાન અદિતિ તટકરે માટે આ મોટો આઘાત માનવામાં આવી રહ્યું છે. આ સંદર્ભે એક વક્તવ્યમાં સુનિલ તટકરેએ પક્ષ છોડી ગયેલાઓને નામ લીધા વિના ઈશારો કર્યો છે. 'હવે પછી ગદ્દારોને માફી નહીં' તેવું તેમણે એક કાર્યક્રમમાં બોલતા કહ્યું હતું. 'કોઈ કોઈનો આશ્રય લેવા ગયું હશે અથવા અન્ય કોઈ કારણસર ગયું હોય, પણ હવે પછી ગદ્દારોને માફી નહીં એમ મારે કહેવું છે. કાયદેસર જે કાર્યવાહી કરવી જોઈએ તે કરવામાં આવશે. પણ કોઈ કોઈને બચાવવા આવી શકશે નહીં.' એમ તેમણે જણાવ્યું હતું. નાગરાધ્યક્ષ સહીત નવ નગરસેવકોના શિંદે જૂથમાં પ્રવેશના કારણે પ્રધાન ગોગાવલેએ સોગઠી માર્યાનું ચર્ચાઈ રહ્યું છે. મ્હસળા નગર પંચાયતના અધ્યક્ષ ફરીન અબ્દુલ અઝીઝ સહીત કુલ નવ નાગસેવકોએ શિંદે જૂથના પ્રધાન ભરત ગોગાવલેની ઉપસ્થિતિમાં પક્ષ પ્રવેશ કર્યો હતો. ■

# નિવૃત્ત પોલીસ અધિકારી, તેના ડૉક્ટર મિત્રએ ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડમાં ૧.૪૪ કરોડ રૂપિયા ગુમાવ્યા

થાણેઃ વિવિધ સ્કીમોમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે થાણેના નિવૃત્ત પોલીસ અધિકારી અને તેના ડૉક્ટર મિત્ર સાથે ૧.૪૪ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હતી, જેને પગલે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. બે વર્ષમાં થયેલી આ છેતરપિંડી પ્રકરણે પોલીસે પુણે અને ગોવાના બે રહેવાસી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. કલ્યાણના રહેવાસી ૬૭ વર્ષના નિવૃત્ત પોલીસ અધિકારી અને તેના ડૉક્ટર મિત્રને આરોપીઓએ શેર ટ્રેડિંગમાં સંકળાયેલી કંપનીઓમાં મોટી રકમના રોકાણ પર આકર્ષક વળતર અપાવવાનું વચન આપ્યું હતું. આરોપીઓએ પ્રારંભમાં વિશ્વાસ સંપાદન કરવા માટે તેમને રોકાણ સામે નાની રકમના વળતરો આપવાનું શરૂ કર્યું હતું. જોકે બાદમાં ધીમે ધીમે ચુકવણી સાવ બંધ કરી દીધી હતી.

પીડિતોએ પોતાની મૂળ રકમ પાછી માગી ત્યારે આરોપીઓ તેમને ટાળવા લાગ્યા હતા અને ઉડાઉ જવાબ આપવા લાગ્યા હતા. બાદમાં તેમના કૉલ લેવાનું આરોપીઓએ બંધ કરી દીધું હતું.

પોતે છેતરાયા હોવાનું ધ્યાનમાં આવતાં તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ૨૧ નવેમ્બરથી પોલીસે ઊંડાણથી તપાસ શરૂ કરી છે. જોકે આ કેસમાં હજી સુધી કોઇની પણ ધરપકડ કરવામાં આવી નથી, એમ ખડકપાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું. પોલીસે નાણાંનું પગેરું મેળવવા માટે આરોપીઓના બૅંક વ્યવહારો, રોકાણના દસ્તાવેજો તેમ જ સંદેશવ્યવહારની નોંધની તપાસ કરી રહી છે. આરોપીઓએ આ પ્રમાણે અન્ય લોકો સાથે પણ છેતરપિંડી આચરી હોવાની પોલીસને શંકા છે. પોલીસે આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડસંહિતાની કલમ ૪૨૦ (છેતરપિંડી) અને ૩૪ (સમાન હેતુ) તથા મહારાષ્ટ્ર પ્રોટેક્શન ઓફ ઇન્ટરેસ્ટ ઓફ ડિપોઝિટર્સ (એમપીડીએ) એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. ■

# કૉલેજમાં નમાઝ પઢવાથી બબાલઃ વિદ્યાર્થીઓએ માફી માગી

કલ્યાણ : કલ્યાણની એક કોલેજમાં નમાઝ પઢવાની ચોંકાવનારી ઘટનાનો વીડિયો વાયરલ થયા બાદ ખળભળાટ મચી ગયો હતો. આ ઘટના પ્રકાશમાં આવ્યા બાદ વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ અને અન્ય સંગઠનોના પદાધિકારીઓ કોલેજ દોડી ગયા હતા. સમગ્ર ઘટના બાદ, વિદ્યાર્થીઓએ વહીવટીતંત્ર અને હાજર કાર્યકરોની માફી પણ માગી. વહીવટીતંત્રે પણ વિદ્યાર્થીઓ સામે જરૂરી કાર્યવાહી કરવાનું આશ્વાસન આપ્યું હતું.

આ મહત્વપૂર્ણ ઘટનામાં જોકે પોલીસ કોલેજ પહોંચી હતી અને પરિસ્થિતિને કાબુમાં લીધી હતી, પરંતુ કોલેજ પ્રશાસને પોલીસને કોલેજ સ્તરે જ આ મામલો ઉકેલવા દેવા વિનંતી કરી હતી.

વદ્યાર્થીઓની માફી બાદ કોલેજ પ્રશાસન અને પોલીસના હસ્તક્ષેપ બાદ સમગ્ર મામલો થાળે પડ્યો હતો. ■

# મુંબઇ એરપોર્ટ પર દાણચોરીનો નવ કરોડનો ગાંજો પકડાયોઃ ચેન્નઇના યુવકની ધરપકડ

મુંબઈઃ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર શનિવારે કસ્ટમ્સ વિભાગના એર ઇન્ટેલિજન્સ યુનિટે (એઆઇયુ) દાણચોરીનો નવ કરોડ રૂપિયાનો ઉચ્ચ ગુણવત્તાનો ગાંજો પકડી પાડીને ચેન્નઇના યુવકની ધરપકડ કરી હતી.

એઆઇયુના અધિકારીઓએ રવિવારે ધરપકડ કરેલા યુવકની ઓળખ રમીઝ અહમદ ખાન તરીકે થઇ હતી. રમીઝ ખાનને રવિવારે કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો. રમીઝના વકીલ તરીકે અરુણ ગુપ્તા કોર્ટમાં હાજર રહ્યા હતા અને તેમણે દલીલ કરી હતી. કોર્ટે બાદમાં રમીઝને જુડિશિયલ કસ્ટડી ફટકારી હતી.

રમીઝ શનિવારે બેંગકોકથી ફ્લાઇટમાં મુંબઈ એરપોર્ટ પર આવી પહોંચ્યો હતો. રમીઝ ટી-૨ ખાતે અરાઇવલ હોલમાં આવતાં એઆઇયુના અધિકારીઓએ શંકાને આધારે તેને આંતર્યો હતો. રમીઝની તલાશી લેવાતાં કશું જ મળ્યું નહોતું. આથી તેની ટ્રોલી બેગની તલાશી લેવાતાં કપડાં, ચોકલેટ્સ અને ફૂડ પેકેટ્સ મળ્યાં હતાં. કપડાંમાંથી આઠ એરટાઇટ પ્લાસ્ટિક પેકેટ્સ નીકળ્યાં હતાં.

આખી ટ્રોલી બેગ ખાલી કરાવવામાં આવ્યા છતાં તેનું વજન ભારે હોવાથી તેને તોડવામાં આવી હતી અને તેમાંથી વધુ આઠ એરટાઇટ પ્લાસ્ટિક પેકેટ્સ મળ્યાં હતાં.

કુલ ૧૨ એરટાઇલ પ્લાસ્ટિક પેકેટ્સ ખોલવામાં આવતાં તેમાંથી ૮૮૯૫.૦૦ ગ્રામ હાઇડ્રો ગાંજો મળી આવ્યો હતો. આથી રમીઝ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરવામાં આવી હતી. રમીઝને બેંગકોકમાં ગાંજો કોણે આપ્યો હતો અને તે ભારતમાં લાવીને ક્યાં પહોંચાડવાનો હતો તેની તપાસ કરવામાં આવી રહી છે. ■

# સ્કૂલોમાં બોગસ વિદ્યાર્થીઓઃ શિક્ષણ વિભાગ હવે કડક કાર્યવાહી કરવા સજ્જ

માલેગાવઃ રાજ્યની કેટલીક શાળાઓમાં બોગસ વિદ્યાર્થીઓ બતાવીને સંખ્યા વધારવામાં આવતી હોવાની ફરિયાદો મળી રહી છે. આ પૃષ્ઠભૂમિ પર, ડિરેક્ટરોરેટ ઓફ એજ્યુકેશને એક મોટો નિર્ણય લીધો છે. રાજ્યની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યાની ચકાસણી કરવામાં આવશે. આનાથી બોગસ વિદ્યાર્થી સંખ્યા બતાવનાર શાળાઓ અને સંબંધિત સંસ્થાઓ પર નિયંત્રણ આવશે.

પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની હાજરીની માહિતી સંબંધિત મુખ્ય શિક્ષક દ્વારા યુ- ડાઇઝ પોર્ટલ પર નોંધવામાં આવે છે. આ પોર્ટલ પર દર્શાવેલ વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે દર વર્ષે સ્ટાફ મંજૂરીને અંતિમ સ્વરૂપ આપવામાં આવે છે. તેના આધારે જે-તે શાળાઓમાં શિક્ષકોના પદોની સંખ્યા નક્કી કરવામાં આવે છે. જોકે, કેટલીક શાળાઓમાં આ સંખ્યા વધારીને બતાવવામાં આવતી હોવાથી વધુ શિક્ષકોની નિમણૂક કરવી પડે છે. પરિણામે સરકારને આર્થિક નુકસાન સહન કરવો પડે છે, તેવી ફરિયાદો મળી રહી છે.

તેથી શિક્ષણ વિભાગ પોર્ટલ પર દર્શાવેલ વિદ્યાર્થીઓની સંખ્યા અને ખરેખર વર્ગખંડમાં હાજર રહેલા વિદ્યાર્થીઓની ચકાસણી કરી રહ્યું છે. શિક્ષણ વિભાગે ચેતવણી આપી છે કે જો આમાં કોઈ અનિયમિતતા જોવા મળશે તો કેન્દ્ર પ્રમુખ, વિસ્તરણ અધિકારીઓ, જૂથ શિક્ષણ અધિકારીઓ અને પ્રિન્સિપાલ જવાબદાર રહેશે. આ ચકાસણી માટે રાજ્ય સ્તરે પણ ખાસ ટીમો બનાવવામાં આવશે. આ ટીમો દ્વારા તપાસ કરવામાં આવશે કે બધી શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી પોર્ટલના રેકોર્ડ મુજબ છે કે નહીં. ■

# એક જ ઝાડ પર રીંગણા-ટામેટા

# એઆઇની મદદથી ખેડૂતો ઉત્પાદન વધારી શકશેઃ ગડકરી

નાગપુરઃ દરેક કામમાં લોકો હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો સહારો લેતા હોય છે. આવી સ્થિતિમાં પ્રશ્ન એ છે કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ખેડૂતોને કેવી રીતે મદદ કરી શકે છે. તો હવે એઆઇ ટેક્નોલોજી ખેડૂતોના જીવનમાં પરિવર્તન લાવવામાં મદદરૂપ થશે. એઆઇની મદદથી ખેડૂતો હવે ઉત્પાદન ખર્ચમાં ઘટાડો અને ઉત્પાદનમાં વધારો કરી શકે છે. આ આધુનિક ટેક્નોલોજી દ્વારા હવે એક જ ઝાડ પર રીંગણા-ટમેટા અથવા બટેટા-ટામેટા જેવા બે પાક ઉગાડવાનું શક્ય બન્યું છે, એમ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ માહિતી આપી હતી.

ગડકરીએ આ વિશે વધુ માહિતી આપતા જણાવ્યું કે, ખેડૂતોની આત્મહત્યા રોકવાની દૃષ્ટિએ ૧૬ વર્ષ પહેલાં એગ્રોવિઝનનો ખ્યાલ આવ્યો હતો. આ સમયે કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોને એકસાથે લાવવા અને ખેડૂતોની આવક વધારવા માટે સારા બીજ અને કલમ વિકસાવવા અને સંશોધનના આધારે ઉત્પાદન વધારવા માટે પગલાં લેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

તેમાં ખેડૂતોનો ઉત્પાદન ખર્ચ ઓછો કરવાની પણ અપીલ હતી. હવે એઆઇ ટેક્નોલોજીની મદદથી ખેતરમાં સેન્સર અને સેટેલાઇટ દ્વારા લેવાયેલા ફોટોગ્રાફ્સનો અભ્યાસ કરીને ખેડૂતોને ચાર દિવસ પહેલા જ ખબર પડી શકે છે કે પાકને કયો રોગ લાગશે. આનાથી આ રોગ પર જરૂરી જંતુનાશક દવાઓનો છંટકાવ કરીને ઉપચાર કરી શકાય છે અને જરૂરિયાત મુજબ જ પાકને પાણી આપી શકાય છે. આનાથી પાણી અને ખાતરની અડધી બચત થશે. આધુનિક ટેક્નોલોજી ખેડૂતોને ખેતીનો ખર્ચ ઘટાડવામાં અને ઉત્પાદનમાં વધારો કરવામાં મદદ કરશે.

માઇક્રોસોફ્ટ અને ગુગલ જેવી વૈશ્વિક કંપનીઓ હવે એઆઈ ટેકનોલોજીમાં મદદ કરી રહી છે. ખેડૂતોને આ ટેકનોલોજી માટે વધારે ખર્ચ કરવાની જરૂર નથી. અડધો એકર જમીન ધરાવતો ખેડૂત પણ ૩૦ થી ૪૦ ખેડૂતોનું જૂથ બનાવીને આ ટેક્નોલોજીનો ઉપયોગ કરી શકે છે. તેથી, પ્રતિ એકર ૫,૦૦૦ રૂપિયા ઉત્પાદન ખર્ચ ધરાવતો ખેડૂત પાણી, ખાતર અને અન્ય બચત દ્વારા ઉત્પાદન ખર્ચ ૧,૫૦૦ રૂપિયા ઘટાડી શકે છે અને ૪૦ થી ૫૦ ટકા ઉત્પાદન વધારી શકે છે. ■

# ટ્રેનમાં મારપીટ બાદ કોલેજિયને કરેલી આત્મહત્યા પ્રકરણે ગુનો દાખલ

થાણેઃ લોકલ ટ્રેનમાં મરાઠીમાં ન બોલવાને મુદ્દે થયેલા ઝઘડામાં ટોળાએ કરેલી મારપીટ બાદ ૧૯ વર્ષના કોલેજિયન અર્ણવ ખૈરાએ કલ્યાણમાં પોતાના નિવાસે આત્મહત્યા કરી હતી. કોલેજિયનના પિતાએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે કોલસેવાડી પોલીસે અર્ણવની મારપીટ કરનારા અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો અને તેમને પકડવા માટે પોલીસની બે ટીમ તૈયાર કરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

કલ્યાણ પૂર્વમાં સહજીવન રેસિડન્સીમાં પરિવાર સાથે રહેતો અર્ણવ મુલુંડની કોલેજમાં સાયન્સના પહેલા વર્ષમાં ભણતો હતો. તેણે મંગળવારે સાંજે ઘરમાં ગળાફાંસો ખાધો હતો. અર્ણવ મંગળવારે સવારે કોલેજ જવા માટે ઘરેથી નીકળ્યો હતો. તે ટ્રેન પકડી મુલુંડ જઇ રહ્યો હતો ત્યારે કલ્યાણ અને થાણે સ્ટેશનની વચ્ચે તેની મારપીટ કરાઇ હતી. ટ્રેનમાં ભારે ભીડ હતી અને અર્ણવે એક પ્રવાસીને હિન્દીમાં 'થોડા આગે જાઓ' એવું કહ્યું હતું. આથી પ્રવાસીએ તેને મરાઠીમાં ન બોલવા બદલ ઠપકો આપ્યા બાદ મામલો વણસ્યો હતો. ■

# નાગપુરમાં આઇઆઇએમના વિદ્યાર્થીનું અકસ્માતમાં મૃત્યુ

નાગપુરઃ નાગપુર જિલ્લામાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (આઇઆઇએમ)ના વિદ્યાર્થીની મોટરસાઇકલને ફ્લાયઓવર પર અજાણ્યા વાહને અડફેટમાં લેતાં તેનું ગંભીર ઇજાને કારણે મૃત્યુ થયું હતું.

વર્ધા રોડ પર મિહાન ફ્લાયઓવર પર શનિવારે રાતે નવ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. મૃતકની ઓળખ અનુજ પાઠક (૨૨) તરીકે થઇ હોઇ તે ઉત્તરાખંડનો વતની હતો અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટનો વિદ્યાર્થી હતો. અનુજ પાઠક મોટરસાઇકલ પર જઇ રહ્યો હતો ત્યારે ફ્લાયઓવર પર અજાણ્યા વાહને તેની મોટરસાઇકલને ટક્કર મારી હતી, જેને કારણે તે રેલિંગ સાથે ભટકાઇ હતી. ત્યાંથી પસાર થનારા અન્ય વાહનચાલકોએ બનાવની જાણ પોલીસને કરી હતી. પોલીસ ત્વરિત ઘટનાસ્થળે દોડી આવી હતી, જ્યાં પાઠક મૃત અવસ્થામાં મળી આવ્યો હતો. તેની મોટરસાઇકલનો પણ કચ્ચરઘાણ નીકળી ગયો હતો. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને અજાણ્યા વાહનની શોધ ચલાવી હતી. (પીટીઆઇ)■

# થાણેમાં સગીરા સાથે દુષ્કર્મ આચરવાના કેસમાં આઠ વર્ષ બાદ આરોપીને ત્રણ વર્ષની કેદ

થાણેઃ થાણે કોર્ટે ૨૦૧૭માં સગીરા સાથે દુષ્કર્મ આચરવાના કેસમાં આરોપીને ત્રણ વર્ષની સખત કેદ ફટકારી હતી. કોર્ટે નોંધ્યું હતું કે સમાજને સ્પષ્ટ સંદેશ મોકલવા માટે આવા ગુનાઓનો કડક રીતે સામનો કરવો જોઇએ. એડિશનલ સેશન્સ જજ ડી.એસ. દેશમુખે શુક્રવારે આપેલા પોતાના આદેશમાં ૩૮ વર્ષના આરોપીને ભારતીય દંડસંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની સંબંધિત કલમો હેઠળ દોષી ઠેરવ્યો હતો.

જજ સજા સંભળાવતી વખતે આરોપીના કૌટુંબિક ઇતિહાસને ધ્યાનમાં રાખીને 'નરમ દૃષ્ટિકોણ' રાખ્યો હતો, કારણ કે તેમણે વિનંતી કરી હતી કે આરોપીનો કોઇ ગુનાહિત ભૂતકાળ નથી અને અને તેના પરિવારની સંભાળ રાખવા માટે ત્યાં કોઇ નથી. ૨૪ ઑક્ટોબર, ૨૦૧૭ના રોજ આ ઘટના બની હતી. એ સમયે પીડિતા ૧૨ વર્ષની હતી અને તે મીરા રોડ વિસ્તારની ઇમારતની લિફ્ટમાં એકલી હતી. આરોપી પીડિતાનો પડોશી હોઇ તે લિફ્ટમાં પ્રવશ્યો હતો. લિફ્ટનો દરવાજો બંધ કર્યો હતો અને બાદમાં પીડિતા સાથે દુષ્કર્મ આચર્યું હતું, એમ વિશેષ સરકારી વકીલ સંજય લોંઢેએ કોર્ટને જણાવ્યું હતું. પીડિતાની માતાએ જુબાની આપી હતી કે તેની પુત્રી ડરી ગઇ હતી અને તેણે તાત્કાલિક ઘટનાની જાણ અમને કરી હતી. તપાસકર્તા પક્ષનો કેસ મુખ્યત્વે પીડિતાની જુબાની પણ આધારિત હતો, જેને તેની માતાના નિવેદન દ્વારા સમર્થન મળ્યું હતું. (પીટીઆઇ)■

# હત્યા-વિનયભંગના કેસમાં બે જણ નિર્દોષ

પાલઘરઃ જિલ્લાની વસઇ સેશન્સ કોર્ટે ૨૦૨૧માં શખસની હત્યા અને તેની પત્નીનો વિનયભંગ કરવાના કેસમાં બે જણને નિર્દોષ જાહેર કર્યા હતા. કોર્ટે નોંધ્યું હતું કે તપાસકર્તા પક્ષ પૂરતા પુરાવા રજૂ કરી શક્યો નહોતો.

જજ એચ.એ.એસ. મુલ્લાએ ૩ નવેમ્બરે આપેલા આદેશમાં બ્લેસ એન્કલેસ તાપેલી (૨૬) અને મોશે વલ્ટર કટવાર (૨૬)ને નિર્દોષ જાહેર કર્યા હતા. બંને જણ પર મહિલાનો વિનયભંગ કરવા અને તેના પતિની બેરહેમીથી મારપીટ કરી હત્યા કરવાનો આરોપ હતો. જોકે તપાસકર્તા પક્ષ કોર્ટમાં મહિલાને સાક્ષી તરીકે રજૂ કરી શક્યો નહોતો. જો તેની તપાસ કરવામાં આવી હોત, તો મામલો અલગ વળાંક લેત, પરંતુ તે કોર્ટમાં હાજર રહી શકી નહોતી, એમ જજે નોંધ્યું હતું.■



**ઝાંખું શહેર...**

મુંબઈમાં હવાની ગુણવત્તા ખરાબ થઈ રહી છે ત્યારે સવારના સમયે શહેર ધુમ્મસથી ઘેરાયેલું જોવા મળે છે. વિઝિબિલિટી ઓછી હોવાને કારણે વાહનચાલકોને પણ સમસ્યા થઈ રહી છે.

(અમય ખરાડે)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# વર્તમાન મોમેન્ટમ નિફ્ટીને નવી ઊંચાઈએ લઈ જઈ શકે: બજારની નજર અમેરિકા સાથેના સોદાની ફાઈનલ બ્લુ પ્રિન્ટ પર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજાર ફરી એકવાર તેજીના સંકેત દેખાડી રહ્યું છે અને પોઝિટિવ સેન્ટિમેન્ટમાં વધારો થઇ રહ્યો છે. ટેક્નિકલ નિષ્ણાતો અનુસાર નિફ્ટી અને સેન્સેક્સ નિકટ સમયગાળામાં નવી ઓલ ટાઇમ હાઇ સપાટીને આંબી શકે છે. જોકે, બજારની નજર અમરિકા સાથેના વ્યપાર સોદાની વિગતો પર મંડાયેલી છે.

સરકાર તરફથી ઘણાં સમયથી સારા સમાચારની આશા બંધાવવામાં આવી રહી છે,પરંતુ કેટલાક મુદ્દા અંગે કોઇ સ્પષ્ટતા મળી રહી નથી અને અમુક બાબતોમાં ભારત વધુ પડતું નમતું જોખી રહ્યું હોવાની ચર્ચા થઇ રહી છે. શુક્રવારે એનએસઇનો નિફ્ટી ૫૦ બેન્ચમાર્ક ઇન્ડેક્સ તેના સર્વકાલીન ઉચ્ચતમ સ્તરની નજીક પહોંચ્યો હતો, પરંતુ શુક્રવારે તે થોડો પોરો ખાતો જોવા મળ્યો.

સવારે ૧૧.૨૦ વાગ્યે, નિફ્ટી ૧૦૦ પોઈન્ટ અથવા ૦.૪૦ ટકા ઘટીને ૨૬,૦૯૦ના સ્તરે બંધ રહ્યો હતો. ગઈકાલે, નિફ્ટી ૨૬,૨૪૬.૬૫ની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો અને ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ નોંધાયેલા તેના સર્વકાલીન ઉચ્ચતમ સ્તર ૨૬,૨૭૭ ની નજીક હતો.

પાછલા સપ્તાહે અમેરિકા સાથે સારી ટ્રેડ ડીલના આશાવાદ સહિતના અન્ય સેન્ટિમેન્ટલ પરિબળોની અસર વચ્ચે શેરબજારમાં એકંદર સુધારો જોવા મળ્યો હતો. ઓટો, ફાઇનાન્સિયલ્સ અને આઇટી જેવા લાર્જ-કેપ ક્ષેત્રોમાં તાજા એફઆઇઆઇ પ્રવાહ અને મજબૂતાઈએ ઉત્સાહી વલણને ટેકો આપ્યો હતો.

નોંધવું રહ્યું કે કેન્દ્રીય વાણિજ્ય પ્રધાન પિયુષ ગોયલે મંગળવારે કહ્યું હતું કે, એકવાર વાજબી, સમાન અને સંતુલિત સોદો થઇ જાય એટલે અમેરિકા સાથે ભારતના પ્રસ્તાવિત ટ્રેડ પેક્ટ અંગે તમે સારા સમાચાર સાંભળશો. જોકે, તેમનું વિધાન અંિપષ્ટ છે અને ઘણા મુદ્દા વણઉકલ્યા રહ્યા હોવાના સંકેત પણ મળી રહ્યા છે.

નિફ્ટી હવે ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ હાંસલ કરેલા ૨૬,૨૭૭ના તેના સર્વકાલીન ઉચ્ચતમ સ્તરથી ૧૦૦ પોઈન્ટ જેટલો જ પાછળ છે, જ્યારે સેન્સેક્સ તે જ દિવસે રેકોર્ડ કરાયેલ ૮૫,૯૭૮.૨૫ના તેના ઓલટાઇમ હાઇ લેવલથી લગભગ ૩૦૦ પોઈન્ટ પાછળ છે.

નિષ્ણાતો કહે છે કે ભારતીય શેરબજારો માટે મંદીના વાદળો આખરે વિખેરાઇ રહ્યા હોય તેવું લાગે છે. સરવાળે ૧૪ મહિનાના લાંબા વિરામ પછી, નિફ્ટી અને સેન્સેક્સ આખરે તેમના રેકોર્ડ ઉચ્ચતમ સ્તરની નજીક આવી ગયા છે અને આગામી સત્રોમાં નવા શિખરો સર કરી શકે છે.

ટેક્નિકલ નિષ્ણાતો માને છે કે, બજારનો વર્તમાન વેગ નજીકના ભવિષ્યમાં નિફ્ટીને નવી ઊંચાઈએ લઈ જઈ શકે છે. ટોચના એનાલિસ્ટે જણાવ્યું હતું કે નિફ્ટી પાછલા કેટલાક ટ્રેડિંગ સત્રોથી ઉચ્ચ અને ઉચ્ચ સ્તર બનાવી રહ્યો છે. વધુમાં, ફ્યુચર્સ અને ઓપ્શન્સ ડેટા પણ દર્શાવે છે કે વિદેશી રોકાણકારો તાજેતરના દિવસોમાં કેટલીક શોર્ટ પોઝિશનને આવરી રહ્યા છે.

વિશ્લેષકોને અપેક્ષા છે કે જો ઇન્ડેક્સ ૨૬,૨૦૦ અવરોધને પાર કરશે તો નજીકના ભવિષ્યમાં નિફ્ટી ૨૬,૩૫૦થી ૨૬,૫૦૦ સુધી વધશે. ટાઈમ ફ્રેમમાં મુખ્ય મૂવિંગ એવરેજથી ઉપર ક્વોટ કરતા ચાર્ટમાં નિફ્ટી અનુકૂળ સ્થાન પર હોય તેવું લાગે છે. ટૂંકા ગાળાના મૂવિંગ એવરેજ લાંબા ગાળાના મૂવિંગ એવરેજથી ઉપર મૂકવામાં આવ્યા છે, જે હકારાત્મક વલણને વધુ પુનઃસ્થાપિત કરે છે.

ઉપરની તરફ, નિફ્ટી ૨૬,૧૫૦ સ્તરની આસપાસ સાપ્તાહિક ચાર્ટ પર બોલિંગર બેન્ડ્સના ઉચ્ચ-અંતની આસપાસ પ્રતિકારનું પરીક્ષણ કરતું જોવા મળે છે, જેની ઉપર માસિક બોલિંગર બેન્ડ ૨૬,૫૦૦ સ્તરની આસપાસ અવરોધની હાજરી દર્શાવે છે.

જો કોઇપણ કારણસર માર્કેટની ગતિ અટકી જાય અને માર્કેટ ગબડવા માંડે તો, ૨૫,૯૦૦ના સ્તરે નવ દિવસની મૂવિંગ એવરેજ અને ૨૫,૮૫૦ની સપાટી પર અઠવાડિયાનો નીચલુ સ્તર નિફ્ટી માટે નજીકના ભવિષ્યમાં મુખ્ય સપોર્ટ લેવલ તરીકે કાર્ય કરે તેવી શક્યતા છે. બજારના નિરીક્ષકો ઘટાડે લેવાલીનો અભિગમ અપનાવી રહ્યા છે.

પ્રાઇમરી માર્કેટમાં આ સપ્તાહે એક પણ મેઇનબોર્ડ આઇપીઓ નથી. માત્ર ત્રણ એસએમઇ આઇપીઓ આવી રહ્યા છે અને તેનું કુલ કદ પણ માંડ રૂ. ૧૦૦ કરોડ જેવું છે. પાછલા ગુરુવારે ફુજીયામા પાવર સિસ્ટમના શેર તેના ઇશ્યૂ ભાવ સામે ચાર ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. બુધવારે નક્કર લિસ્ટિંગ પછી ટેનેકો ક્લીન એરના શેર ડેબ્યૂ ટ્રેડમાં પાંચ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. આ શેર તેના ઇશ્યૂ ભાવ સામે ૨૭ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો. આ અગાઉ ફિઝિક્સવાલા શેર મંગળવારે તેના ઇશ્યૂ ભાવ સામે ૩૩ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા.

જ્યારે એમવી ફોટોવોલ્ટેક પાવર લિમિટેડનો શેર મંગળવારે તેના રૂ.૨૧૭ના ઇશ્યૂ ભાવે બીએસઇ અને એનએસઇ પર લિસ્ટેડ થયા હતા. સુદીપ ફાર્માનો રૂ.૮૯૫.૦૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૧ નવેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૫ નવેમ્બરના રોજ બંધ થશે.

ટર્નકી વેલ્ડીંગ, એસેમ્બલી અને રોબોટિક્સ-ઇન્ટિગ્રેટેડ ઓટોમેશન સિસ્ટમ્સના લીડ પ્રોવાઇડર, પાટિલ ઓટોમેશન લિમિટેડે પુના સ્થિત માવળના સાદુમ્બ્રે ખાતે ૧.૦૯ લાખ ચોરસ ફૂટની નવી ઉત્પાદન સુવિધાની શરૂઆત કરી છે, જે રોબોટિક વેલ્ડીંગ લાઇન્સ, એસેમ્બલી પ્લેટફોર્મ્સ, સ્પેશિયલ પર્પઝ મશીનો અને ઇન્ડસ્ટ્રી ૪.૦-સક્ષમ ઓટોમેશન સેલ સહિત અદ્યતન ઓટોમેશન સિસ્ટમ્સ ધરાવે છે. આ વિસ્તરણથી સ્થાપિત ક્ષમતા વાર્ષિક ૨,૩૦૪ યુનિટથી વધીને ૩,૪૫૪ યુનિટ થશે, જે ઓટોમોટિવ, ઇવી, રેલ્વે, સંરક્ષણ, નવીનીકરણીય ઉર્જા અને ભારે એન્જિનિયરિંગ ક્ષેત્રોની વધતી માંગને ટેકો આપશે

આઇટીસીએ ગુરુવારે જણાવ્યું હતું કે તેણે કલકત્તા સ્ટોક એક્સચેન્જ લિમિટેડ (સીએસઇ)માંથી પોતાના શેર સ્વૈચ્છિક રીતે ડિલિસ્ટ કરવાની પ્રક્રિયા પૂર્ણ કરી છે. કલકત્તા સ્ટોક એક્સચેન્જે ૨૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ, એટલે કે આજથી તેની સત્તાવાર એક્સચેન્જ સૂચિમાંથી આઇટીસીના સામાન્ય શેર સ્વૈચ્છિક રીતે ડિલિસ્ટ કરવા માટે મંજૂરી આપી હોવાનું આઇટીસીએ એક નિયમનકારી ફાઇલિંગમાં જણાવ્યું હતું. ઇન્વેસ્ટર અને એન્ટપ્રિન્યોર આદિત્ય કુમાર હલવાસિયાએ ૨૮ લાખ ઇક્વિટી શેરના માર્કેટ પરચેઝ દ્વારા કર્ણાટક બેંકમાં નોંધપાત્ર હિસ્સો હસ્તગત કર્યો છે. કર્ણાટક બેંક વ્યવસાય અને બેલેન્સ શીટ પરિવર્તનની પ્રક્રિયા વચ્ચે છે, જેને વધુ સક્રિય વ્યવસ્થાપન અભિગમ, સંપત્તિ ગુણવત્તાને મજબૂત બનાવવા, ટેકનોલોજી અપગ્રેડ અને સુધારિત કાર્યકારી કામગીરી દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે.

ગ્રુપ અનુસાર વધઘટમાં એ ગ્રુપની ૭૩૧ કંપનીઓમાં ૧૯૪ કંપનીઓના ભાવ વધ્યા, ૫૩૬ કંપનીઓના ભાવ ઘટ્યા હતા. જ્યારે બી ગ્રુપની ૧,૪૩૭ કંપનીઓમાંથી ૩૫૦ કંપનીઓના ભાવ વધ્યા, ૧૦૮૫ કંપનીઓના ભાવ ઘટ્યા અને ૨ ના ભાવ યથાવત રહ્યા હતા. સપ્તાહ દરમિયાન બી ગ્રુપની આઠ કંપનીઓને નીચલી અને ૧૯ કંપનીઓને ઉપલી સર્કીટ લાગી હતી.

ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કંપની, એવીપી ઇન્ફ્રાકોન લિમિટેડે, નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા છ મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં ૭૯.૨૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૯૫.૭૩ કરોડની આવક, ૮૬.૮૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૪૪.૭૪ કરોડનો એબિટા અને ૮૨.૦૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૩.૨૨ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ■

## મેઇન બોર્ડના આઇપીઓ વગર આ સપ્તાહ સુસ્ત રહેશે

મુંબઇઃ પ્રાઇમરી માર્કેટમાં ઘણા વ્યસ્ત અઠવાડિયા પછી, આ સપ્તાહે બજાર ધીમું પડવાની તૈયારીમાં છે, આ અઠવાડિયે મેઈનબોર્ડમાં એકે આઈપીઓ સબસ્ક્રિપ્શન માટે પ્રવેશ કરી રહ્યો નથી. જોકે, ત્રણ એસએમઇ આઇપીઓ ખુલવાના છે, જેનો સામૂહિક રીતે રૂ. ૧૦૦ કરોડ એકત્ર કરવાનો લક્ષ્યાંક છે.

નવેમ્બરમાં અત્યાર સુધી, બજારમાં લેન્સકાર્ટ, ગ્રોવ, પાઈન લેબ્સ અને ફિઝિક્સવાલ્લાહના આઈપીઓ દ્વારા ભંડોળ એકત્ર કરવામાં આવ્યું છે. નવા આઈપીઓ ઉપરાંત, બજારમાં આ સપ્તાહમાં બે મેઈનબોર્ડ લિસ્ટિંગમાં એક્સેલસોફ્ટ ટેક્નોલોજીસ આઈપીઓ અને સુદીપ ફાર્મા આઈપીઓ જોવા મળશે.

નવી લિસ્ટિંગમાં એક્સેલસોફ્ટ ટેક્નોલોજીસના શેર બીએસઈ, એનએસઈ પર લિસ્ટ થશે, જેની લિસ્ટિંગ તારીખ ૨૬ નવેમ્બર નક્કી કરવામાં આવી છે. જ્યારે સુદીપ ફાર્માના શેર બીએસઈ, એનએસઈ પર લિસ્ટ થશે, જેની લિસ્ટિંગ તારીખ ૨૮ નવેમ્બર નક્કી કરવામાં આવી છે. ગેલાર્ડ સ્ટીલના શેર બીએસઈ, એસએમઈ પર લિસ્ટ થશે જેની લિસ્ટિંગ તારીખ ૨૬ નવેમ્બર નક્કી કરવામાં આવી છે. ■

## સાત કંપનીના માર્કેટ કેપમાં ₹ ૧.૨૮ લાખ કરોડનો ઉમેરો

મુંબઇઃ ટોચની ૧૦ સૌથી મૂલ્યવાન કંપનીઓમાંથી સાત કંપનીઓના બજાર મૂડીકરણમાં રૂ. ૧.૨૮ લાખ કરોડનો વધારો થયો છે, જેમાં આરઆઇએલ, ભારતી એરટેલ સૌથી વધુ લાભ મેળવનાર કંપનીઓમાં સામેલ છે. પાછલા અઠવાડિયે દસ સૌથી મૂલ્યવાન ભારતીય કંપનીઓમાંથી સાત કંપનીઓના બજાર મૂડીકરણમાં નોંધપાત્ર વધારો થયો હતો, જેનાથી તેમના મૂલ્યાંકનમાં કુલ રૂ.૧,૨૮,૨૮૧.૫૨ કરોડનો ઉમેરો થયો છે.

આ વધારો ઇક્વિટી બજારોમાં વ્યાપક પોઝિટિવ સેન્ટિમેન્ટ સાથે સુસંગત હતો, જ્યાં બીએસઇ બેન્ચમાર્ક ઇન્ડેક્સમાં અઠવાડિયા દરમિયાન ૬૬૯.૧૪ પોઈન્ટ અથવા ૦.૭૯ ટકાનો વધારો નોંધાયો હતો. ટોચના પ્રદર્શન કરનારાઓમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને ભારતી એરટેલના શેરનો સમાવેશ થાય છે, જે બજાર મૂલ્યમાં વધારામાં સૌથી મોટા ફાળો આપનારા તરીકે ઉપસી આવ્યા હતા.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે સૌથી તીવ્ર વધારો નોંધાવ્યો, તેનું બજાર મૂલ્ય રૂ.૩૬,૬૭૩ કરોડ વધીને રૂ.૨૦,૯૨,૦૫૨.૬૧ કરોડ થયું, અને દેશની સૌથી મૂલ્યવાન કંપની તરીકેનું સ્થાન પાછું મેળવ્યું. ભારતી એરટેલે પણ રૂ.૩૬,૫૭૯.૦૧ કરોડનો પ્રભાવશાળી ઉછાળો નોંધાવ્યો, જેનાથી તેનું બજાર મૂડીકરણ રૂ.૧૨,૩૩,૨૭૯.૮૫ કરોડ થયું.

ટેક્નોલોજી દિગ્ગજોએ પણ મજબૂત પ્રદર્શન કર્યું. ઇન્ફોસિસે તેના મૂલ્યાંકનમાં રૂ. ૧૭,૪૯૦.૦૩ કરોડનો ઉમેરો કર્યો, જેનાથી તેનું કુલ બજાર મૂડીકરણ રૂ.૬,૪૧,૬૮૮.૮૩ કરોડ થયું, જ્યારે ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસએ રૂ.૧૬,૨૯૯.૪૯ કરોડનો વધારો નોંધાવ્યો, જેનાથી તેનું બજાર મૂડીકરણ રૂ.૧૧,૩૯,૭૧૫.૬૬ કરોડ થયું.

બેન્કિંગ કંપનીઓમાં, એચડીએફસી બેંકનું બજાર મૂલ્ય રૂ.૧૪,૬૦૮.૨૨ કરોડ વધીને રૂ.૧૫,૩૫,૧૩૨.૫૬ કરોડ થયું. સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ રૂ.૪,૮૪૬.૦૮ કરોડનો વધારો નોંધાવ્યો, જેનાથી તેનું કુલ મૂલ્યાંકન રૂ.૮,૯૭,૭૬૯.૮૭ કરોડ થયું. હિન્દુસ્તાન યુનિલિવરનું બજાર મૂડીકરણ રૂ. ૧,૭૮૫.૬૯ કરોડ વધીને રૂ. ૫,૭૧,૯૭૨.૭૫ કરોડ થયું.

જોકે, બજાજ ફાઇનાન્સનું મૂલ્યાંકન રૂ.૮,૨૪૪.૭૯ કરોડ ઘટીને રૂ.૬,૨૫,૩૨૮.૫૯ કરોડ થયું. એલઆઇસીનું બજાર મૂલ્ય રૂ. ૪,૫૨૨.૩૮ કરોડ ઘટીને રૂ. ૫,૭૦,૫૭૮.૦૪ કરોડ થયું. આઇસીઆઇસીઆઇ બેંકમાં રૂ.૧,૨૪૮.૦૮ કરોડનો ઘટાડો થયો, જેના કારણે તેનું મૂલ્યાંકન રૂ. ૯,૭૯,૧૨૬.૩૫ કરોડ થયું.

એકંદર રેન્કિંગ યથાવત રહ્યું, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ટોચ પર છે, ત્યારબાદ એચડીએફસી બેંક, ભારતી એરટેલ, ટીસીએસ,આઇસીઆઇસીઆઇ બેંક, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, ઇન્ફોસિસ, બજાજ ફાઇનાન્સ, હિન્દુસ્તાન યુનિલિવર અને એલઆઇસીનો ક્રમ આવે છે. ■

## ઇન્ડિયા રિટાયરમેન્ટ ઇન્ડેક્સમાં પશ્ચિમ ભારત આગળ



મુંબઇઃ ૨૦૨૫માં નિવૃતિની તૈયારીમાં પશ્ચિમ ઝોને રાષ્ટ્રિય સરેરાશને પાછળ મૂકી દીધું છે. ઇન્ડિયા રિટાયરમેન્ટ ઇન્ડેક્સ સ્ટડી ૫.૦ નાણાકીય તથા સ્વાસ્થ્ય સંબંધિત વધુ સારી તૈયારીઓને લીધે આઇરીશ ઇન્ડેક્સ પર પશ્ચિમ ક્ષેત્રનો સ્કોર ૫૦ રહ્યો, જે ૪૮ના સરેરાશ રાષ્ટ્રીય સ્કોર કરતા વધુ છે. ૨૦૨૫માં પશ્ચિમ ભારતનો નાણાકીય પ્રિપેર્ડનેસ ઇન્ડેક્સ સ્કોર ૫૫ રહ્યો છે, હેલ્થ પ્રિપેયર્ડનેસ સ્કોર ૪૨થી વધીને ૪૭ પર પહોંચ્યો છે. ઇમોશનલ પ્રિપેયર્ડનેસ સ્કોર ૫૯ પર સ્થિર રહ્યો છે. પશ્ચિમ ભારતમાં ૪૫ ટકા લોકો નિયમિત ફિટનેસ તરફ આગળ વધી રહ્યા છે અને ૭૯ ટકાને નિવૃતિ બાદ પણ સ્વસ્થ રહેવાની અપેક્ષા છેએવું તારણ એક્સિસ મેક્સ લાઈફ ઇન્સ્યુરન્સ લિમિટેડના મુખ્ય નિવૃતિ સર્વે ઇન્ડિયા રિટાયરમેન્ટ ઇન્ડેક્સ સ્ટડીના પશ્ચિમ ઝોનના પરિણામમાં જાહેર કરવામાં આવ્યું છે. ■

## સ્ટોક માર્કેટ પર ઇન્ફ્લેશનથી કોર્પોરેટ અર્નિંગ્સ સુધીના પરિબળ અસર કરે છે

મુંબઇઃ પ્રખ્યાત રોકાણકાર અને લેખક બેન્જામિન ગ્રેહામે કહ્યું છે કે, રોકાણકારની મુખ્ય સમસ્યા અને તેનો સૌથી ખરાબ શત્રુ કદાચ એ જાતે જ હોવાની શક્યતા છે. તેમનું અવલોકન આજે પણ સુસંગત છે, કારણ કે ઘણા ઇક્વિટી રોકાણકારો ખરાબ સમય, સેન્ટિમેન્ટલ નિર્ણય અને વર્તણૂકીય પૂર્વગ્રહોને કારણે વળતરમાં નુકસાની કરી બેસે છે.

ભીડને અનુસરવું અથવા ભૂતકાળના પ્રદર્શનનો આંધળો પીછો કરવો એ એક સામાન્ય ભૂલ છે, જેમ કે ટૂંકા ગાળાના સમાચાર અથવા ડરના આધારે રોકાણમાંઝંપલાવવું. વધુ પડતો આત્મવિશ્વાસ અને માત્ર એક જ સેગમેન્ટમાં ધ્યાન કેન્દ્રિત કરવું અથવા એવું માની લેવું કે બજાર બસ આમ જ ચાલશે. આવી માન્યતા નુકસાની નોતરે છે. અર્થપરના આઇએમએફના સંસ્થાપક ભાવીન શેઠ કહે છે કે આ બાબત ઘણી સામાન્ય છે અને રોકાણકારો ફ્લેક્સીકેપ મ્યુચ્યુઅલ ફંડ્સના માધ્યમે વળતરમાં આ રીતે થતી નુકસાનીથી બચી શકે છે.

લાર્જ, મિડ અને સ્મોલ કેપ શેરો વચ્ચે ફાળવણી કરવાની ક્ષમતા સાથે, ફ્લેક્સીકેપ ફંડ્સમાં બિલ્ટ-ઇન ડાઇવર્સિફિકેશન હોય છે, જે રોકાણકારો સલામતી આપે છે. ફાળવણી સ્થાનિક અને વૈશ્વિક બજારની પરિસ્થિતિ, વૃદ્ધિ, ફુગાવો, વ્યાજ દર, રાજકોષીય નીતિ અને શેર સ્તરના મૂળભૂત સિદ્ધાંતો જેમ કે કમાણીનો અંદાજ, મેનેજમેન્ટ ટ્રેક રેકોર્ડ અને મૂલ્યાંકનના આધારે ગતિશીલ રીતે ગોઠવવામાં આવે છે.

ઓછી અસ્થિરતા સાથે સારા રોકાણ અનુભવનું લક્ષ્ય રાખીને, ફ્લેક્સીકેપ ફંડ્સ રોકાણકારોને લાંબા ગાળા માટે રોકાણ જાળવી રાખવા અને ટ્રેન્ડિંગ રોકાણોનો પીછો કરવા અથવા બજારમાં તીવ્ર ઉથલપાથલ દરમિયાન ગભરાટમાં વેચવાને બદલે ચક્રવૃદ્ધિની શક્તિનો સંપૂર્ણ ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરે છે. ■

## એફઆઇઆઇની ₹ ૫,૧૫૬.૫૫ કરોડની ચોખ્ખી વેચવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં સપ્તાહ દરમિયાન એકંદર સારું વાતાવરણ રહ્યું હોવા છતાં સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)ની લેવાલીને કારણે જ બજાર ટકી રહ્યું હોવાનું જાણવા મળે છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ એકધારી અને જંગી વેચવાલી ચાલુ રાખી છે.

સમીક્ષા હેઠળના ૧૭ નવેમ્બરથી ૨૧ નવેમ્બર, ૨૦૨૫સુધીના સપ્તાહ દરમિયાન બીએસઈ અને એનએસઈ પર સંયુક્તપણે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ.૯૭,૬૫૯.૦૩ કરોડની ખરીદી અને રૂ.૭૬,૨૨૮.૫૩ કરોડની વેચવાલી રહી હતી. આમ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ.૨૧,૪૩૦.૫૦ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ.૮૬,૯૨૪.૩૪ કરોડની લેવાલી અને રૂ.૯૨,૦૮૦.૮૯ કરોડની વેચવાલી રહી હતી. આમ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ.૫,૧૫૬.૫૫ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી.

સપ્તાહ દરમિયાન ટેક અને આઈટી ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા હતા, જ્યારે રિયલ્ટી અને મેટલ ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યા હતા. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૨૧,૪૩૦ કરોડની ચોખ્ખી લેવાલીએ બજારને ટકાવી રાખ્યું હતું.

શુક્રવાર તા. ૨૧ નવેમ્બર, ૨૦૨૫ એ સમાપ્ત થયેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ ૬૬૯.૧૪ પોઈન્ટ્સ (૦.૭૯ ટકા) વધ્યો હતો. સપ્તાહના આરંભે સોમવાર ૧૭ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ સેન્સેક્સ ૮૪,૭૦૦.૫૦ પોઈન્ટ્સ પર ખૂલી બુધવાર ૧૯ નવેમ્બરે નીચામાં ૮૪,૫૨૫.૯૮ અને ગુરુવાર ૨૦ નવેમ્બરે ઊંચામાં ૮૫,૮૦૧.૭૦ સુધી જઈ છેવટે શુક્રવારે ૮૫,૨૩૧.૯૨ બંધ રહ્યો હતો.

ગત શુક્રવાર ૧૪ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ માર્કેટ કેપ રૂ.૪૭૩.૯૪ લાખ કરોડ હતું તે ૨૧ નવેમ્બર, ૨૦૨૫ ના અંત સુધીમાં રૂ.૧.૭૨ લાખ કરોડ ઘટીને રૂ.૪૭૨.૨૨ લાખ કરોડ થયું હતું.



સપ્તાહ દરમિયાન બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૧૩ ટકા, બીએસઈ સ્મોલકેપ ૨.૧૧ ટકા, બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૦.૧૫ ટકા અને બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૮૯ ટકા ઘટ્યા હતા જ્યારે બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૪૦ ટકા અને બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૦.૧૩ ટકા વધ્યા હતા.

સેક્ટોરલ ઈન્ડાયસીસમાં ટેક ૧.૮૫ ટકા, આઈટી ૧.૩૦ ટકા, ઓટો ૦.૯૧ ટકા અને બેન્કેક્સ ૦.૭૫ ટકા વધ્યા હતા જ્યારે રિયલ્ટી ૩.૮૪ ટકા, મેટલ ૩.૨૯ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૯૯ ટકા, પાવર ૧.૧૪ ટકા, પીએસયુ ૧.૦૫ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૮૧ ટકા, હેલ્થકેર ૦.૫૮ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૧૪ ટકા ઘટ્યા હતા.

બીએસઈ ૧૦૦માં ૪૦ કંપનીઓના ભાવ વધ્યા, ૫૯ કંપનીઓના ભાવ ઘટ્યા હતા. બીએસઈ ૨૦૦માં ૬૬ કંપનીઓના ભાવ વધ્યા, ૧૩૩ કંપનીઓના ભાવ ઘટ્યા હતા. બીએસઈ ૩૦ માં ૧૭ કંપનીઓના ભાવ વધ્યા અને ૧૩ કંપનીઓના ભાવ ઘટ્યા. બીએસઈ ૫૦૦ માં ૧૩૭ કંપનીઓ વધી, ૩૬૨ કંપનીઓ ઘટી અને એક સ્થિર રહી હતી. મિડકેપમાં ૩૮ કંપનીઓ વધી, ૧૦૫ કંપનીઓ ઘટી હતી. સ્મોલકેપમાં ૨૫૯ કંપનીઓ વધી, ૯૬૩ કંપનીઓ ઘટી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક વધેલી પાંચ સ્ક્રિપ્સમાં ભારતી એરટેલ ૨.૯૭ ટકા, ઈન્ફોસિસ ૨.૭૩ ટકા, એક્સિસ બેન્ક ૨.૫૬ ટકા, પાવર ગ્રીડ ૨.૨૯ ટકા અને ટાઈટન ૨.૦૬ ટકા વધ્યો હતો. જ્યારે સેન્સેક્સ સમાવિષ્ટ સૌથી અધિક ઘટેલી પાંચ કંપનીઓના શેરમાં ટાટા મોટર્સ પેસેન્જર ૮.૧૦ ટકા, ટાટા સ્ટીલ ૩.૬૬ ટકા, ભારત ઈલેક્ટ્રોનિક્સ ૨.૫૮ ટકા, અદાણી પોર્ટ્સ ૨.૧૭ ટકા અને બજાજ ફાઈનાન્સ ૧.૩૨ ટકા ઘટાડો નોંધાયો હતો. ■

## બજાર નિયમાક સેબી મધ્યસ્થીઓના નિયમોમાં ધરખમ ફેરફારો કરવાની તૈયારીમાં

નવી દિલ્હી : મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) મ્યુચ્યુઅલ ફંડ અને શેર બ્રોકર નિયમોમાં વ્યાપક સમીક્ષા કરવાની તૈયારીમાં છે. નિયામક તંત્ર આ માટે માળખાને વધુ સુસંગત અને કાર્યક્ષમ બનાવવા માગતું હોવાનું સેબીના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. સેબી બોર્ડની આગામી ૧૭, ડિસેમ્બરના મળનારી મીટિંગમાં આ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે એવું અધિકારીનું કહેવું છે.

સેબીએ બન્ને નિયમો પર તાજેતરમાં જ કન્સલ્ટેશન પેપર્સ બહાર પાડયા હતા. ઓક્ટોબરમાં નિયામક તંત્રએ મ્યુચ્યુઅલ ફંડ નિયમોમાં ફેરફારનો પ્રસ્તાવ મૂકતો એક કન્સલ્ટેશન પેપર બહાર પાડયું હતું. જેમાં ટોટલ એક્સપેન્સ રેશીયો (ટીઈઆર)ની સ્પષ્ટ વ્યાખ્યા અને બ્રોકરેજ ચાર્જ પર સુધારેલી મર્યાદાનો સમાવેશ છે. આ ભલામણોનો હેતુ પારદર્શિતા વધારવા, માહિતીને તર્કસંગત બનાવવા, રિડન્ડન્સી ઘટાડવા અને પાલનને સરળ બનાવવાનો છે, એમ અધિકારીએ કહ્યું હતું.

પ્રસ્તાવિત માળખાના ભાગરૂપે, સેબી વધારાના પાંચ બેઝિઝ પોઈન્ટ દૂર કરવાની યોજના ધરાવે છે, જે એસેટ મેનેજમેન્ટ કંપનીઓ (એએમસી)ને અગાઉ મ્યુચ્યુઅલ ફંડ યોજનાઓમાં વસૂલવાની મંજૂરી આપવામાં આવી હતી.

આ વધારાનો ખર્ચ, યોજનાઓમાં એક્ઝિટ લોડ પાછા જમા કરવાની અસરને સરભર કરવા માટે રજૂ કરવામાં આવ્યો હતો. આ પહેલા ૨૦૧૨માં ૨૦ બેઝિઝ પોઈન્ટ પર સેટ કરવામાં આવ્યો હતો અને બાદમાં ૨૦૧૮માં પાંચ બેઝિઝ પોઈન્ટ સુધી ઘટાડી દેવામાં આવ્યો હતો.

મ્યુચ્યુઅલ ફંડ યોજનાઓને ચાર્જ કરવાની મંજૂરી આપવામાં આવેલા પાંચ બેઝિઝ પોઈન્ટનો વધારોનો ખર્ચ હંગામી હતો. સ્પષ્ટતામાં વધુ સુધારો કરવા માટે, સેબીએ એસટીટી, જીએસટી, સીટીટી અને સ્ટેમ્પ ડયુટી જેવા તમામ કાનૂની વસૂલાતને ટીઈઆર મર્યાદામાંથી બાકાત રાખવાનું પણ સૂચન કર્યું છે, તેમ જ બ્રોકરેજ, એક્સચેન્જ અને નિયમનકારી ફી માટે હાલમાં માન્ય ખર્ચ પણ છે.

હાલમાં, મેનેજમેન્ટ ફી પર જીએસટી લેવાની મંજૂરી ટીઈઆર મર્યાદાથી ઉપર માન્ય છે, જ્યારે અન્ય કાનૂની શુલ્ક મ્યુચ્યુઅલ ફંડ સ્કિમો માટે નિર્ધારિત મર્યાદામાં આવે છે. નિયમનકારે તાજેતરમાં દરખાસ્ત પર જાહેર ટિપ્પણીઓ માટેની અંતિમ તારીખ ૧૭, નવેમ્બરથી વધારીને ૨૪, નવેમ્બર કરી છે. ■

## અનરજિસ્ટર્ડ ઑનલાઇન બોન્ડ પ્લેટફોર્મ પ્રોવાઈડર્સ બાબતે જાહેર ચેતવણી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઇ શેરબજારે અનરજિસ્ટર્ડ ઑનલાઇન બોન્ડ પ્લેટફોર્મ પ્રોવાઈડર્સ બાબતે જાહેર ચેતવણી પ્રકાશિત કરી છે. એવું જોવા મળ્યું છે કે કેટલીક સંસ્થાઓ, જેમાં ફિનટેક કંપનીઓ અને સ્ટોકબ્રોકર્સનો સમાવેશ થાય છે, તેઓ સેબીના આવશ્યક રજિસ્ટ્રેશન વિના ઑનલાઇન બોન્ડ પ્લેટફોર્મ પ્રોવાઈડર્સ (ઓબીપીપી) તરીકે સેવાઓ આપી રહ્યા છે. આવાં અનરજિસ્ટર્ડ (નોંધણી ન ધરાવતાં) પ્લેટફોર્મ્સ પર કોઈ પ્રકારની નિયમનકારી અથવા દેખરેખની વ્યવસ્થા નથી હોતી તથા તેઓ રોકાણકાર સુરક્ષા કે ફરિયાદ નિવારણ માટે કોઈ મિકેનીઝમ ધરાવતાં નથી. બજાર નિયામક ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ પમ તાજેતરમાં રોકાણકારોને સાવધ રહેવા માટે અનેક ચેતવણીઓ જાહેર કરી છે.

આવાં અનરજિસ્ટર્ડ ઑનલાઇન પ્લેટફોર્મ્સ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ કંપનીઝ એક્ટ, ૨૦૧૩, સેબી એક્ટ, ૧૯૯૨ તથા તેના હેઠળના નિયમોનો ભંગ કરતી હોઈ શકે છે. સેબીએ અગાઉ ૧૮ નવેમ્બર, ૨૦૨૪ના રોજ કેટલીક આવી સંસ્થાઓ વિરુદ્ધ અંતરિમ આદેશ પણ ઈશ્યુ કર્યો હતો.

રોકાણકારોને સાવચેત રહેવા તેમજ અનરજિસ્ટર્ડ ઑનલાઇન બોન્ડ પ્લેટફોર્મ્સ પર વ્યવહાર ન કરવાની વિનંતી કરવામાં આવે છે. રોકાણકારોએ વ્યવહાર કરતાં પહેલાં ઓબીપીપી તરીકેનું રજિસ્ટ્રેશન ચકાસવું જોઈએ અને માત્ર સેબીમાં નોંધાયેલી સંસ્થાઓ સાથે જ વ્યવહાર કરવો, જેથી પોતાનાં હિતોને સુરક્ષિત રાખી શકાય. ■

## ટેરિફ વોર વચ્ચે હોંગકોંગ ખાતેની નિકાસમાં વીસ ટકાની નોંધપાત્ર વૃદ્ધિ

મુંબઈ: જેમ્સ અને જ્વેલરી, ટેલિકોમ સાધનો જેવી માલસામાનની માગમાં વધારાને કારણે વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી ઓક્ટોબરના ગાળામાં દેશમાંથી હોંગકોંગ ખાતે નિકાસમાં વાર્ષિક ધોરણે ૨૦ ટકા વૃદ્ધિ જોવા મળી છે. નાણાં વર્ષ ૨૦૨૫ના એપ્રિલથી ઓક્ટોબરમાં ૩.૬૦ અબજ ડોલરની સરખામણીએ વર્તમાન નાણાં વર્ષના સમાન ગાળામાં નિકાસ આંક ૪.૩૬ અબજ ડોલર રહ્યો હોવાનું વાણિજ્ય મંત્રાલયના ડેટા જણાવે છે.

ભારતના ટોચના દસ નિકાસ મથકોમાં હોંગકોંગનો સમાવેશ થાય છે, અને કુલ નિકાસમાં તેનો હિસ્સો બે ટકા જેટલો રહે છે. અમેરિકા દ્વારા ભારતના માલસામાન પર ઊંચા ટેરિફ બાદ દેશના નિકાસકારો તથા સરકાર દ્વારા નિકાસ મથકોમાં વૈવિધ્યતા લાવવાના પ્રયાસોના હકારાત્મક પરિણામ જોવા મળવાનું શરૂ થયું છે.

અમેરિકા સિવાયના અન્ય દેશોમાં ભારત નિકાસ વધારી રહી છે, જેને કારણે અમેરિકા ખાતે નિકાસમાં ઘટાડો ભરપાઈ થઈ શકે છે. વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે ઓક્ટોબરમાં ભારતની નિકાસ ૧૧.૭૫ ટકા ઘટી ૩૪.૩૫ અબજ ડોલર રહી છે. જો કે હોંગકોંગની વાત કરીએ તો ત્યાં ભારતની નિકાસમાં સતત સુધારો જોવા મળી રહ્યો હોવાનું વાણિજ્ય મંત્રાલયના ડેટા જણાવે છે.

નવા નિકાસ મથકોની શોધ ઉપરાંત હાલના નિકાસ મથકો ખાતે નિકાસ વધારવાના પ્રયાસોમાં ભારતને સફળતા મળી રહી હોવાનું પ્રાપ્ત ડેટા જણાવે છે. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં દેશમાંથી ૧૧૧ રાષ્ટ્રોમાં ટેકસટાઈલની નિકાસમાં ૧૦ ટકા વધારો થયાનું આ અગાઉ સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

ગયા નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં ૭૭૧.૮૫ કરોડ ડોલરની સરખામણીએ વર્તમાન નાણાં વર્ષના સમાન ગાળામાં સદર ૧૧૧ દેશોમાં ટેકસટાઈલ નિકાસનો આંક ૮૪૮.૯૦ કરોડ ડોલર રહ્યો છે. ■

# ખાવડાના રિન્યુએબલ એનર્જી પાર્કમાં મોટાં ડિઝલ ચોરી કૌભાંડનો પર્દાફાશઃ હરતો-ફરતો પેટ્રોલપંપ ઝડપાતા ચકચાર

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ કચ્છના ખાવડા ખાતે આવેલા વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પાર્ક ખાતે આવેલી એનટીપીસી કંપનીની લેબર કોલોનીમાં ત્રાટકેલી સ્થાનિક ગુન્હાશોધક શાખાએ ગેરકાયેદે રીતે સંગ્રહ કરવામાં આવેલાં ૧૮ હજાર લીટર ઈંધણને જપ્ત કરી, ડિઝલ ચોરી કૌભાંડને ઝડપી પાડ્યું હતું.

આ અંગે જાણવા મળતી વિગતો મુજબ પેટ્રોલિંગ દરમ્યાન એલસીબીને મળેલી પૂર્વ બાતમીના આધારે આર.ઈ પાર્કમાં સ્થિત ખાનગી એકમની લેબર કોલોનીમાં દરોડો પાડીને એક ટેન્કરની તપાસ કરતાં અંદરથી રૂ.૧૬,૪૩,૩૯૯ની કિંમતનું ૧૮ હજાર લિટર ડીઝલ મળી આવ્યું હતું.

સ્થળ પરથી રાજસ્થાનના બાડમેરના ઝુઝારામ ધનારામ જાટ અને બનાસકાંઠા ડીસાના રાજેશકુમાર ઈશ્વરલાલ મોદીની અટક કરવામાં આવી હતી. આધાર-પુરાવા માંગતા મળી આવ્યા ન હતા.

તપાસ કરતા બહાર આવ્યું કે, તેઓ રસ્તે આવતા-જતા વાહનોમાં ઈંધણ ભરી આપતા હતા.

સરકાર દ્વારા નિયમન થતા પેટ્રોલિયમ પ્રોડક્ટનો કોઈપણ પ્રકારના ફાયર સેફ્ટીના સાધનો વગર સંગ્રહ કરવામાં આવ્યો હતો અને મંજૂરી લેવામાં આવી ન હતી. આ ટેન્કરમાં રહેલું ડીઝલ પાલનપુરના ભાસ્કર અશોક ભરતીયા (મોદી)નું હોવાની કબૂલાત આપવામાં આવી હતી.

એલસીબીએ ૧૦ લાખના ટેન્કર સહિત ૨૭ લાખનો મુદ્દામાલ કબજે કરી આવશ્યક ચીજવસ્તુ ધારા અને મોટર્સ સ્પીરીટ એન્ડ હાઈસ્પીડ ડીઝલ કંટ્રોલની કલમ તળે ખાવડા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું પી.આઈ વી.બી. પટેલે જણાવ્યું હતું. ■

# કચ્છમાં વિષમ વાતાવરણ વચ્ચે નલિયા ૧૦.૪ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે રાજ્યભરમાં ઠંડીમાં મોખરે

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ કચ્છમાં વહેલી સવારે બે જાકીટ પહેરવા પડે છે, બપોરે તે ઉતારવા પડે છે, અને રાત્રે ધાબળો ઓઢવો પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

એક તરફ બંગાળની ખાડીમાં ઊભાં થઇ રહેલાં લો-પ્રેશરને લીધે કમોસમી માવઠાંનો ભય ઊભો થયો છે તેવામાં લઘુતમ અને મહત્તમ તાપમાનમાં ૨૦થી ૨૨ ડિગ્રી જેટલો તફાવત હાલ પ્રવર્તી રહ્યો છે.

કચ્છના અબડાસા તાલુકાના શીતમથક નલિયા ખાતે લઘુતમ તાપમાનનો આંક ૧૦.૪ ડિગ્રી સે.નોંધવાની સાથે સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ ઠર્યું હતું. જ્યારે કિલ્લેબંધ શહેર ભુજમાં ૧૬ ડિગ્રી જેટલું નીચું અને ૩૨ ડિગ્રી ઉંચુ તાપમાન નોંધાતા લોકોને સવારે અને રાત્રે ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી હતી જયારે બપોરે ધીમા પંખા ચાલુ કરવા પડ્યા હતા.

રાત અને દિવસનાં તાપમાનમાં આવી રહેલા નોંધપાત્ર તફાવતને કારણે તાવ, શરદી-ઉધરસ જેવી વ્યાપક ફરિયાદો જોવા મળી રહી છે.

પાલતુ પ્રાણીઓમાં પણ અત્યારે ચાલી રહેલા ઋતુ સંધીકાળને કારણે ઝાડા-ઊલટી, ધ્રુજારી જેવી તકલીફોનું પ્રમાણ વધ્યું છે. કચ્છના મોટાભાગના શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં વિષમ વાતાવરણ પ્રવર્તી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં દેશના પહાડી રાજ્યોમાં થયેલી બરફ વર્ષાના પગલે મહત્તમ તાપમાનનો આંક નીચે ગગડવાની સાથે સમગ્ર ઉત્તર ભારતમાં કડકડતી ઠંડી પડવાની શરૂઆત થઇ જશે તેમ હવામાન નિષ્ણાતો જણાવી રહ્યા છે. ■

# ગાંધીધામમાં પુત્રીની આત્મહત્યાના આઘાતમાં દુઃખી માતાએ ફાંસો ખાઈને પોતાનો જીવ દીધો

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ કચ્છના ગાંધીધામમાં પુત્રીએ કરેલી આત્મહત્યાના આઘાતમાં માતા હંસાબેન વાલજીભાઈ મતિયા (ઉ.વ.૪૧)એ પણ ગળેફાંસો ખાઈ જિંદગીનો અંત આણી દેતાં પંથકમાં ચકચાર પ્રસરી હતી.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, ગાંધીધામ શહેરના મહેશ્વરી નગરમાં રહેનાર હંસાબેન મતિયાની પુત્રી ખુશાલીએ તાજેતરમાં ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટના બાદ અત્યંત દુઃખી થઇ ગયેલાં હંસાબેને પોતાના ઘરે બાથરૂમના શાવરમાં દુપટ્ટો બાંધીને ગળેફાંસો ખાઈને જિંદગીનો અંત આણી દીધો હતો. કરુણ બનાવની ગાંધીધામ પોલીસે વધુ છાનબીન આદરી છે. ■

# ભચાઉના છાડવાડાના નમસ્કાર તીર્થ દેરાસરમાંથી ૧.૮૫ લાખની તસ્કરી

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ કડકડતી ઠંડીને કારણે સૂર્યાસ્ત બાદ થઇ જતી સ્વયંભૂ સંચારબંધીનો ગેરલાભ લઇ રહેલા તસ્કરોનો તરખાટ યથાવત્ રહેતો હોય તેમ પૂર્વ કચ્છના ભચાઉ તાલુકાના છાડવાડામાં બૃહદ જૈન સમાજના નમસ્કાર તીર્થમાં ત્રાટકેલા તસ્કરોએ ચાંદીના કુંડલ, રોકડ સહિત કુલ રૂ. ૧.૮૫ લાખની માલમતાની ચોરીને અંજામ આપતાં શ્રદ્ધાળુઓની લાગણી દુભાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, નમસ્કાર તીર્થ પરીસરમાં દેરાસરની પથ્થરની જાળી તોડી, કાચની સ્લાઈડિંગ બારી ખોલીને અંદર પ્રવેશેલા બે બુકાનીધારી તસ્કરોએ દેરાસરના ભૂગર્ભના નાગેશ્વર પાર્શ્વનાથ ભગવાનનાં મંદિરનાં તથા દાનપેટીનાં તાળાં તોડી નાખ્યા હતા.

દેરાસરના મેનેજર લલનકુમાર શિવલાલ શ્રીવાસ્તવના જણાવ્યા પ્રમાણે ભગવાન તથા દેવી-દેવતાઓને પહેરાવેલા ચાંદીના બે-સવા બે કિલોગ્રામના પાંચ મુગટ તથા કાનના છ કુંડલ કિં. રૂ. ૧.૭૦ લાખ, ઈમિટેશનના ચાર હાર કિં. રૂ. ૫ હજાર, દાનપેટીના રોકડા રૂ.૧૦ હજાર સાથે કુલ રૂ. ૧.૮૫ લાખની માલમતા તફડાવી ગયા હતા.

સામખિયાળી-ભચાઉ ધોરીમાર્ગ ઉપર આવેલા નમસ્કાર તીર્થમાં સી.સી.ટી.વી. કેમેરામાં બે શખ્સ ચોરીનાં કૃત્યને અંજામ આપતા નજરે પડ્યા હતા.

આરોપીઓએ ઓળખ છુપાવવા માટે ચહેરા ઉપર કપડું બાંધ્યું હતું. ચોરીનો આ બનાવ ગઈકાલે રાત્રે દોઢ વાગ્યાથી ૨.૪૫ વાગ્યાના અરસામાં બન્યો હતો. આ ગુનાનું પગેરું મેળવવા ભચાઉ પોલીસે વિધિવત રીતે ગુનો નોંધીને તસ્કરોનું પગેરું દબાવવા કવાયત આદરી છે. ■

# ₹ એક લાખની લાંચ લેતાં પકડાયેલા અંજારના તત્કાલીન રેન્જ ફોરેસ્ટ ઓફિસર સામે અપ્રમાણસર મિલ્કતનો વધુ એક ગુનો દાખલ

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ બે વર્ષ અગાઉ પૂર્વ કચ્છની લાંચ રુશવત વિરોધી શાખાએ ગોઠવેલાં છટકામાં અરજદાર પાસેથી એક લાખ રૂપિયાની લાંચ સ્વીકારતી વેળાએ રંગેહાથ ઝડપાયેલા અંજાર વિસ્તારના ક્લાસ-૨ તત્કાલીન રેન્જ ફોસ્ટર ઓફિસર જીતુ બટુકભાઈ ઝીંઝાળા વિરુદ્ધ અપ્રમાણસર મિલકત મુદ્દે એઆઈબીએ વધુ એક ગુનો નોંધાવતાં ભ્રષ્ટ સરકારી બાબુઓમા ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

આ મામલે પ્રાપ્ત વિગતો મુજબ, લાંચ રુશવત વિરોધી શાખાએ વર્ષ ૨૦૨૩માં ગાંધીધામના લાકડાનાં વેપારીના ગોડાઉનમાં મંજૂરી વગરનું મટીરીયલ રાખી તેનો વેપાર કરતા હોવાના મામલે એક લાખની લાંચ લેવાના મુદ્દે તત્કાલીન રેન્જ ફોરેસ્ટ ઓફિસર જીતુ બટુકભાઈ ઝીંઝાળા (મૂળ રહે તળાજા, ભાવનગર) (ઉ.વ ૩૫) અને વચેટિયા ધવલ પ્રજાપતિને ઝડપી પાડયા હતા. આ કાર્યવાહી બાદ ફરજમોકૂફ આ અધિકારીની દાહોદ બદલી કરી દેવાઈ હતી.

લાંચ લેવાનાં પ્રકરણમાં પૂર્વ કચ્છ એ.સી.બી.ના ઈન્ચાર્જ પી.આઈ. એલ.એસ. ચૌધરી દ્વારા ચાલી રહેલી તપાસ દરમ્યાન આ અધિકારીની અપ્રમાણસર મિલકતો અંગે તપાસ હાથ ધરાઈ હતી.

જેમાં આરોપીએ પોતાની સરકારી ફરજ દરમ્યાન ગેરકાયદે રીત-રસમો અપનાવીને ૧૦૦.૭૦ ટકા વધુ અપ્રમાણસર મિલકતો પોતાના તથા પોતાના આશ્રિતોનાં નામે વસાવેલી હોવાનું જાણકારીમાં આવ્યું હતું.

આવક કરતા વધુ સંપત્તિ વસાવી હોવાના મામલે પૂર્વ કચ્છ એ.સી.બી.એ આ અધિકારી વિરુદ્ધ વધુ એક ગુનો નોંધી, આ સમગ્ર મામલાની વધુ તપાસ પાટણ એસ.સી.બી.પી.આઈ એમ.જે.ચૌધરી ચલાવી રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું. ■

# કચ્છના ભીમાસર ગામમાં ગાંજાનું ખેતર ઝડપાયુંઃ

## આડેસર પોલીસે ૧૦૪ કિલો લીલો ગાંજા સાથે એક વૃદ્ધની ધરપકડ કરી

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ માદક દ્રવ્યોનું એપિસેન્ટર બની રહેલા કચ્છના સીમાવર્તી રાપર તાલુકાના ભીમાસર ગામે આડેસર પોલીસે ગાંજાના ખેતર પર છાપો મારીને બાવન લાખ રૂપિયાથી વધુની કિંમતનો ૧૦૪ કિલોથી વધુ લીલા ગાંજાનો જથ્થો જપ્ત કરી, અરજણ દેવા કોળી નામના વૃદ્ધ સ્થાનિકની ધરપકડ કરી હતી.

આ કાર્યવાહી અંગે આડેસર પી.આઈ જે.એમ.વાળાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, પૂર્વ બાતમીના આધારે ભીમાસર ખાતેના ખેતર પર દરોડો પાડવામાં આવ્યો હતો જેમાં મોટી માત્રામાં વાવેતર કરાયેલા લીલા ગાંજાના છોડના ઢગલા મળી આવ્યા હતા. કલાકો સુધી ગણતરી હાથ ધરાતાં કુલ ૧૦૪.૩૦૦ કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો, જેની બજાર કિંમત ૫૨,૧૫,૦૦૦ રૂપિયા આંકવામાં આવી છે.

એનડીપીએસ એક્ટ તળે અટકમાં લેવામાં આવેલા આરોપી અરજણને રિમાન્ડની માંગ સાથે અદાલતમાં રજૂ કરવામાં આવશે તેમ પી.આઈ જે.એમ.વાળાએ ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાપર તાલુકાના બારદરગઢ ગામ ખાતેથી હજુ એક દિવસ પૂર્વે જ ૨.૭૬ લાખ રૂપિયાની કિંમતના લીલા ગાંજાના છોડ સાથે એક શખ્સ ઝડપાયો હતો. ■

# ભાવનગરમાં મકાનમાંથી ગાંજાનો જથ્થો ઝડપાયોઃ એક શખ્સની ધરપકડ

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભાવનગરઃ શહેરના રાણીકા વિસ્તારમાં પોલીસે દરોડો પાડી ૧૧૩ ગ્રામ ગાંજા ના મુદ્દામાલ સાથે એક શખ્સને ઝડપી લીધો હતો. ભાવનગર શહેરના રાણીકા વિસ્તારમાં વ્યક્તિ પોતાના ઘરમાંથી જ ગાંજાનુ વેચાણ કરતો હોય તે અંગે બાતમી મળી હતી. આ બાતમીના આધારે, પોલીસે બાતમીવાળી જગ્યા દાંતિયાવાળી શેરીથી પટેલ ફળીમાં મોમાઈ કૃપા નામના મકાનની સામે બે માળનું પાકું મકાન આવેલું છે.ત્યાં અરવિંદ ઉર્ફે નાનું બોઘાભાઈ ચૌહાણના ઘરમાં પોલીસે દરોડા પાડી તેના મકાનમાં ઉપરના માળે જવાની સીડી નીચે આચ્છા ગુલાબી કલરની કપડાની થેલી માંથી પારદર્શક પ્લાસ્ટિકની કોથળીઓમાં પડીકી બનાવી ગાંજો પડ્યો હોય તેથી પોલીસે તેનું વજન કરાવતા ૧૧૩ ગ્રામ ગાંજા સહિત આરોપીને ઝડપી પાડ્યો હતો. આ સાથે જ આરોપી અરવિંદ ઉર્ફે નાનું બોઘાભાઈ ચૌહાણની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. ■

# છેતરપિંડીની અમુક રકમ ભાજપ પાર્ટીફંડમાં પણ ગઈઃ રાજકોટના રાજકારણમાં ધમાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ જિલ્લા પ્રમુખ અલ્પેશ ઢોલરિયા સામે વેપારી મહેશ હીરપરાએ લગાવેલા આક્ષેપોમાં નવા ખુલાસા થઈ રહ્યા છે. એક તરફ ઢોલરિયાએ તમામ આક્ષેપોને રાજકીય ષડયંત્ર ગણાવ્યું છે અને વેપારી પર રૂ. ૧૦ કરોડનો દાવો પણ કર્યો હતો. ક્રિપ્ટો કરન્સીના નામે અને શૅરબજારમાં પ્રોફિટ કરી આપવાના બહાને રૂ. ૪.૨૮ કરોડની છેતરપિંડીનો આક્ષેપ ઢોલરિયા સહિત પાંચ સામે કરવામાં આવ્યો હતો. વેપારીએ હવે કહ્યું હતું કે મુંબઈના વેપારી હરીભાઈ પટેલને ભાજપ કાર્યાલયમાં બોલાવવામાં આવ્યા હતા અને ગર્ભિત ધમકીઓ આપી પૈસા પડાવવાની કોશિશ થઈ હતી. ઢોલરીયાને મળેલી રકમમાંથી અમુક નાણા ભાજપના પાર્ટી ફંડમાં ગયા હોવાનો ગંભીર આક્ષેપ પણ તેણે કર્યો હતો.

ઢોલરિયાએ દાવો કર્યો હતો કે આ લોકોને હું ઓળખતો પણ નથી ત્યારે હીરપરાનું કહેવાનું છે કે જો ઓળખતા ન હતા તો ભાજપના કાર્યાલયમાં જ દોઢ કલાક માટે બેઠક શા માટે કરવામાં આવી હતી.

ઢોલરિયાએ આ મામલે જણાવ્યું હતું કે તેમને વડતાલ સ્વામિનારાયણ મંદિરના મહંત નૌતમ સ્વામીનો મને ફોન આવ્યો હતો કે હરિભગત એવા મુંબઈના વેપારીની મદદ કરજો આથી હું બે જણને કાર્યાલયમાં મળ્યો હતો. આ બન્નેએ દર્પણ બારસીયાનું નામ લીધું હતું. હું દર્પણને ઓળખું છું અને મેં દર્પણને આ મામલે કહ્યું હતું ત્યારે તેણે વેપારીઓ પાસેથી પૈસા લેવાના બાકી હોવાનું જણાવ્યું હતું.

હવે આ મામલે એકબીજા પર આક્ષેપો-પ્રતિઆક્ષેપો થઈ રહ્યા છે ત્યારે મામલો રાજકીય વર્તુળમાં ચર્ચાનો વિષય બની રહ્યો છે. ■

# રાજકોટમાં યુવાન મહિલાની હત્યા, માથું છુંદાયેલી હાલતમાં મૃતદેહ મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં લગભગ દરરોજ ગંભીર ગુનાઓ નોંધાતા રહે છે. શહેરના બેડી ચોકડી પાસે આવેલા ભગવતીપરા વિસ્તારમાં ફરી એક મહિલાનો મૃતદેહ મળતા પોલીસ દોડતી થઈ હતી. મૃતક મહિલાનો માથું છુંદાયેલો મૃતદેહ મળ્યો હતો અને તેમના શરીર પર તીક્ષ્ણ હથિયારના ઘા પણ ઝીંકાયા હતા.

મૃતક મહિલા ૩૩ વર્ષીય સ્નેહા હિતેશભાઈ આસોડિયા હોવાનું જાણવા મળ્યું હતું. ભગવતીપરામાં કોપરગ્રીન સોસાયટીમાં રહેતી મહિલાએ શનિવારે મોડી સાંજે પતિને ફોન કરી જણાવ્યું હતું કે તે પાણીપુરી ખાવા જઈ રહ્યા છે અને ફેક્ટરીથી પાછા આવતા તેમને સાથે લેતા જાય. જોકે પતિ પરત આવ્યા હતા, પરંતુ પત્ની મળી ન હતી. જ્યારે રવિવારે સવારે તેમનો મૃતદેહ તેમના ઘરથી ૨૦૦ મીટર દૂર મળી આવ્યો હતો. આ ઘટનાની જાણ થતાં રાજકોટ પોલીસ કમિશનર બ્રિજેશ કુમાર ઝા સહિતના અધિકારીઓ દોડી આવ્યા હતા. પોલીસે વિશેષ તપાસ હાથ ધરી હતી.

તેમના પતિએ જણાવ્યું હતું કે મેં તમેને શોધી હતી, પરંતુ તે મળી ન હતી તેથી હું ઘરે પાછો આવ્યો ત્યારે ઘરમાં તેનો મોબાઈલ ચાર્જિંગમાં પડ્યો હતો. પતિએ કહ્યું હતું કે તેમની વચ્ચે સામાન્ય એવા ઝઘડા થતા હતા, પરંતુ પત્નીનું આ રીતે મૃત્યુ ખૂબ આઘાતજનક છે. દંપતીને બે વર્ષનો એક દીકરો હોવાનું પણ જાણવા મળ્યું હતું. ■



(પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ભાવનગરના માંડવી ગામે ચામુંડા માતાના મંદિરમાંથી છત્તરની ચોરી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગરઃ જિલ્લાના ગારિયાધાર તાલુકાના માંડવી ગામે રહેતા મહિપતભાઈ મગનભાઈ ડુમરાળિયાએ ગારિયાધાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમના ગામમાં પોતાના કુળદેવી ચામુંડા માતાનો મઢ આવેલો છે તેમાં તેઓ સેવા પૂજા કરે છે. માતાજીના મંદિરે આરતી-પૂજા કરી મુખ્ય દરવાજે તાળું મારી ગયા હતા, તે દરમ્યાન માતાજીના મંદિરમાં ચડાવેલા સોના ચાંદીના છત્તર ૨ અને ચાંદીનો મુગટ અંદાજે કિંમત ૧ લાખ ૩૧ હજારનો મુદ્દા માલ કોઈ અજાણ્યો ચોર ચોરી ગયો હોય તેવી ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. ■

# અમરેલીના સાંસદે હૈયાવરાળ ઠાલવીને વિરોધીઓને સહન કરવા તૈયાર રહેવા કહ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલીના સાંસદ ભરત સુતરિયાએ બાબર નગરપાલિકાની ઈમારતના લોકાર્પણ કાર્યક્રમમાં પોતાના લોકસભાની ચૂંટણીના દિવસો યાદ કર્યા હતા અને પોતાના વિરોધીઓને હવે સહન કરવાની તૈયારી રાખવા કહ્યું હતું. લોકસભાની ચૂંટણી સમયે મને બધાએ ઘેરી લીધો હતો અને જે મેં ક્યારેય નથી ખાધું તેનું હું સેવન કરું છું તેમ કહ્યું હતું. તેમણે કહ્યું કે હું ખેડૂતનો દીકરો છું અને અમે ખેતી કરી જાણીએ છીએ, ભેળસેળવાળું નથી ખવડાવતા, તેમ તેમણે જણાવ્યું હતું.

સાંસદ પોતાની વાત કરતા શાયર બની ગયા હતા અને તેમણે શાયરી પણ કહી હતી કે કયું ના મેં બદલું તુમ વહી હો કયાં, માના મેં ગલત હું તુમ સહી હો કયાં. આ સાથે તેમણે અમરેલીમાં વિકાસના કામો ઘણા થઈ રહ્યા છે અને વિકાસ દેખાઈ રહ્યો છે, તે માટે તમામ ટીમને અભિનંદન પણ આપ્યા હતા.

# આજે મુખ્ય પ્રધાનને આવકારવા જામનગર સજ્જ, ₹ ૬૨૨ કરોડના વિકાસકાર્યોની ભેટ આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સોમવારે એટલે કે આજે જામનગરની મુલાકાતે આવી રહ્યા છે. મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલ આજે સૌરાષ્ટ્રના સૌથી મોટા ફ્લાયઓવરનું લોકાર્પણ કરશે અને કુલ રૂ. ૬૨૨.૫૨ કરોડના વિકાસકામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે. ૫૪ કામના ખાતમુહૂર્ત અને ૧૫ કામના લોકાપર્ણ થશે. જામનગર મહાનગરપાલિકા હસ્તકના રૂ. ૩૩.૮૯ કરોડના કામો, પશુપાલન વિભાગના ૧૩ કામો, માર્ગ અને મકાન વિભાગના રૂ. ૬૪.૦૩ કરોડના ૩૪ કામો, પોલીસ વિભાગનું રૂ. ૨૦.૩૬ કરોડનું એક કામ વગેરેનો સમાવેશ થાય છે.

આજના કાર્યક્રમ માટે રવિવારે, એરપોર્ટથી સાત રસ્તા બ્રિજ અને સભા સ્થળ સુધી ૩૦ જેટલી કારના કાફલા સાથે રૂટનું રિહર્સલ કરવામાં આવ્યું હતું.

મુખ્ય મંત્રીના આગમનને પગલે જામનગર વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર દ્વારા સુરક્ષા અને વ્યવસ્થાની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. દરમિયાન મુખ્ય પ્રધાને એક પરિવારની વિનંતીને માન આપી કાર્યક્રમના સ્થળમાં ફેરફારનો આદેશ આપ્યો હતો. ■

# રાજસ્થાનના જાટ યુવકના અપમૃત્યુ મામલે એસટીટી કરશે તપાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પૂર્વ વિધાનસભ્ય જયરાજસિંહના પુત્ર ગણેશ જાડેજાને સુરેન્દ્રનગર પોલીસ અધિક્ષકનું તેડું આવતા ફરી સૌરાષ્ટ્રનું રાજકારણ ગરમાયું છે. મૂળ રાજસ્થાનના અને આશરે ૩૦ વર્ષથી ગોંડલમાં ત્રણ ખૂણિયા પાસે શ્રીજી પાંઉભાજી નામની દુકાન ધરાવતા રતનભાઈ ચૌધરી (જાટ)ના ૨૪ વર્ષીય પુત્ર રાજકુમાર જાટના અપમૃત્યુ બાદ ગણેશ જાડેજા સામે આક્ષેપો થયા હતા.

યુવકના પરિવારે આ મામલો પહેલા રાજકોટ કોર્ટ અને ત્યારબાદ ગુજરાત હાઈ કોર્ટ સુધી પહોંચાડ્યો હતો. હાઇ કોર્ટના આદેશ બાદ, આ કેસની તપાસ રાજ્ય સ્પેશિયલ ટાસ્ક ટીમને સોંપવામાં આવી છે. ■

# ભાવનગરમાં ૬૧ કરોડના ખર્ચે વધુ બે સ્પોર્ટસ કોમ્પ્લેક્સ બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગરમાં યુવાઓ અલગ અલગ ગેમ્સ રમી શકે અને આગળ વધી શકે તે માટે મહાનગરપાલિકાએ ૬૧ કરોડના ખર્ચે પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં એક એક સ્પોર્ટસ કોમ્પલેક્સ બનાવવા કાર્યવાહી શરૂ કરી છે. આ બંને સ્પોર્ટ્સ કોમ્પ્લેકસમાં ગ્રાઉન્ડ ફલોર, ફર્સ્ટ ફલોર, ટેરેસ પર તથા બેઝમેન્ટ/લોઅર ગ્રાઉન્ડ ફલોરમાં વિવિધ ઇન્ડોર રમતો માટે આયોજન થયેલું છે.

ભાવનગર શહેરમાં પૂર્વ વિસ્તારમાં એરપોર્ટ રોડ નજીક રૂવા ટી.પી. સ્કીમ નં.-૮ માં ૧૩,૬૦૦ ચો.મી. એરિયામાં અંદાજિત રૂપિયા ૨૮.૫૭ કરોડના ખર્ચે તથા પશ્ચિમ વિસ્તારમાં ફુલસર ટી.પી.નં.૨/એ માં ૧૯૦૦૦ ચો.મી. એરિયામાં અંદાજિત રૂપિયા ૩૨.૪૫ કરોડના ખર્ચે સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બનાવવા ટેન્ડર પ્રક્રિયા થયેથી સરકારની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાન્ટ માંથી બંને સ્પોર્ટ્સ કોમ્પ્લેકસ બનાવવામાં આવશે.

આ અંગે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન રાજુ રાબડિયાએ જણાવ્યું હતું કે ભાવનગર મહાનગરપાલિકા શહેરીજનોને વિવિધ પ્રકારની તમામ સુવિધાઓ મળતી થાય તે અંગે સતત પ્લાનિંગ સાથે આગળ વધી રહ્યું છે. ભાવનગર શહેરના યુવાઓ તથા બાળકોને આગામી સમયમાં ઉચ્ચ કક્ષાનું તથા શ્રેષ્ઠતમ સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રકચર મળનાર છે ત્યારે શહેરમાં તમામ વયના લોકોને જરૂરિયાત મુજબની બધી જ સુવિધાઓ-સગવડતાઓ શ્રેષ્ઠ કવોલિટી સાથે મળતી થાય તે માટેના વિવિધ પ્રોજેકટસ અંગે મહાનગરપાલિકા દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. ■